


# શ્રી દેવમ્ ભજન દર્શન

પૂજ્ય શ્રી દેવારામબાપા રચિત પદ્યકૃતિઓનું સંકલન

# શ્રી દેવમ ભજન દર્શન


સાખી ........................................................ 1

આરતી ........................................................ 10

જય અખંડ ગુરુદેવ, આનંદ ઉર આવે ........................................................ 10

જય હો જય હો જય ગુરુદેવા, કરું તમારી સેવા ........................................................ 10

પ્રેમે ભજે સદ્‌ગુરુ શ્યામ, પામ્યા નિજનામ ........................................................ 11

આરતી સૂણીલ્યો સંતો રણુંકાર, મટે ભટકાર, પડે ટંકશાળ ........................................................ 11

ધોળ ........................................................ 12

સખી મહાધર્મને જાણવા, સેવવા સદ્‌ગુરુના ચરણ ........................................................ 12

સખી મૂળ રે ધર્મ એક છે, જે સત્ય સનાતન કહેવાય ........................................................ 12

સખી સુરતા રાખો સદ્‌ગુરુ શ્યામમાં, બિરાજે નિજઘટની માંય ........................................................ 13

સખી હરદમમે હરિને સમરતા, મારા ટળી ગયા ત્રિવિધિ તાપ ........................................................ 13

સખી આજ આનંદ મારા ઉરમાં, મનડુ થયું છે ભરપૂર ........................................................ 14

સખી ચાલોને ગુરુજીના દેશમાં, ત્યાં નિત નિત નવલો આનંદ ........................................................ 14

સખી શુદ્ધ રે મારગ મારા શ્યામનો, જેમાં ચાલે સંત સુજાણ ........................................................ 15

સખી સદ્‌ગુરુ ચરણ સેવતા, મટે આવાગમનનું દુઃખ ........................................................ 15

સખી અનાદિ ધર્મ એક છે, જે સમજ્યા ગુરુની સાન ........................................................ 16

પ્રથમ પૂજુ મારા ગુરુજીના પાવ, મૂક્તિપદ માણવા ........................................................ 16

મારે હૈયે હરખ ન માંય, અમ ઘેરે સંત પધારિયા ........................................................ 17

મારે આંગણિયે આનંદ થાય, ગુરુજી પધારિયા ........................................................ 17

જેના પુરાણ કરે છે પોકાર, નિરંજન માળા મેં પહેરી ........................................................ 18

હું તો પરણી પ્રભુ તમ સાથ, પ્રીતમ સદા પાળજો ........................................................ 18

જેમાં નહિ થાપ ઉથાપ, ધર્મ ધજા ફરકતી ........................................................ 19

જેમાં સંશય નહિ લગાર, આનંદ આઠે પહોર રહે ........................................................ 19

ગુરુ ઉગારામ રહ્યા છે પડકારી રે, ભક્તિ નામની ઝાલરી વગાડી રે ............................ 20
મૂળ ભક્તિના ભેદ કોઈ જાણે રે, મહાપદના સુખ એ જન માણે રે .............................. 20
આ અવસર આવ્યો મજાનો, ભરીલે અખૂટ ખજાનો .................................................21
ઝીલણિયા .................................................................................................. 21
દીધા નિશાન સ્વર્ગે સિધાવ્યા રે, કીધા વેણ તે કોઈએ નવ જાણિયા રે .........................21
આવડી આવડી આવડી રે, જેને હરિ ભજ્યાની રીત આવડી...................................... 22
જાણિયું જાણિયું જાણિયું રે, જેણે મહાપદને જાણિયું રે ............................................ 22
આજે આનંદ મંગલ વરતાય, ઉગારામ આવ્યા છે આંગણે......................................... 23
તમે જો જો ભણકારા ઉગારામના રે, જેના પરચા પહોંચ્યા ધામે ધામમાં રે....................... 23
ગુણ ગાવું હરજીવનરામના રે, જેણે ડંકા દીધા સતનામમાં રે...................................... 24
ધન્ય કૃપા હરજીવનરામની રે, જેણે પરખ કરાવી નિજનામની રે................................. 24
ધન્ય ધન્ય હરજીવનરામને રે, જેણે દીધા અભયદાન અમને રે..................................... 25
ધન્ય ગુરુ હરજીવનરામને રે, મોહ નિદ્રાથી જગાડ્યા અમને રે ..................................... 25
ધન્ય ધન્ય હરજીવનરામને રે, જેણે જગાડ્યા મામૈયાપીરને રે...................................... 26
સખી સૌથી મોટું નામ, જે કોઈ જાણે રે ................................................................ 26
સખી ચાલોને સહિયરું મોરી, સત્સંગ કરિયે રે ........................................................ 27
સખી ચાલોને સજની મોરી, દર્શન કરિયે રે............................................................ 27
ભજન ....................................................................................................... 28
પ્રથમ સમરું ગુણપતિ દેવા, વિઘ્ન હરો અમારા એવા હે જી ........................................ 28
ગુણપતિ લાડુના પ્યાસી, ખટ્સો લાડુ ખંતે ખાઈ હે જી ............................................. 28
ગુરુ બિન નહિ સમજાઈ સંતો, ગુરુ બિન નહિ સમજાઈ હે જી ...................................... 29
સંતોએ મન જીત્યા જગતમાં, સંતોએ મન જીત્યા હે જી ............................................ 29
અજર અમર આ નામ છે, જેનો કદી નહિ નાશ હે જી ................................................ 30
અબ તો અભયપદ પાયા સંતો, અબ તો અભયપદ પાયા હે જી ..................................... 30

પરિબ્રહ્મ કો પાયા સંતો, પરિબ્રહ્મ કો પાયા હે જી ........ 31
ખરો ખેલ ખેલો ખેલાડી, ખેલ જાવો ખાટી હે જી ........ 31
વચન કા પ્રકાશા સર્વે, વચન કા પ્રકાશા હે જી ........ 32
નામ ધૂન અખંડ લાગી, મને ગુરુ મળ્યા સુહાગી રે હે જી ........ 32
મંથન કરો મનમાંહી સંતો, મંથન કરો મનમાંહી હે જી ........ 33
સમજણથી શાંતિ આવે, થાય અનુભવ આ વાર હે જી ........ 33
મેલી દિયોને ચાળા મૂરખ મન, મેલી દિયોને ચાળા હે જી ........ 34
ભક્તિ કરવાનો ભાવ બતાવે, નિત સત્સંગમાં જાઈ હે જી ........ 34
સમજને ઘેલા પ્રાણી, તારા દિવસો જાય છે ખાલી હે જી ........ 35
મુવા ટાણે મંડાણો ભજવા, હવે ઉગરવા સારું હે જી ........ 35
ઉગ્ર સ્વભાવના આળસુ મોટા, અજ્ઞાન ઉંઘે ઘેરાયા હે જી ........ 36
આળસુ પ્રમાદી થઈ શું બેઠા, ખેલ ખેલોને ખેલાડી હે જી ........ 36
જળ કમળવત્ સદા રહેતા, જેને સ્પર્શે નહિ કદી વારી ........ 37
આનંદ પ્રગટ્યો ઉરમાં, મળ્યા સદ્‌ગુરુ શ્યામ ........ 37
સદ્‌ગુરુ મારા દીન દયાળા, ભવજલ તારણહાર ........ 38
ગુરુ વણજારા વણજ કરે, આદિ અનાદિ વેપારી ........ 38
પડદા બાંધી કરે પથારી, યોગ સાધવા બેઠા ........ 39
હરદમ જપો અજંપા જાપને, લગાડી અંતર ધ્યાન ........ 39
જેનો વિચાર હોય જેવો, તેવો તેનો રંગ ........ 40
સમાજ આખો સમજવા ધારે, રાત દિવસ મારે ફાંફાં ........ 40
પેટી બનાવી પ્રીતે કરીને, તેમાં ખાના નાખ્યા છે બે ........ 41
દોકડ બન્યું ખરા ભાવનું, અવાજ કરે બહુ સારો ........ 41
અનાદિ ધર્મ એક છે, નહિ દ્વૈત પ્રપંચ કાંઈ ........ 42
ભાવે ભજો સદ્‌ગુરુ દેવા, ભટકવું નહિ ભવ માંઈ ........ 42

રહો સદાય એકરૂપે, જે હૃદય મંદિરે ભાસે ........ 43
અજબ બન્યું આ શહેર, શહેરની શોભા ભારી ........ 43
જાણી સાચી વાત, ગુરુગમને ધારી ........ 44
મેલી દેને આંટી મનવા, અવસર જાય છે વહ્યો ........ 44
આવો સંતો વર્તમાનમાં, રાખે સદ્‌ગુરુ ધ્યાન ........ 45
સદ્‌ગુરુ છે સુખના ધામ, જેણે સુધાર્યા સર્વ કામ ........ 45
પ્રગટ પ્રમાણ સદ્‌ગુરુના, શરણે જાતા કરે ઉગારો ........ 46
ભજન કરી લે સદ્‌ગુરુનું, મેલને બીજી વાતું ........ 46
મોંઘા મૂલથી મનખો મળ્યો, મળતા ભૂલ્યો ભાન ........ 47
મટી આંટી અવિદ્યાની, સદ્‌ગુરુ મળિયા સુજાણ ........ 47
મને મળ્યા સદ્‌ગુરુ શ્યામ, પૂર્વની કમાયે ........ 48
ગુરુ ખેવટિયા ભારી, ઉતારે ભવજલ પારી ........ 48
ભજન કર્યે ભય જાય સંતો, ભજન કર્યે ભય જાય ........ 49
ભજન છે સુખકારી સંતો, ભજન છે સુખકારી ........ 49
હઠીલું મન સમજે નહીં, ભલે કોટી કરો ઉપાય ........ 50
દેખો આચારીના ખેલ, જેણે ભક્તિ કરી છે ફેલ ........ 50
જો જો કળજુગના સંતો, બાના ધરાવે છે મોટા ........ 51
તપેલા તવા જેવા કાળજા, ઉકળેલ આંધણ જેવા ........ 51
જાગ્યા તે તો જગ જીત્યાને, રહ્યા અમર સદાઈ ........ 52
પ્રગટ પરમેશ્વર બિરાજે, તુજ ઘટની માંઈ ........ 52
નામ નોબત ઘટમાં વાગે, પલપલ હુવો ઝણકારો ........ 53
આ છે ગુરુની વણજાર, માલ ભર્યો છે અપાર ........ 53
જુગ બંધનની જેલ એમાં, ભલભલા જઈને પડેલ ........ 54
અજ્ઞાન દશાથી જાગો, સદા ગુરુચરણને માંગો ........ 54

વણજું કરજો વિચારી મનવા, વણજું કરજો વિચારી ........ 55
ગુરુ મળ્યા પણ ગમ ન લીધી, મનવા અવળી મતિ કીધી ........ 55
સદ્‌ગુરુની સમજણ વિના, બગાડ્યા સર્વ કાજ ........ 56
પાણી રેડે ને પાછા વળે, જઈને ગોંદરે ઢોળે ........ 56
સદ્‌ગુરુ શ્યામ છડીદાર, જેની કળા અપરંપાર ........ 57
મને મળ્યા સદ્‌ગુરુ શ્યામ, ઓળખાવ્યો આતમરામ ........ 57
ગુરુ હીરાની ખાણ, એવી થઈ ગઈ જેને જાણ........58
ભવ તરવાના નાવ ગુરુ, ઉતારે સહેજે પાર........58
ધન્ય ધન્ય ઉગારામ, તમારી કળા અપરંપાર ........ 59
બનાવ્યું તરઘરી ધામ, ત્યાં બિરાજે ગુરુ હરિરામ ........ 59
ધન્ય હરજીવનરામ, અમારા સફળ કર્યા કામ ........ 60
ધન્ય ધન્ય તરઘરી ગામ, અવતાર લીધો હરજીવનરામ ........ 60
સદ્‌ગુરુ સુખના ધામ, જેણે આપ્યું અનામી નામ........61
ધન્ય ધન્ય ગુરુ અમારા, કરુણાસાગર કિરતારા ........61
હાલો મન સદ્‌ગુરુને દ્વાર, ગુરુ બતાવે મોક્ષ દ્વાર ........ 62
દેહમાં દર્શાણા અવિનાશી, હવે મટી ચોરાસી ફાંસી ........ 62
હે વીરા વાટે ચાલો, તમે સાચા વેપારી ........ 63
હરદમે હરિને જાણ, નહિ પાષાણ પિતળમાંય ........ 63
સત્સંગમાં છે સાર, પકડ ગુરુવચન આધાર ........ 64
અમને ભેદ બતાયા ગુરુએ, સત્ય નામ ઓળખાયા ........ 64
બીજ ધર્મનો મહિમા મોટો, જેને વખાણે વેદ ને વાણી હે જી ........ 65
આવે ભવસાગરનો આરો, હરિજનો આવે ભવસાગરનો આરો હે જી ........ 65
સંતો છે તારણહારા, જગતમાં સંતો છે તારણહારા હે જી ........ 66
સંતો છે તારણહારા હરિજનો, સંતો છે તારણહારા હે જી ........ 66

અજબ યુદ્ધ મંડાણા સંતો ભાઈ, અજબ યુદ્ધ મંડાણા હે જી ........................................ 67
રુદિયે હિંમત ધરિયે હરિજનો, રુદિયે હિંમત ધરિયે હે જી ........................................ 67
ભક્તોની કરવા સહાય ભીડભંજન, ભક્તોની કરવા સહાય હે જી ............................... 68
રાખો ઘરની તકેદારી સંતો ભાઈ, રાખો ઘરની તકેદારી હે જી ....................................... 69
જોઈ લ્યો લક્ષણ સંતના, શીતળ છે જેના અંગ ........................................................ 70
મળે નહિ જો સંતનો સંગ તો, કાયા મળી શું કામની? ................................................ 70
ભટકાર મટે સદ્‌ગુરુ થકી, જો પકડે શબ્દની દોર ....................................................71
અકળકળા સદ્‌ગુરુદેવની, છે અનંત ને અપાર ........................................................71
સદ્‌ગુરુએ બતાવી સહેજ વાત, આ ઘટની માંહી........................................................ 72
સદ્‌ગુરુ શ્યામ તારણહાર, સહેજે ઉતાર્યા ભવપાર.................................................. 72
રાત દિવસ કરે દેકારા, પ્રભુ સાંભળતા કેમ નથી? ................................................. 73
ખોજ કરો આ દિલની માંહી, હર દમેદમ નિહાળી..................................................... 73
કહે વ્રજવાસી સૂણો મીરાબાઈ, અમે છિયે બ્રહ્મચારી ............................................. 74
કહે મીરાબાઈ સૂણો વ્રજવાસી, સ્ત્રી પુરુષમાં શું ભેદ? ........................................... 74
જય જય ગુરુદેવ, સદા જયકાર બોલે......................................................................... 75
મનડું થયું છે એકાકાર, ગુરુપદને ભાળે ................................................................... 75
કાં ફરો મસ્તાના સંતો, કાં ફરો મસ્તાના .................................................................. 76
અખંડ નામમાં ધૂન લગાવો, દીદાર પાવો તો પાવો ................................................. 76
સદ્‌ગુરુ કહે સાચી વાત, સમજે ચતુર નર કોઈ ........................................................ 77
અયોધ્યા પતિ રામ પધાર્યા, ઘટોઘટના રમનારા....................................................... 77
સતનામની સમશેર બાંધીલે, બાનું બરછી હાથ ધરી ................................................ 78
સદ્‌ગુરુ સંત મુજને મળિયા, જૂનો ધર્મ ઓળખાવ્યો ................................................ 78
ધમણ ધમી લે મન પવનથી, ઉનકી ગતિ હે ન્યારી ................................................... 79
સાચા સંતો કપટ રહિત છે, ધર્મ સમજાવનહારા ...................................................... 79

જરા જોને વિચાર કરી, કાળ આવે છે ઝપટ કરી ........ 80
આત્મ અનુભવની વાત છે એવી, સૌને સમજવા જેવી ........ 80
ધન્ય ધન્ય સદ્‌ગુરુ શ્યામ, તમારી કૃપાનો નહિ પાર ........ 81
ભાવ ધરી ભગવાન ભજીલે, તૂટે કર્મની જાળ ........ 81
તારા તન તકિયાને સંભાળ, આમાં કોણ કરે છે ભણકાર ........ 82
છે પરાની પાર, જૂનો ધર્મ લ્યો જાણી ........ 82
આ છે પાગલની વાતુ, મૂરખને નથી સમજાતું ........ 83
પવન પુરુષ છે પ્યારો હરિજનો, પવન પુરુષ છે પ્યારો ........ 83
મનવા છોડી દે વાદ વિવાદ, તારું નિજ રૂપ વિચાર ........ 84
અભિમાનથી અળગો રહું, નિર્મળતામાં નિત ........ 84
દુનિયામાં એવા નર દુઃખદાઈ, જેને લાજ શરમ નાહીં ........ 85
દીધા સત ભક્તિના દાન, પ્રગટ્યા સંત રે મહાન ........ 85
દેખો ગુરુજી કા મહેલ, શોભા કેવી બની છે ભારી ........ 86
સદ્‌ગુરુ દાતા દીન દયાળા, અમૃત ભોજન પાતા ........ 86
ધ્યાની સમજે ધ્યાનને, ધ્યાતા ધ્યેયમાં સમાઈ ........ 87
જાગી જ્યોત સતજ્ઞાને, મટી રેન અંધેરી ........ 87
મને લગની ગુરુ સે લાગી, મારી ભે ભ્રમણા ભાંગી ........ 88
લાગી રે મને લાગી, લોહ લગની લાગી ........ 88
આવો દયાળુ આંગણે મારે, વાટ જોવું છું વારી વારી ........ 89
હું તો સજી શણગાર પ્રભુ, શામળિયા તમ કાજે ........ 89
દર્શન દેવા પધારો વાલા, સદ્‌ગુરુ અંતર્યામી ........ 90
જુઓ ભક્તિના પ્રમાણ, ગુરુ આવ્યા અમ દ્વારે ........ 90
લેજો લક્ષ ઉર આણી સંતો, લેજો લક્ષ ઉર આણી ........ 91
ખોજો અપના તન, આમાં અવાજ કરે છે ભારી ........ 91

મન સેવી લે સદ્‌ગુરુ શ્યામ, શુદ્ધ વિચારે ........ 92
તારા ઘટમાં છે નિજનામ લેને જાણી, પલપલ કરે ઉચ્ચાર મધુરી વાણી ........ 92
જરા વિચાર કરીને જો, તારા મનમાંહી ........ 93
કરો સદ્‌ગુરુનું ધ્યાન, પ્રેમ ઉર આણી ........ 93
મેલ જંજાળ જગત કેરી, ખટપટથી થાને અળગો ........ 94
વિચારી જુઓ મનમાંહી, જગમાં શું કહેવાય સારું ........ 94
મારા તનડામાં લાગી તાળી, આમાં દેવસભા મેં ભાળી ........ 95
ધન્ય ધન્ય હરજીવનરામ, ઓળખાવ્યા નિજનામ ........ 95
ગુરુએ હાથ જાલ્યો મારો, મને માર્ગ બતાવ્યો સારો ........ 96
છે મુસાફરી ભવસાગરની, સહેજે ઉતરવા પાર ........ 96
જુઓ સંતોના બોલ, જેના મોંઘા છે મૂલ ........ 97
ગુરુ મહિમા અપાર, જેનો વેદ ન પાવે પાર ........ 97
આવો ને વીરા આ વાર, હરિ ગુણ ગાવો ........ 98
સંતો સેવો સદ્‌ગુરુ શ્યામ, હૃદયમાં પ્રેમ ધરીને ........ 98
નહિ રે ચડે ભાઈ, નહિ રે ચડે ........ 99
નહિ મળે અવસર નહિ મળે ........ 99
પધારો સંતો વાયકે, સમજી નિજ ધર્મનો મહિમાંય હાં હાં ........ 100
વાયક ઝીલો સંતો હેતે કરી, કરી વચનનો તોલ હાં હાં ........ 100
હે જી સંતો ભાવે ભજો ગુરુદેવ, ભટકવું ન પડે ભવમાં રે ........ 101
હે જી સંતો વાયક લેજો સંભાળી, શુદ્ધ હૃદયના ભાવે રે ........ 101
હે જી સંતો ભાવે ભજો ભગવાન, આવરણ આવે નહિ રે ........ 102
સંતો ભાઈ હાલો ગુરુજીના દેશમાં, સ્વાતિ વરસે સાચા મોતીએ રે ........ 102
દીધો ઉપદેશ દયા કરીને, કૃપા કહી ન જાય ........ 103
દાદા સમજાવે કથાનો સાર, જેમ વરસે અમૃતની ધાર ........ 103

એવો અજર પ્યાલો પીધો રે, સદ્‌ગુરુ શબ્દ તણો....104

એવા સદ્‌ગુરુ મારા પ્યારા રે, દિલમાં દીધા દીદારા....104

એવા પ્રીતમ પોતે પધાર્યા રે, આજ દેવાને દીદાર....105

સમજીને ચાલજો ભાઈ, જોઈ જોઈ પગલાં ભરજો....105

તમે સૂણી લ્યો સંત નિરધાર, સદ્‌ગુરુ ઉતારે ભવપાર....106

મેલી દે મનની તાણાવાણ, જીવ તું હેતે કરીને જાણ....107

શું કરવા આવ્યો સંસારમાં, જીવ તું એનો કર વિચાર....107

મૂરખ તારી જિંદગીને જાણ, અવસરિયે કરી લે ઓળખાણ....108

કાયાને કાચી જાણ, શીદને લોભાણો જીવ તેમાંય....108

તુને રંગ ન લાગ્યો પ્રાણી, તારી જિંદગી થઈ ધૂળધાણી....109

જીવડા જોને વિચારી, જાવું પડશે વસમી વાટે....109

તને મળ્યો મનુષ્ય અવતાર, અવસર રૂડો આવ્યો....110

દીપોત્સવી ભજનો....111

નૂતન વર્ષ નિત નવું, આનંદ હોય અપાર....111

જય જય ગુરુદેવ, સદા જયકાર નામનો બોલે....113

દિલ દિલ દીપોત્સવી, પ્રગટી દીપમાળ....114

દિવાળીએ જુઓ દિલ ભીતરે, પ્રગટ પ્રભુ બિરાજે....114

જય જય ગુરુદેવને, જે પરિબ્રહ્મ પોતે....115

નૂતન વર્ષ નિત્ય નવું, એકમ એકરૂપ....115

મટાડી મનનો અંધકાર, મમતાને મિટાવી....116

દિવાળી આવે ને જાવે, અમૂલ્ય આયુષ્ય લઈ જાવે....116

કક્કો - ભજન....117

કક્કા કર આત્મ વિચાર, તો સમજાય સાચો સાર....117

સુદ તિથિ ભજન....121

સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો, નિત નિત દર્શન દેજો ............ 121

વદ તિથિ ભજન ............ 123

એવી તિથિ ગાઈએ ગુરુગમ જ્ઞાનથી, સમજવા સત્યજ્ઞાનનો સાર ............ 123

બારમાસ - ભજન ............ 125

જીવડા તું તારો કરી લે વિચાર, આ વખત વયો જાય છે રે ............ 125

અપદ્યાગદ્ય ............ 127

કળજુગમાં સતજુગ વર્તાવ્યો, કાઢી પ્રપંચ પાખંડ અપાર ............ 127

સમજાયો સાનમાં, ગુરુગમ જ્ઞાનમાં ............ 128

જુઓ સંસારનો રાહ, ઘડીએ ઘડીએ પલટાય છે ............ 129

નાથ નિવાજ્યા દયા લાવી, પૂર્વ તણી રીતે ............ 130

પ્રીતમજી પાતાળે પોઢ્યા,સાગરમાંય ............ 132

હરિ ગુરુદેવને સમરિયે, પ્રથમ લાગુ પાય ............ 134

જય જય ગુરુદેવ, જેણે મટાડ્યો સર્વ વહેમ ............ 136

હે માતા એવો ક્યો ભાવ, પાકું મૂકી કાચું ખાવ ............ 137

ખોટી મનડાની આશ, ઉદ્યમ ઘણાં આદરે ............ 138

વિગત કરી લે સાચી વાતથી, મનુષ્ય દેહ ઓળખાશે ............ 138

બધી ખોટને પોસાય, બાજી હરિ હાથની ............ 139

સંત છે તરવાનું નાવ મારા હરિજનો, સંત છે ભવસાગર તરવાનું નાવ ............ 139

સદ્‌ગુરુ મળ્યા એટલે કર્મ બળ્યા, થયું ઝાકમઝોળ ............ 140

## સાખી

મોંઘા મૂલથી મનખો મળ્યો, મળતા ભૂલ્યો ભાન;
ગુરુએ માંડી ગોઠડી, સમજ્યો નહિ સાન.
ભાન ભૂલ્યો ચિત્ત ન ચોટ્યું, ભૂલ્યો તું હેવાન;
હીણ બુદ્ધિએ હરખ્યો, એ તો ગળા સ્વાદે જ્ઞાન.
બોલી બોલીને થાક્યો, બુદ્ધિનો વિલાસ;
શ્રદ્ધા વિના સૂકા તળાવ જેવું, પંખી જાય નિરાશ.
ગુરુવચનમાં ધ્યાન રાખી, હરદમ જપો જાપ;
કહે દેવારામ ગુરુકૃપાથી, ઓળખાશે આપોઆપ.

હે જીવ જરા જોને, માથે જોખમ છે મોટું;
સમય વીતી ગયો, માથે જમડા દિયે છે દોટું.
કુડ કપટ કરી મેળવ્યું, તે ધન બધું છે ખોટું;
સાથે લઈ જવા મથી રહ્યો, અંતે અહીં રહે દાટ્યું.
સુખ સંપત્તિને સાયબી મળી, ભલામણ કરવા ટાણે થયું ખોટું;
કહે દેવારામ માની લે મનડા, પ્રભુ ભજન વિના થયું ખોટું.

જાગીને જો આ શહેરમાં, રોમેરોમમાં ચેતનનો વાસ;
જળ સ્થળમાં વિષ્ણુ પોતે, ગુરુએ કહ્યું છે ખાસ.
દર્શન કરતા દિલ હરખ્યું, સફળ થયા મુજ કામ;
સહેજે સહેજે મળી ગયા, સદ્‌ગુરુ સુંદર શ્યામ.
શ્યામ મળતા શાંતિ થઈ, મટી ગયા ઉત્પાત;
કહે દેવારામ દર્શન કરતા, ખોયા કુળ વર્ણ જાત.

દીધી શિખામણ દિલમાં ન રાખે, ગુરુને દોષિત કરે;
આપે આપ અથડાય મરે, એમાં ગુરુ શું કરે?
ગુરુ ભજે તો મમતા ટળે, ટળે ત્રિવિધિ તાપ;
આનંદ પ્રગટે ઉરમાં, દર્શે સદ્‌ગુરુ આપોઆપ.

સદ્‌ગુરુ મળે સમોવડા, સમજાવે ભક્તિનો ભેદ;
નિરંતર નામને ભજતા, થાય સંશયનો છેદ.
જાત ખોયને જાણ્યું, લાગ્યો અરસ પરસ એકતાર;
કહે દેવારામ ગુરુ મળતા, મટી ગયો ભટકાર.

સમરણ કરે તો જમ ડરે, ખેલે સન્મુખ ચોધાર;
સુરતા નામમે લીન ભઈ, લાગ્યો એકતાર.
સદ્‌ગુરુની સાન સમજતા, લાગી હરદમ લહેરી;
જ્ઞાન ભાણ ઉદય ભયો, મટી ગઈ રેન અંધેરી.
સદ્‌ગુરુની સાન વિના, સૂઝે નહિ મૂળ ભક્તિનો સાર;
આપા મતે અથડાયને મરે, ભલે વાંચે વેદ પુરાણ.
ગુરુ મળે તો અગમ સૂઝે, બૂઝે ઉનકી બાત;
કહે દેવારામ ગુરુકૃપાથી, સૂઝે ઈ વાટ.

ધ્યાન ધરનારા ઘણાં દેખ્યા, ઘણાં કરે છે કષ્ટ યોગ;
પૂરા ગુરુ મળ્યા વિના, થાય નહિ સતનો સંજોગ.
કર્મ ધર્મ પાળનારા ઘણાં, પણ સરવાળામાં શૂન્ય પાય;
ફોગટ મારે છે ફાંફાં, શું કરે ગુરુ વિના કમાઈ.
વેશ બદલીને ઘણાં ફરે, તાણ્યા તિલક મોટા;
નામ ભજન ધ્યાન વિના, ફોગટ ફરે છે ખોટા.
દેવારામ કહે નમું દિલથી, જાણી ગુરુની સાન;
આપાપણું અળગું કર્યું, લાગી ભક્તિમાં ખાંત.

સમજણ આપી મુજને, ગુરુએ એની મહેરથી;
હર દમેદમ ગુરુને ભજુ, દર્શન કરું પ્રેમથી.
દર્શન કરતા દોષ ટળિયો, અંતર પ્રગટી લેર;
બાહિર ભટકાર મટી ગયો, અંતર લાગ્યો તાર.
ગુરુ હરજીવનરામ મળતા, મટી ગયો ભટકાર;
કહે દેવારામ સમજાયો, મૂળ ભક્તિનો સાર.

મેં અપરાધી બાળક તેરો, લાવો મુજ પર મહેર;
ખામી હોય તે ખસેડજો, પ્રગટાવો અંતર લહેર.
લહેર પ્રગટે તો લહાવો મળે, મળે હરિરસ આ વાર;
તીર મારજો ગુણાતીતનું, ઉતરી જાય આરંપાર.
દેવારામ કહે દિલ ભીતર દેખલે, સાહેબ રહ્યા સમાય;
અંતર પડદા દૂર કરો તો, ગુરુ ગોવિંદ દરશાય.

ગુરુ ગોવિંદ જાણ્યા પછી, સહેજે સમરણ જો થાય;
ભટકણ મટે આ ભવ તણો, ને આતમરૂપ દરશાય.
ગુરુવચન વિશ્વાસે, મિટે કલ્પના તમામ;
ભાવે ગુરુનું ભજન કરતા, પહોંચે નિજ ધામ.
હરજીવનરામ હરિ સ્વરૂપે, મળિયા પ્રગટ દેવ;
સતનામના સ્મરણ કરી, નિત્ય કરું તમારી સેવ.
હેતે કરી હરિ પધારો, સદ્‌ગુરુ હરજીવનરામ;
દેવારામના સ્વામી, આપ છો અંતરયામી.

નામ નિર્ગુણરૂપે, છે આપે આતમરામ;
અક્ષરધામ તેજ કહીએ, એ જ છે અમરધામ.
અમરધામને પામી, આનંદ અહોનિશ ઉર;
મોજ માણો મહાપદમાં, વરસે નિર્મળ નૂર.
ઝળહળ ઉગ્યા ભાણ, પ્રકાશ દીસે સવાયો;
દાસ દેવારામે ગુરુ થકી, અગમ ભેદ પાયો.

સદા રાખજો શરણમાં, જાણી આપનો દાસ;
જુગોજુગ રહેજો ભેળા, એવી છે મનમાં આશ.
પ્રીતમ સદા પાળજો, તમ સેવકની લાજ;
આશરો એક તમારો, સુધારો સર્વે કાજ.
હરીરામ ઉર પ્રગટ્યા, ઉતારી ગંગધાર;
અનેક હંસને ઉગારવા, આપે લીધો અવતાર.

જય હો હરજીવનરામની, કીધી મુજ પર મહેર;
કહે દેવારામ ગુણ ગાતા, આનંદ લીલા લહેર.

બાજી હરિને હાથ, કરવું તેને કામ;
ધરવું અતંરમાં ધ્યાન, પુરે હૈયાની હામ.
તોડે જાળ એક પલમાં, રહે નહિ આવરણ કાંઈ;
ધોખો મટે જન્મ મરણનો, સંગે રાખે સદાઈ.
જુઓ જગપતિને નિહાળી, કર્યા ઘણાંના કામ;
દ્રૌપદીના ચિર પૂર્યા, ઉગાર્યો ગોરા કુંભારનો બાળ.
પલપલ આવજો અલબેલા, વિનંતી સૂણી મહારાજ;
દેવારામના સ્વામી, હરજીવનરામ દીન દયાળ.

સુરતા રાખો સદ્‌ગુરુમાં, ટળે મોહ વિકાર;
ત્રિવિધિના તાપ ટળે, ટળે દેહ અહંકાર.
સદ્‌ગુરુને રાખો સન્મુખ, દુઃખડા સર્વ કાપે;
મટી જાય સર્વ સંતાપ, મોહ માયા ન વ્યાપે.
સદ્‌ગુરુ છે દીન દયાળ, દયા કરી અભયપદ આપે;
મનનું મનત્વ તોડી, બ્રહ્મ સ્વરૂપમાં સ્થાપે.
ગુરુ વિશે નહિ કોઈ યોજના, નહિ રંગ રૂપ આકાર;
કહે દેવારામ મુજને મળિયા, સદ્‌ગુરુદેવ સાકાર.

ધંધો કરતા ધ્યાન રાખો, સત્ શબ્દની માંય;
સુરતા રાખો આઠે પહોર, ઓળખાય આતમરામ.
મોક્ષ તણાં દ્વાર ખોલે, સદ્‌ગુરુદેવ સરદાર;
નિજ સ્વરૂપને નિરખતા, આનંદ હોય અપાર.
હરજીવનરામને હરદમ જપું, કરો કરુણા અપાર;
દેવારામના સ્વામી, પલમાં કીધા પાર.

ઈંગલા પિંગલા એક જ રૂપે, દ્વાદશ આંગુલ બહાર;
ચંદ્ર સૂરજ એક ઘર લાવો, ઝળહળ જ્યોત અપાર.
પીર પશ્ચિમમાં પ્રગટ્યા, નકળંગ નેજાધારી;
ઘટોઘટમાં રમી રહ્યા, નૂર નિરંતર ભારી.
આદિ અનાદિ ઓલિયા, સર્વના ઘટમાં સરખા;
કહે દેવારામ સુરતાના ધ્યાનથી, નાભિ મધ્યે નિરખ્યા.

ઘટોઘટમાં આવે જાવે, બાર આંગુલ બારો;
મૂળ વચનથી જુઓ વિચારી, ખેલ ખેલે ચોધારો.
નવ ઇન્દ્રિયથી ન્યારો રમે, દશમાં પ્રાણમાં જાણો;
ગુરુવચને સિદ્ધ કરો, દમેદમનો રમનારો.
હરજીવનરામ હરદામાં વસો, જપુ તમારા જાપ;
દેવારામને દર્શન દીધા, મીટ્યો ભવનો સંતાપ.

એકવીસ હજાર છસો, પડે શ્વાસાના ડંકા;
ધ્યાની પુરુષ ધ્યાન લગાવે, સદ્‌ગુરુ મેરા બંકા.
પશ્ચિમ બારી ખોલ કે, શૂન શિખર પર જાવે;
ચંદ્ર સૂરજ કા હુઆ પ્રકાશા, નૂર નજરમાં આવે.
શબ્દ ધ્યાની રહે નિરંતર, ગુરુચરણમાંય;
દાસ દેવારામના સ્વામી, હરજીવનરામ દર્શાય.

ઉગારામનો બગીચો, માળી પુંજલ હરજીવનરામ;
જ્ઞાનગંગા જળ પાઈને, ચખાડ્યા અમરનામ.
પ્રીત રાખો સત્ય નામમાં, નિત્ય સત ભજન કરો;
દિલની દૂબજા ટાળીને, બ્રહ્મ સ્વરૂપમાં ભળો.
અગમ અગોચર સદ્‌ગુરુ, જે મન બુદ્ધિથી પાર;
કહે દેવારામ ગુરુગમ દ્રષ્ટિથી, કર્યો નિજઘટમાં દીદાર.

દયા કરી સદ્‌ગુરુએ, ઓળખાવ્યું નિજનામ;
જગમાં ક્યાંય જડે નહીં, કરોડો દેતા દામ.
અમરધામને પામ્યા, આનંદ અહોનિશ ઉર;
મોજું છૂટે મહાપદમાં, નિર્મળ વરસે નૂર.
જ્ઞાન ભાણ ઉદય ભયો, દિલ મંદિરની માંય;
કહે દેવારામ અંધકાર ટળ્યો, ગુરુરૂપ દર્શાય.

ખેલી રહ્યા છે જે ખલકમાં, દીનબંધુ દીનાનાથ;
સંભાળ લિયે સેવકની, ધરે મસ્તક પર હાથ.
મોજું છૂટે મહાપદમાં, પડે શબ્દની ટંકશાળ;
સત્ય સમજાય સહજમાં, થાય હૃદયકમળમાં પ્રકાશ.
રાત દિવસ રટણ રટાવે, હરદમ ધરાવે ધ્યાન;
સુરતા નિજનામમાં રાખતા, પ્રગટે અનુભવ જ્ઞાન.
મોહ નિદ્રાથી જગાડે, કરાવે નિજ સ્વરૂપની ભાન;
ધન્ય ધન્ય સદ્‌ગુરુ, દેવારામના નાથ.

ગામ તરઘરી વાસી, સદ્‌ગુરુ મારા શ્યામ;
પ્રેમનો પ્યાલો પાયો મુજને, પૂર્ણ કરી હામ.
દયા કરી દાસ ઉપરે, શું વખાણું શ્યામ;
ભ્રમણા ટાળી ભે મટાડી, કરી કરુણા અપાર.
દીદાર દીધા દિલ ભીતરે, આનંદ આનંદ થાય;
દાસ દેવારામ દર્શન કરી, પ્રેમે પાવન થાય.

સત્સંગ તીર્થધામ છે, સદ્‌ગુરુદેવ પરસન;
સહેજે પ્રાપ્ત થાય છે, સેવા સત્સંગ દર્શન.
જાણી નિજનામને, ઓળખો આતમરામ;
તબ ગુરુપદ પામીએ, તે જ અમરધામ.
અમરધામ તે અનાદિ છે, આદિ આ સંસાર;
પૂરા સદ્‌ગુરુ જબ મિલે, ઉતારે ભવપાર.

સદ્‌ગુરુ મારા કરુણાસિંધુ, સુધાર્યા સર્વ કાજ;
ભૂલેલાને માર્ગ બતાવે, દાસ દેવારામના શિરતાજ.

કૃપા સદ્‌ગુરુદેવની, જેણે દીધા નિજ ભેદા;
ભ્રમણા ટાળી આ ભવ તણી, કરી સાચા ઉપદેશા.
પરખાવી નિજનામ ઘટમાં, દયા ઉર આણી;
મિટાવી ભીના ભીની, પ્રગટ પ્રમાણી.
ધન્ય ધન્ય સદ્‌ગુરુ, ધન્ય હરજીવનરામ;
પલપલના રખવાળા, દેવારામના શ્યામ.

સમજી વિચારી કાપો પંથ, તો આવે ભટકણનો અંત;
ગુરુવચન વિચારી ચાલો, તો સહેજે આવે અંત.
ગુરુવચને જે ચાલ્યા, પલમાં પહોંચ્યા પાર;
આ ભવસાગર તરતા, લાગી નહિ જરિયે વાર.
ગુરુગમથી ગોતી લેજો, ભૂલતા નહિ ભાઈ;
કહે દેવારામ હરિગુરુ ચરણે, મુક્તિપદ જોને પમાઈ.

સંત ઉગારામ પ્રગટ્યા, શુભ બાંદરા ગામની માંય;
આત્મધર્મ પ્રગટ કર્યો, ટાળ્યા અશુભ અંધારા ત્યાંય.
પ્રથમ નેજો રોપ્યો અમરનગરમાં, જાગ્યા પુંજલપીર પઠાણ;
ભક્તિ સુધારસનું પાન કરી, ઠરી બેઠા ઠામ.
બીજો નેજો રોપ્યો તરઘરીમાં, બ્રહ્મચીન હરજીવનરામ;
અનેક જિજ્ઞાસુને તાર્યા, આપ્યું અમરપદ નામ.
લાભુદાદાએ બહુ લાભ આપ્યો, આઠે પહોર ઝરે અમૃત ધાર;
નાહ્યા જે પ્રેમીજન હંસલા, તે ઊતર્યા ભવપાર.
હરિ હરજીવનરામ મોટા ગુરુ, જીણામાં જીણો દાસ દેવારામ;
ગુરુશરણમાં નિર્મળ રહી, રહું સદા તેની પાસ.

ભક્તિ કરી ભક્ત પ્રહ્લાદે, તેને લઈ હોળીમાં હોમ્યો;
સહાય કરી તરત શામળિયે, જેનો બાળક બળવા નો દીધો.
ભક્તિ કરી હરિશ્ચંદ્ર રાજાએ, જય કાશીમાં વેચાણા;
અયોધ્યા લઈ અર્પણ કીધી, કરે નોકરી સમશાના.
ભક્તિ કરી પાંચ પાંડવે, બાર વર્ષ વનમાં ફર્યા;
કાપડી વેશે વન ભોગવ્યું, મનમાં દુઃખ નહિ જરા.
ભક્તિ કરી બળી રાજાએ, જેણે નવાણું જગન કીધા;
બટુક સ્વરૂપે આવ્યા પ્રભુ જાચવા, સર્વ બાજુથી બાંધી લીધા.
ભક્તિ કરતા ભગવંત ભેટે, ટાળે તનનાં તાપ;
દેવારામને હરજીવનરામ મળ્યા, દેહુમાં દર્શાણા આપ.

દયા પ્રગટે દિલમાં, ઊર્મિ અંતરમાં જાગે;
મલિન વાસના તબ હી મટે, કાળ જાય ભાગી.
કૃપા સદ્‌ગુરુદેવની, હૃદય વસે હરીરામ;
પલેપલે જે લિયે સંભાળ, પૂર્ણ કરે છે સબ કામ.
જુઓ જંજાળ જગ જીવના, ભટકે ઠામોઠામ;
સ્થિર નહિ લેશમાત્ર, કેમ કરીને પૂરે હામ.
ઠરવાનું ઠેકાણું જેને મળ્યું નથી, તે જન સર્વ દુઃખી;
ધન સંપત્તિ કામ ન આવે, અંતે જમડાને ચરણે શિર ઝુકે.

સેવી લે સદ્‌ગુરુ શ્યામ, સર્વ મતાને મેલી;
સમજી લે સંતોની સાન, શિખામણ છેલ્લી.
સદ્‌ગુરુ શરણની સેવા, એ છે ભક્તિ પેલી;
ગુરુકૃપા વિના નહિ પાર, બીજી વાતો દિયો મેલી.

એવી દયા ગુરુએ કીધી, મુજ પર વારંવાર;
દાસ દેવારામના ગુરુ હરીરામ, ઉતારો ભવપાર.

ધન્ય ધન્ય ગુરુદેવ, જેણે ઓળખાવ્યું સતનામ;
સતનામને જાણીને, સફળ કર્યા અવતાર.

ઉગમ ઉરમાં પ્રગટ્યા, ઉતારી ગંગધાર;
સંત સભાને પાવન કરવા, પલમાં ઉતારે પાર.

સદ્‌ગુરુને ભજો ભાવથી, હૈયે રાખી હેત;
તબ સદ્‌ગુરુ રિજે, જન્મ મરણ ટાળી દેત.

સંત મળે તો શાંતિ આપે, ભવદુઃખ નાખે કાપી;
નિજભક્તિની ભાન કરાવે, સત શબ્દ દિયે આપી.
સુરતાથી કરી લ્યો મેળા, ભક્તિ દિયો હૃદયમાં સ્થાપી;
શ્વાસ ઉશ્વાસે મારો હીંચોળા, ગુરુમૂર્તિ સન્મુખ રાખી.

અભણ ને અજ્ઞાન, લખતા ન આવડે કાંઈ;
તોય કરવા માંડ્યો લીટા, કરી મોટી બડાઈ.

લખો લખાવો આપ, મેં ક્યા લીખનહાર;
સદ્‌ગુરુ સર્વે રૂપ છે, મેં છોટે બાળ.

## આરતી

જય અખંડ ગુરુદેવ, આનંદ ઉર આવે;
પૂજા ગુરુચરણની, નિત નિત દિલ ભાવે ...ટેક.
ભાવે ભજો ભગવાન, છે હ્રદયમાંહી;
હરો કલેશ હમારા, સુખ સંપત્તિ થાવે.
નામ તણો આધાર, ભક્તો જે ગાવે;
ટળે ત્રિવિધિ તાપો, ભવ ફેરા જાવે.
ઉગમ પુંજલ પુરાણી, સકલ જગ જાણે;
હરીરામ ભુરારામ સંગે, મહાપદ એ માણે.
ભક્તિનો મહિમાંય, શુદ્ધ હ્રદય ગાવે;
દેવારામ ગુરુ દર્શન, પલપલ એ પાવે.

## આરતી

જય હો જય હો જય ગુરુદેવા, કરું તમારી સેવા;
જય હો જય હો જય ગુરુદેવા ...ટેક
હીરસાગર ગુરુ પીર પુરાણી, ઉગમ દયાની ખાણી.
અમરપદ ઉગારામે આપ્યા, પુંજલને પીર કરી સ્થાપ્યા.
બરવાળામાં બાણ માર્યા, ભુરારામને તાર્યા.
હરજીવનરામે અભયપદ લીધા, અનેકના ઉદ્ધાર કીધા.
કહે દેવારામ હું દાસ તમારો, જન્મ સફળ હમારો.

## આરતી

પ્રેમે ભજે સદ્‌ગુરુ શ્યામ, પામ્યા નિજનામ;
થાય શુભ કામ, હરિ ગુરુદેવની આરતી ...ટેક
અવિનાશીએ આ શહેર રચાવ્યું, જેની શોભા અપરંપાર;
સોહં સ્વરૂપે રમી રહ્યા રે, જેનો બાજે છે રણુકાર.
નવ દરવાજે નિશાન ફરુકે, દશમે મોલે દીદાર;
સુરતાના દોર સાંધતા રે, ખુલ્યા છે અનુભવ દ્વાર.
સુંદર સિંહાસને શોભતા, સદ્‌ગુરુદેવ સરદાર;
એ સુખદાતાનું દર્શન કરતા રે, મટ્યો છે ભવોભવનો ભટકાર.
આરતી સદ્‌ગુરુદેવની, સાંભળે ગુરુના બાળ;
કહે દેવારામ ગુરુ પ્રતાપે રે, મળી છે અગમ ધર્મની ભાળ.

## આરતી

આરતી સૂણીલ્યો સંતો રણુંકાર, મટે ભટકાર, પડે ટંકશાળ,
અટળ અભયપદ આરતી ...ટેક.
સદ્‌ગુરુએ શ્રવણે સૂણાવ્યો, હરિરસ રે આ વાર;
હૃદય ભીતરમાં રેલિયો રે, ઉમટ્યો આનંદ રસ અપાર.
ભીતર ભેદાણું માયલું, પ્રગટી અંતર ચક્ષુ અનુપ;
તિમિર ટળ્યા આ મોહના રે, મને દર્શાયું સદ્‌ગુરુનું રૂપ.
સેવા મારી ક્ષણિક છે, મોટી માનજો મહારાજ;
સંત દર્શન તમ થકી રે, મારા હૃદય મંદિરે આજ.
વિનંતી સૂણી વિઠ્ઠલજી, રાખજો શરણોની માંય;
દેવારામના સ્વામી હરજીવનરામ છે રે, આપ છો પરિબ્રહ્મરૂપ સદાય.

## ધોળ

સખી મહાધર્મને જાણવા, સેવવા સદ્‌ગુરુના ચરણ;
મહાધર્મને જાણવા ...ટેક
સખી શુદ્ધ હૃદયના ભાવથી,
કરવી સદ્‌ગુરુની સેવ.
સખી સદ્‌ગુરુ સમજાવે સાનમાં,
હરદમ શ્વાસો શ્વાસની માંય.
સખી કલેશ મટે સર્વ કર્મના,
સમજતા મહાધર્મની સાન.
સખી મહાધર્મના ધ્યાનથી,
દેવારામના સરિયા છે કાજ.

## ધોળ

સખી મૂળ રે ધર્મ એક છે, જે સત્ય સનાતન કહેવાય,
ગુરુકૃપાથી ઓળખિયો ...ટેક.
સખી સંશય સર્વે શમી ગયા,
મન વિરામ્યું ગુરુ પદમાંય.
સખી સોહં શુદ્ધ નિશાનમાં,
લાગ્યો છે એક જ તાર.
સખી ભેદભાવ મટી ગયા,
જોયું બ્રહ્મરૂપ ભરપૂર.
સખી હરજીવનરામે હેતે કરી,
દાસ દેવારામને બતાવી સાન.

## <u>ધોળ</u>

સખી સુરતા રાખો સદ્‌ગુરુ શ્યામમાં, બિરાજે નિજઘટની માંય;
અખંડ ગુરુજી આપમાં...ટેક

સખી ઓહંગ અનાદિ ગુરુ આપ છે,
બોલે શ્વાસો શ્વાસની માંય.

સખી સૌના સર્જનહાર છે,
તેને ભજતા થાય બેડો પાર.

સખી પરાની પાર તેનો વાસ છે,
રોમે રોમમાં જેનો પ્રકાશ.

સખી અખંડ ગુરુ અમને મળિયા,
દેવારામના તારણહાર.

## <u>ધોળ</u>

સખી હરદમમે હરિને સમરતા, મારા ટળી ગયા ત્રિવિધિ તાપ;
મન કારણ મટી ગયું ...ટેક.

સખી શ્વાસ ઉશ્વાસની સાનમાં,
નિરખ્યા નટવર નંદલાલ.

સખી સુરત સમાવી નિજનામમાં,
ગુરુ સ્વરૂપમાં એકતાર.

સખી શૂન મંડળની ઉપરે,
સદ્‌ગુરુ બેઠા છે નિરધાર.

સખી હદ બેહદથી પર છે,
સોહં સ્વામી અપાર.

સખી હરજીવનરામ ગુરુ સેવતા,
દેવારામને દિલમાં દીદાર.

## <u>ધોળ</u>

સખી આજ આનંદ મારા ઉરમાં, મનડુ થયું છે ભરપૂર,
મહાપદને પામતા ...ટેક.
સખી મોહ નિદ્રાથી જગાડ્યા,
મારો ટળી ગયો મોહ અંધકાર.
સખી માયા મટી મારા મન તણી,
સુરતા લાગી શબ્દમાંય.
સખી જાગી જોતા જગદીશ મળિયા,
ટળિયા કોટી જન્મના પાપ.
સખી સદ્‌ગુરુ મળિયા પરમાર્થી,
દેવારામને આનંદ અપાર.

## <u>ધોળ</u>

સખી ચાલોને ગુરુજીના દેશમાં, ત્યાં નિત નિત નવલો આનંદ,
પિયુજી ને પામતા...ટેક.
સખી સર્વ સાહેલી એક સાથમાં,
નિરખવા પિયુના રૂપ.
સખી નટવર સંગે રમતા,
આનંદ પ્રગટે અપાર.
સખી સર્વ વ્યાપક મારો શ્યામ છે,
તેને નિરખી થઈ છું ન્યાલ.
સખી ગુરુજી મળ્યા ગરવા,
દાસ દેવારામના શ્યામ.

## ધોળ

સખી શુદ્ધ રે મારગ મારા શ્યામનો, જેમાં ચાલે સંત સુજાણ;
મારગ મારા શ્યામનો ...ટેક.
સખી આસન વાળ્યું અનાદિ નામમાં,
આવે આનંદ આઠે પહોર.
સખી સંત મળ્યા મોટા મહાત્મા,
આપી જ્ઞાન દ્રષ્ટિ આ વાર.
સખી મન મળ્યું એક ભાવમાં,
થયો સ્વરૂપે એકાકાર.
સખી શૂનમાં જોયું તો સામા દીસે,
શ્રી સદ્‌ગુરુ આપોઆપ.
સખી વ્યાપક રૂપે વિલસી રહ્યો,
ઘટો ઘટની માંય.
સખી દયા સ્વરૂપ ગુરુદેવ છે,
ધર્મરૂપ સોહં હરિ આપ.
સખી દેવારામ પર દયા દાખવી,
બતાવ્યો અનાદિ માર્ગ.

## ધોળ

સખી સદ્‌ગુરુ ચરણ સેવતા, મટે આવાગમનનું દુઃખ,
ગુરુચરણ સેવતા ...ટેક.
સખી સદ્‌ગુરુ નામ પ્રતાપથી,
ટળે જન્મોજન્મના પાપ.
સખી આનંદ પ્રગટે ઉરમાં,
મટે મનનો સઘળો સંતાપ.
સખી ચડે ખુમારી નિજનામની,
દરશે સઘળે બ્રહ્મ ભરપૂર.
સખી દેવારામની ભાંગી ભ્રમણા,
મારા ઉરમાં પ્રગટ્યા આપ.

## ધોળ

સખી અનાદિ ધર્મ એક છે, જે સમજ્યા ગુરુની સાન,
સનાતન ધર્મ એક છે...ટેક.
સખી જગત જેનાથી ઉપજ્યું, તે અનાદિ ધર્મ નિજાર.
સખી ગુરુએ ઓળખાવ્યો સાનમાં, હરદમ શ્વાસો શ્વાસની માંય.
સખી ઋષિમુનિ જેને સેવતા, ધરતા ધ્યાન નિજઘટમાંય.
સખી ગુરુ વિના ગમ નહિ પડે, જડે નહિ ધર્મ નિજાર.
સખી દેવારામ કહે ગુરુ સેવતા, મૂળ ધર્મે મોક્ષ થાય.

## ધોળ

પ્રથમ પૂજુ મારા ગુરુજીના પાવ, મૂક્તિપદ માણવા;
નિત્ય ધરું હરદમ ધ્યાન, ભક્તિરસ ચાખવા ...ટેક.
સદ્ગુરુએ દયા કરી, સમજાવી રૂડી રીત;
ભાવ જાગ્યો ભક્તિપદમાં રે, મારી પૂરણ બંધાણી પ્રીત.
શ્વાસો શ્વાસની સાનમાં, જપુ અજંપા જાપ;
સદ્ગુરુએ દયા કરી રે, અમને ઓળખાવ્યું સતનામ.
એ મૂળ મંત્રને આરાધતા, ગેબી ગર્જના થાય;
જળહળ જ્યોતિ જલી રહી રે, સદ્ગુરુનાં ઘરમાંય.
પૂર્વ કમાયે મુજને મળિયા, પૂરણ પરિબ્રહ્મરાય;
દાસ દેવારામના સ્વામી રે, રમે ઘટોઘટની માંય.

## ધોળ

મારે હૈયે હરખ ન માંય, અમ ઘેરે સંત પધારિયા;
ઉગમ પુંજલ હરજીવનરામ, અમ ઘેરે સંત પધારિયા ...ટેક.
સોનલમાતા સંગે શોભતા, વજીમાતા પણ સાથ;
વિવેકે વેલડું જોડાવ્યું રે, માંહી બેઠા બ્રહ્મા વિષ્ણુ મહેશ.
ઢોલ નગારા વાગે ધ્રુબકે, શરણાઈ સૂર મિલાય;
મેં તો પ્રીતે પલંગ ઢાળિયા રે, ઉપર બેઠા શ્રી સદ્‌ગુરુરાય.
શ્રદ્ધાના શ્રીફળ સાકર ધર્યા, પ્રેમથી લાગુ પાય;
કહે દેવારામ દર્શન કરતા રે, મારા પૂર્વના પાપ બળી જાય.

## ધોળ

મારે આંગણિયે આનંદ થાય, ગુરુજી પધારિયા;
ગતગંગા લઈને સાથ, ગુરુજી પધારિયા ...ટેક.
સદ્‌ગુરુ રૂપ સોહામણું, દેખી દિલ હરખાય;
પૂજન કરું પ્રેમથી રે, શીશ નમાવીને લાગુ પાય.
જુગતે જમાડું જગદીશને, પીરસુ પ્રેમનો થાળ;
અતિ ઉમંગથી વાલો મારો રે, જમે સદ્‌ગુરુરાય.
પાન બીડા આપું પ્રેમથી, ગુરુજીના મુખમાંય;
ભાવે પ્રેમે સેવા કરતા રે, મારે હૈયે હરખ ન માંય.
સુરતા મારી અખંડ રાખું, ગુરુ સ્વરૂપની માંય;
કહે દેવારામ દર્શન કરતા રે, મારા ત્રિવિધિના તાપ શમી જાય.

## ધોળ

જેના પુરાણ કરે છે પોકાર, નિરંજન માળા મેં પહેરી ...ટેક.
માળા હે દો પારાકી, ફરે આઠે પહોર;
એકવીસ હજાર છસો અજંપા જપતા રે, પડી રહી શબ્દોની ઠોર.
માળા શ્વાસો શ્વાસની, ફરે છે આ ઘટમાંય;
સુરતા શબ્દમાં લાગતા રે, મન તે માંહી સમાય.
મન સમાતા શાંતિ મળે, નહિ ત્રિવિધિ તાપ ત્યાંય;
સદ્‌ગુરુપદ પારખતા રે, ઉઠે લહેર જોને સદાય.
ગુરુગમથી ગોતી લેજો, ભુલશોમાં ભાઈ;
સદ્‌ગુરુ ચરણ સેવતા રે, દેવારામના શ્યામ દર્શાય.

## ધોળ

હું તો પરણી પ્રભુ તમ સાથ, પ્રીતમ સદા પાળજો;
તમે ગ્રહ્યો મારો હાથ, નાથ સદા નિભાવજો ...ટેક.
સદ્‌ગુરુ મારા શ્યામ તમે, બીજો નહિ કોઈ સાથ;
તમ સ્વરૂપને નિરખતા રે, મારો મટ્યો દુઃખ વિવાદ.
મારે સહેજે સંજોગ થયો, તમને મળવાનો નાથ;
નિત્ય સેવા તમ ચરણની રે, મારે ઉગ્યો સોનાનો ભાણ.
સગુણ નિર્ગુણના ભેદ ટળ્યા, ત્રિગુણાતીતમાં લાગ્યો તાર;
અવિચળપદ હું પામી રે, મારે ઉર આનંદ અપાર.
તાળી લાગી તમ નામની, એક જ નામનો સૂર;
દેવારામ પર દયા દાખવી રે, ગુરુએ નિત્ય લીધા ઉર.

## ધોળ

જેમાં નહિ થાપ ઉથાપ, ધર્મ ધજા ફરકતી;
જેના વર્ણન કર્યા નવ જાય, ધર્મ ધજા ફરકતી ...ટેક.
અનાદિ ધર્મ એક છે, જેને સમજે મુનિજન સંત;
વિશ્વાસે વળગી રહ્યો, પામ્યો દર્શન અનંત.
મૂળ ધર્મનો મહિમા મોટો, મુખે કહ્યો નવ જાય;
ૠષિમુનિએ જાણિયો, સિધ્યા પ્રહ્લાદ એ ધર્મની છાંય.
એ ધર્મે રાજા હરિશ્ચંદ્ર સિધ્યા, તારામતીએ દીધો સાથ;
ગુરુ વશિષ્ઠને સેવતા, તાર્યા ભવસાગર ઝાલી હાથ.
પાંચ પાંડવ સતી દ્રૌપદી સિધ્યા, માતા કુંતા સાથ;
માર્કંડૠષિએ માર્ગ બતાવ્યો, પામ્યા દર્શન આપોઆપ.
બલિરાજા બહુ પ્રતાપી, જેણે નવાણું યજ્ઞ કીધા;
બટુક સ્વરૂપે આવ્યા જાચવા, તેના પ્રેમેથી સ્વાગત કીધા.
તે ધર્મ જો સમજાય તો, ભવના ભટકણ મટી જાય;
દાસ દેવારામ ગુરુચરણે, નિજ ધર્મના ગુણ ગાય.

## ધોળ

જેમાં સંશય નહિ લગાર, આનંદ આઠે પહોર રહે ...ટેક.
મૂળ ગોતતા મંગળ થયું, થયા સર્વ શુભ કામ;
સદ્‌ગુરુએ દયા કરી, અમને આપ્યા ભક્તિના દાન.
સહેજે સમરણ કરજો, ધરજો આઠે પહોર ધ્યાન;
જે શુભ અશુભથી પર છે, તેમાં કાયમ રાખજો ધ્યાન.
નાભિકમલથી ઉપડે, શૂનમાં જઈ સમાય;
ત્રિવેણી પર ટંકશાળ પડે, દ્રષ્ટિ તેમાં પહોંચી જાય.
ગુરુગમથી ગોતી લીધો, મૂળ ધર્મનો મહિમાંય;
સદ્‌ગુરુ સ્વરૂપને પામતા, મારી અવિદ્યાનો લય થાય.
સતનામનો શણગાર સજાવું, પ્રેમ પુષ્પનો હાર સોહાય;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, મુક્તિપદ જોને પમાય.

## ધોળ

ગુરુ ઉગારામ રહ્યા છે પડકારી રે, ભક્તિ નામની ઝાલરી વગાડી રે;
ઝાલરી સાંભળે કોઈ પ્રેમીજન પૂરા રે, તેનો સ્વાદ ન જાણે નર અધૂરા રે ...ટેક.
ગુરુ ઉગારામે વેલ વધારી રે, દેખો શોભા બની કેવી ભારી રે;
વેલમાં બેઠા છે નર ને નારી રે, તેની મટી ગઈ ચોરાસીની બારી રે.
વેલ પહોંચાડી દરિયાના બેટમાં રે, વાલે સમુદ્ર વલોવ્યો એક પલમાં રે;
રત્ન પ્રગટ્યા અમૂલખ એવા રે, રેવુરામ ભગવાન મનુરામ જેવા રે.
વેલ વધારી ગુરુએ નામ તણી રે, એને પરખે કોઈ પુરુષ પુરાણી રે;
વેલ વધીને વધે છે જુગોજુગથી રે, ગુરુ ઉગારામે પ્રગટ વધુ કીધી રે.
વેલ ફાલીને ફૂલી તરઘરી ગામે રે, એના ફળ ચાખ્યા હરજીવનરામે રે;
દાસ દેવારામ તેના ગુણ ગાવે રે, ભવના ફેરા ગુરુજી મિટાવે રે.

## ધોળ

મૂળ ભક્તિના ભેદ કોઈ જાણે રે, મહાપદના સુખ એ જન માણે રે;
જેને વેદ પુરાણ વખાણે રે, એ પદ અનુભવી ઉરમાં આણે રે ...ટેક.
એ સુખ મુખે કહ્યા નવ જાવે રે, નારદ શારદ ઋષિમુનિ ગાવે રે;
એ સુખ ઉગારામે પ્રગટ કીધા રે, પ્રથમ પુંજલપીરે લીધા રે.
ધન્ય પુંજલપીર અવતારી રે, દીધા ભક્તિપદ વિસ્તારી રે;
મહાસુખમાં મન જેના મળિયા રે, લખચોરાસીના ફેરા ટળિયા રે.
દુરિજન કરે તાણાવાણી રે, ભક્તિની રીત હરિજને જાણી રે;
ગુરુ હરજીવનરામ અમને મળિયા રે, દેવારામના કાજ સરિયા રે.

## ધોળ

આ અવસર આવ્યો મજાનો, ભરીલે અખૂટ ખજાનો;
ખર્ચતા જે ખૂટે નહીં, માલ છે બહુ મજાનો ...ટેક.
હરદમ હંમેશા રહેજે જાગતો, મેળવવા અખૂટ ખજાનો;
સુરતા રાખી સદ્ગુરુમાં, જપો જાપ અજંપાનો.
આળસ કરી સૂઈ રહીશ તો, લુંટાઈ જાશે ખજાનો;
ષડરિપુ બહુ ખંતે કરીને, લૂંટી લેશે આ ખજાનો.
પ્રીત બાંધી ગુરુવચનમાં, ભાવ રાખજે ભજવાનો;
નિત્ય નિત્ય ભાવ ભજનથી, આ ખજાનો વધવાનો.
આ ખજાના વિના ખોટી વાતો,અર્થ નહિ સરવાનો;
પ્રાકૃત ધન પડ્યું રહેશે, ખાલી હાથે જવાનો.
કહે દેવારામ દિલમાં વિચારી, સદ્ગુરુથી સાર મળવાનો;
ગુરુ વિના ગોથા ખાધા તો, જમને હાથે પડવાનો.

## ઝીલણિયા

દીધા નિશાન સ્વર્ગે સિધાવ્યા રે, કીધા વેણ તે કોઈએ નવ જાણિયા રે ...ટેક.
નોમે જમ્યા ભોજન પોતે ભાવથી રે, સતી સોનલને કીધું ખરુ સાનથી રે.
સાથે આવવા કરી છે પોતે વાતડી રે, હા નવ પાડી સોનલમાએ ભાવથી રે.
થયો પસ્તાવો સ્વર્ગે ગયા પછી રે, રોવે સર્વે ચોધારા આંસુ થકી રે.
રોતા થયો છે ભાસ હૃદયમાં રે, હું તો વસી રહ્યો ઘટોઘટમાં રે.
તમે રોતા નહિ નર નારીઓ રે, મારું રૂપ કોઈ વિરલાએ જાણિયું રે.
હવે હિંમત રાખીને તમે હાલજો રે, મહા ભક્તિના સુખ તમે માણજો રે.
દાસ દેવારામને દર્શન આપ્યા રે, મહાસંકટ સર્વના કાપ્યા રે.

## ઝીલણિયું

આવડી આવડી આવડી રે, જેને હરિ ભજ્યાની રીત આવડી;
દેહ દશા મટી આવડી રે, જેને હરિ ભજ્યાની રીત આવડી ...ટેક.
ભજ્યા ગુરુને જેણે ભાવે કરીને, મટી ગઈ તૃષ્ણા લાવરી રે.
મોહ માયા ગઈ પલમાં નાસી, મટી ગઈ જીભિયા લવારી રે.
જાગી જિજ્ઞાસા ગુરુ દયાથી, સુરતા જઈને વિરામી રે.
આઠેય પહોર જે રહે આનંદમાં, મટી ગઈ મન અંધિયારી રે.
સદ્‌ગુરુ મળિયા હરજીવનરામ અમને, કહે દેવારામ લીધા તારી રે.

## ઝીલણિયું

જાણિયું જાણિયું જાણિયું રે, જેણે મહાપદને જાણિયું રે;
આણિયું આણિયું આણિયું રે, જેણે અનભે વાતુ આણિયું રે ...ટેક.
હરિ ગુણ ગાતા હરિગુરુ મળિયા, આવાગમન મિટાવિયું રે.
તત્ત્વપદમાં જોયુ તપાસી, ગુરુચરણમાં જાણિયું રે.
લાગી સુરતા શૂન શિખર પર, થયા ભણકારા ગેબી વાણિયું રે.
હાથ ગ્રહિયો હરજીવનરામે, દેવારામને મન ભાવિયું રે.

## ઝીલણિયું

આજે આનંદ મંગલ વરતાય, ઉગારામ આવ્યા છે આંગણે;
ગતગંગા લઈ સાથ, આવ્યા છે આંગણે ...ટેક.
પીરાણી પીર પુંજારામ સાથમાં, સાથમાં હરજીવનરામ.
લાભેશ્વર ને ભલારામ સાથમાં, મામૈયાપીર જીવારામ.
ભાવે પ્રેમે મેં તો પલંગ ઢાળિયા, બિરાજ્યા સદ્‌ગુરુદેવ.
સાચા મોતીનો થાળ ભરીને, વધાવ્યા સદ્‌ગુરુદેવ.
કંકુ કેસરના તિલક કર્યા, પહેરાવ્યો ફૂલડાનો હાર.
ચરણ ધોઈ ચરણામૃત લીધા, પ્રેમથી લાગ્યા પાય.
દાસ દેવારામના કાજ સરિયા, થઈ હરિ ગુરુની મહેર.

## ઝીલણિયું

તમે જો જો ભણકારા ઉગારામના રે, જેના પરચા પહોંચ્યા ધામે ધામમાં રે;
તમે જો જો ભણકારા ઉગારામના રે ...ટેક.
ગુરુ ઉગારામ પોતે અલખ છે રે, જેના નામ ને રૂપ અનંત છે રે.
નર આવીને ચરણે નમતા રે, તેને ભોજન દેતા મનગમતા રે.
વણ માગ્યે સમાધાન આપતા રે, નર નારી ભાવે પાયે પડતા રે.
જેના દિલમાં દયા ભરપૂર છે રે, માતા સોનલ દેવી અણમૂલ છે રે.
દાસ દેવારામ તેના ગુણ ગાય છે રે,તેના ચરણોમાં મહાસુખ થાય છે રે.

## ઝીલણિયું

ગુણ ગાવું હરજીવનરામના રે, જેણે ડંકા દીધા સતનામમાં રે;
ગુણ ગાવું હરજીવનરામના રે ...ટેક.
કરી ભક્તિ જન્મી બ્રાહ્મણ કુળમાં રે,ધૂન લાગી ગુરુના નામમાં રે.
મટી ભેદ ભ્રમણાં દેહ ભાવની રે,સદા રહે નિજ નિજાનંદમાં રે.
વર્ણ ભેદ નહિ જેના મનમાં રે,મેલી મરજાદા ગુરુચરણમાં રે.
કહે દેવારામ રાખો ચરણમાં રે,કરું સમરણ હર દમેદમમાં રે.

## ઝીલણિયું

ધન્ય કૃપા હરજીવનરામની રે, જેણે પરખ કરાવી નિજનામની રે;
ધન્ય કૃપા હરજીવનરામની રે ...ટેક.
પૂરણ પરિબ્રહ્મરૂપને જાણવા રે, સાન દીધી શ્વાસો શ્વાસની રે.
ખબર દીધી સહજ શૂનની રે, પૂરણ બ્રહ્મ ગુરુના ઘરની રે.
ગગન ગર્જના થઈ મારા શ્યામની રે, ભૂલી ભાન મારા દેહની રે.
ટળી દુબજા મારા દિલની રે, છબી વખાણું મારા શ્યામની રે.
અરજ એટલી દાસ દેવારામની રે, સદાય નજર રાખજો આમની રે.

## ઝીલણિયું

ધન્ય ધન્ય હરજીવનરામને રે, જેણે દીધા અભયદાન અમને રે;
ધન્ય ધન્ય હરજીવનરામને રે ...ટેક.
પ્રેમે સેવ્યા ગુરુ પુંજારામને રે, જેણે ઓળખાવ્યા પરમધામને રે.
ખરી ખોજ કરી ગુરુ જ્ઞાનમાં રે, ગુરુરૂપમાં રહે ગુલતાનમાં રે.
અખંડ પ્રવાહ વહે ગુરુ જ્ઞાનમાં રે, નિજ ધર્મ ઓળખાવે સાનમાં રે.
પરમ ઉપકારી ગુરુ મહાત્મા રે, કહે દેવારામ ભજુ શ્વાસો શ્વાસમાં રે.

## ઝીલણિયું

ધન્ય ગુરુ હરજીવનરામને રે, મોહ નિદ્રાથી જગાડ્યા અમને રે;
ધન્ય ગુરુ હરજીવનરામને રે ...ટેક.
સંશય સર્વ અમારા ટાળિયા રે, મૂળ ભક્તિના ભેદ મળિયા રે.
બુડતા લીધા અમને તારી રે, બાવડી પકડી ગુરુએ અમારી રે.
જાપ અજંપા ગુરુએ આપ્યા રે, સદાય અભયપદમાં સ્થાપ્યા રે.
ગુરુપદ સેવ્યા હોય તે જાણે રે, હરદમમાં હરિ તે ભાળે રે.
અખંડ સુખ માણે કોઈ પૂરા રે, નિત નિત બાજે અનહદ તૂરા રે.
દાસ દેવારામ ગુરુગુણ ગાવે રે, ભવના ફેરા ગુરુજી મિટાવે રે.

## ઝીલણિયું

ધન્ય ધન્ય હરજીવનરામને રે, જેણે જગાડ્યા મામૈયાપીરને રે;
ધન્ય ધન્ય હરજીવનરામને રે ...ટેક.
મળ્યા ગુરુ પુંજારામ પ્રેમથી રે, ઓળખાવી ભક્તિ શુદ્ધ ભાવથી રે.
બ્રહ્મજ્ઞાનમાં રહે સદા જાગતા રે, એના શબ્દો મીઠા બહુ લાગતા રે.
અખંડ જ્ઞાનગંગા વહાવતા રે, સંભાળ લેવા વારેવારે આવતા રે.
પંથ ખેડ્યો ઘણો બહુ ચાલીને રે, જેણે ધર્મની રાહ જાલી રે.
દાસ દેવારામ ગુણ ગાય છે રે, ગુરુ દર્શનથી પાપ બળી જાય છે રે.

## ઝીલણિયું

સખી સૌથી મોટું નામ, જે કોઈ જાણે રે;
તેના મટે વાદ વિવાદ, મહાસુખ માણે રે ...ટેક.
સખી સુરતા રાખે અખંડ, નિજનામમાંહી રે;
બોલે સઘળે સરખો શ્યામ, ઘટોઘટમાંહી રે.
સખી હરદમ રટો નામ, ભવ દુઃખ જાવે રે;
પ્રગટે અખંડ આતમ જ્ઞાન, અભયપદ પાવે રે.
સખી પ્રગટ સદ્‌ગુરુનું સ્વરૂપ, પ્રેમે ઓળખાવે રે;
મટે જન્મ મરણનું દુઃખ, ગુરુચરણે સીધાવે રે.
સખી મળિયા હરજીવનરામ, પૂર્વની કમાયે રે;
અતિ ઉમંગે દાસ દેવારામ, ગુરુગુણ ગાવે રે.

## ઝીલણિયું

સખી ચાલોને સહિયરું મોરી, સત્સંગ કરિયે રે;
જાય મોહ વિકાર ભાગી, ગુરુજીના ચરણે રે ...ટેક.
સખી સૂતા તા ઘરની માંય, ઝબકીને જાગી રે;
એવી ભક્તિપદની માંય, લગની લાગી રે.
સખી હૃદયકમળની માંય, ચટકી લાગી રે;
એવા જપતા રે નિજનામ, ભ્રમણા ભાંગી રે.
સખી સોહંપદની માંય, સુરતા લાગી રે;
રહ્યો ઘટોઘટની માંય, પોતે ગાજી રે.
સખી સેવ્યા સદ્‌ગુરુ શ્યામ, હૈયે હરખી રે;
દાસ દેવારામના સદ્‌ગુરુ શ્યામ, પ્રીતે પામી રે.

## ઝીલણિયું

સખી ચાલોને સજની મોરી, દર્શન કરિયે રે;
છે નિરખવા જેવો શ્યામ, ભાવેથી મળિયે રે ...ટેક.
સખી ઓહંગ સોહં એકરૂપ, નિશદિન નિરખો રે;
વસે પરાની પાર, અનુભવે ઓળખો રે.
સખી અલખ અવિગત આપ, સોહં પોતે રે;
રમે ઘટોઘટની માંય, જ્યોતિરૂપે રે.
સખી નિરખ્યા ઘટોઘટ માંય, પૂરણ પ્રીતે રે;
રટણા રટો દિન રાત, અનાદિની રીતે રે.
સખી સોળેય કળાએ ભરપૂર, મારો સ્વામી રે;
દાસ દેવારામના સદ્‌ગુરુ શ્યામ, ભાવે ભેટી રે.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

પ્રથમ સમરું ગુણપતિ દેવા, વિઘ્ન હરો અમારા એવા હે જી;
રિદ્ધિ સિદ્ધિના દાતાર દેવતા, મંગલમૂર્તિ નામ મનોહર દેવા હે જી ..ટેક
કેસર તિલક શોભે કપાળે, માથે મુગટ મોતીવાળા હે જી;
કાને કુંડળ ઝળહળે, કંઠે ફૂલડાની માળા હે જી.
સૂક્ષ્મણા સૂંઢમાં કાયમ ઝૂલો, એકદંત વરદાની કહેવાણા હે જી;
સુરતા શૂનમાં લાગતા, અકળ કળાએ દર્શાણા હે જી.
મૂળ મહેલમાં વાસ તમારો, જ્યોતિ સ્વરૂપે કહેવાણા હે જી;
ખટ્સો શબ્દની સાનમાં, અખંડરૂપે ઓળખાણા હે જી.
કોટી દેવતાના આગેવાન છો, સર્વ ગુણ છે તમારા હે જી;
કહે દેવારામ ગુરુ ગુણપતિ, અનાદિ દેવ અમારા હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

ગુણપતિ લાડુના પ્યાસી, ખટ્સો લાડુ ખંતે ખાઈ હે જી;
અમર ઉમિયા આસન બિછાવે, બિરાજે શંકરરાઈ હે જી ...ટેક.
ઓહંગ સોહં શિવ ઉમિયા, હરદમના દેવ કહાઈ હે જી;
અખંડ ગુરુમૂર્તિની સેવા, કરે દેવ દેવાધિ સદાઈ હે જી.
ઈંગલા પિંગલા સૂક્ષ્મણા માંહી, શૂન્ય શિખર નોબત બજાઈ હે જી;
ચંદ્ર સૂરજ કી જ્યોત જલત હે, શ્વાસ ઉશ્વાસે જોવાઈ હે જી.
નામ નિશાને સુરતા રાખતા, સદ્ગુરુરૂપ દેખાઈ હે જી;
ગગન મંડળ મે હુઆ પ્રકાશા, અનહદ જ્યોત દર્શાઈ હે જી.
ઝીણી ઝીણી ખંજરી વાગે, શીંગી શૂનમાં સંભળાઈ હે જી;
કર જોડી કહે દેવારામ, ગુરુનો પાર કેમ પમાઈ હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

ગુરુ બિન નહિ સમજાઈ સંતો, ગુરુ બિન નહિ સમજાઈ હે જી ...ટેક.
એક સૂતર મે અનેક પારા, સૂતર મે રહ્યા સમાઈ હે જી;
સંગ છોડે સૂતર કેરો, જુદા પડી ગોથા ખાઈ હે જી.
એમ જાણી સદ્ગુરુ ધારવા, ગુરુ વચને રહેવું સમાઈ હે જી;
ગુરુ વિમુખ જો થાય તો, લખચોરાસીમાં જાઈ હે જી.
તેંત્રીસ કરોડ દેવ એક નામે, નામ થકી ઓળખાઈ હે જી;
જુદા જુદા નામ ભાવ થકી, મૂળ ગોતો તો એક માંહી હે જી.
કર્મકાંડથી સંશય નહિ મટે, વૃત્તિ સ્થિર નહિ થાઈ હે જી;
કર્મકાંડે રહે જ્યાં સુધી, સત્ વસ્તુ નહિ સમજાઈ હે જી.
પિંડ ખોજ્યા વિના પાર નહિ પડો, બાહિર ભટકે નહિ કાંઈ હે જી;
કહે દેવારામ ગુરુ સેવો તો, સહેજે પાર પહોંચાઈ હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

સંતોએ મન જીત્યા જગતમાં, સંતોએ મન જીત્યા હે જી ...ટેક.
જ્ઞાનગંગામાં નિત્ય નાતા, સદાય પવિત્ર રહેતા હે જી;
મન વાણી નિર્મળ જેના, જળકમળવત્ રહેતા હે જી.
આડંબર રહિત જીવન જીવે, દાસ ભાવે રહેતા હે જી;
નામ નિશાને ધ્યાન જેનું, ગુરુ સ્વરૂપમાં સમાતા હે જી.
શૂન શિખરગઢ આસન કીના, અનભે નાદ હોતા હે જી;
ઘોર તંબુરા વાગે ગગનમાં, અનેક રાગ સૂનાતા હે જી.
વિજ તણા હુઆ ચમકારા, વિના વાદળ વરસાતા હે જી;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, અખંડ આનંદમાં રહેતા હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

અજર અમર આ નામ છે, જેનો કદી નહિ નાશ હે જી;
ગુરુચરણથી એ પદ પામતા, સદા અમરપદ વાસ હે જી ...ટેક.
ધન્ય ધન્ય એ હંસને, જેને ગુરુચરણમાં ભાવ હે જી;
લૌકિક સુખને તુચ્છ ગણી, લિયે ભજનનો લાવ હે જી.
સુરતા જેની અખંડ લાગી, આઠે પહોર એકતાર હે જી;
નુરત નામ નિશાન ઉપર, સદા રહે તદાકાર હે જી.
ગુરુ સ્વરૂપને ભૂલે નહીં, ધ્યાન દ્રષ્ટિ મોજાર હે જી;
નિજાનંદ સુખ એ માણે, અંગે આનંદ અપાર હે જી.
સત્ય નામ એ જ અમરપદ, એ જ અવિચળ ધામ હે જી;
કહે દેવારામ ગુરુને ભજીને, પહોંચો એ મુકામ હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

અબ તો અભયપદ પાયા સંતો, અબ તો અભયપદ પાયા હે જી ..ટેક
સદ્‌ગુરુ સાહેબે કૃપા કરીને, અજંપા ધ્યાન બતાયા હે જી;
શ્વાસો શ્વાસની સાન માંહી, આસન ગોઢ બંધાયા હે જી.
સોહંપદમાં સુરતા સાંધી, અનહદ ભોમ પર આયા હે જી;
ઝલહલ જ્યોત અખંડ ઝળકે, ત્યાં અલખ પુરુષ અજાયા હે જી.
ધીમી ધીમી ત્યાં બંસરી બાજે, ગોપી નાચ નચાયા હે જી;
રાસલીલા રસપાન કરીને, આનંદ મંગલ વરતાયા હે જી.
નિર્ભયપદમાં નિત્ય સ્થાપી, જમ કા ભય મિટાયા હે જી;
કહે દેવારામ સદ્‌ગુરુ ચરણે, નિજ નિજાનંદ પાયા હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

પરિબ્રહ્મ કો પાયા સંતો, પરિબ્રહ્મ કો પાયા હે જી ...ટેક.
અગમ અગોચર અલખ નિરંજન, અખંડ આસન બિઠાયા હે જી;
નિર્ભયપદમાં સુરતા લાગી, પૂરણ દેશ પરખાયા હે જી.
અગમ ધૂન ત્યાં અનહદ વાગે, બિના તાર બજાયા હે જી;
અનાહત નાદ અંદર ઘૂરે, નિર્મળ નૂર વરસાયા હે જી.
સુરતા ધરી જોયુ શૂનમાં, દેવ એક દર્શાયા હે જી;
આત્મદેવના દર્શન કરતા, જન્મ મરણ મિટાયા હે જી.
ધન્ય ધન્ય જેને સદ્‌ગુરુ મળિયા, ધન્ય ગુરુગુણ ગાયા હે જી;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, પંચ રંગ મિટાયા હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

ખરો ખેલ ખેલો ખેલાડી, ખેલ જાવો ખાટી હે જી;
સદ્‌ગુરુ ચરણને સેવી પ્રાણી, મેલો મનની આટી હે જી ..ટેક.
સોહંપદમાં સુરતા સાંધો, પઢો પ્રેમની પાટી હે જી;
નિજ ધ્યાનમાં નિશ્ચળ બનો, જુઓ આ ઘટઘાટી હે જી.
હરદમમાં હિંમત ધરીને, મરજીવા બનો માટી હે જી;
કામ ક્રોધને મારી હટાવો, કાઢો અવિદ્યા ઘાટી હે જી.
સ્વતંત્ર રાજ્ય સ્થાપો, જંજાળ નાખો કાઢી હે જી;
ગુરુ હુકમે સદા ચાલો, પાની ન ભરો પાછી હે જી.
જીત મેળવવા ભજો જગદીશને, એ જ વાત છે સાચી હે જી;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, તૂટે જમની ફાંસી હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

વચન કા પ્રકાશા સર્વે, વચન કા પ્રકાશા હે જી ...ટેક.
ચંદ્ર સૂર્ય વચન થકી, વચન થકી આકાશા હે જી;
વચન થકી નવલખ તારા, વસી રહ્યા છે આકાશા હે જી.
વચને પૃથ્વી વચને પાણી, વચને પવન પસારા હે જી;
વચન થકી મેઘ વરસે, વચન છે અગ્નિ આધારા હે જી.
વચન થકી પરાપારથી, ઉદ્દભવે વાણી પ્રકાશા હે જી;
વેદ શાસ્ત્રો અઢાર પુરાણા, વચનથી રચાણા હે જી.
વચનનો સર્વ વિલાસ છે, જાણે ગુરુના દાસા હે જી;
સંત ભક્ત ઋષિમુનિઓને, ગુરુવચનની આશા હે જી.
વચન તો વિશ્વંભરરૂપ છે, જેના ઘટોઘટમાં વાસા હે જી;
કહે દેવારામ ગુરુવચનથી, તૂટે જમના ફાંસા હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

નામ ધૂન અખંડ લાગી, મને ગુરુ મળ્યા સુહાગી રે હે જી;
પ્રેમના પ્યાલા ભરભર પાયા, મે પ્યાસી ઉનકી દાસી હે જી ...ટેક.
નામ નિરંજન હૃદયે ધારી, સુરતા તેમાં લાગી રે હે જી;
વાસનિક મન સ્થિર કર્યું, ત્યારે આ લહેર લાગી હે જી.
વિના પૃથ્વી મહેલ ઠેરાયો, તેમાં અનેક રમતો લાગી રે હે જી;
બાજીગર બાજી ખેલે, જોવાને હું જાગી હે જી.
હર દમેદમ ધ્યાન ધરતા, અંતર જ્યોત જાગી રે હે જી;
અનુભવ અજવાળે ઘટમાં જોયા, અલખ પુરુષ અવિનાશી હે જી.
મુજ પાપીને પાર પાડ્યો, તૂટી જમની ફાંસી રે હે જી;
કર જોડીને કહે દેવારામ, ગુરુચરણે ભે ભાંગી  હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

મંથન કરો મનમાંહી સંતો, મંથન કરો મનમાંહી હે જી ...ટેક.
પાંચ તત્ત્વનો દેહ રે બન્યો, સાથે પચ્ચીસ પ્રકૃતિ આઈ હે જી;
લખ ચોરાસીનું બારું છૂટવું, તે કેમ કરી છુટાય હે જી.
શાસ્ત્ર આધારે કહોને ભાઈ, વેદ વાણી ક્યાંથી આઈ હે જી;
ખટ્ શાસ્ત્ર અઢાર પુરાણ, તે વાંચી પાર ન પડાય હે જી.
કાલિંદી કા નીર કહાં હૈ, કાલીનાગ કેમ નથાય હે જી;
અટપટો છે ઐસો અનુભવ, તમે જ્ઞાની દિયો બતાઈ હે જી.
ક્યાં છે સ્થાન કૃષ્ણ કા, કહાં રહી બંસી બજાય હે જી;
કઈ વૃત્તિ પર કૃષ્ણ રહે, દર્શન ક્યારે થાય હે જી.
કૃષ્ણ કૃષ્ણ કરે આઠે પહોર, તોય ઉનકા દર્શન નવ થાય હે જી;
નાય ધોઈને માળા ફેરવે, તોય લખ ચોરાસીમાં જાય હે જી.
અઢાર અધ્યાયની ગીતા કહેવાઈ, તે અર્જુનને સમજાય હે જી;
તે ગીતા તો સર્વે વાંચે, મુક્તિ કેમ ન થાય હે જી.
ગીતા પડી છે ગુરુગમમાં, તે સદ્‌ગુરુ સાને સમજાય હે જી;
કહે દેવારામ ગુરુ મળે તો, ચોરાસી મટી જાઈ હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

સમજણથી શાંતિ આવે, થાય અનુભવ આ વાર હે જી;
નિજનામ નક્કી કરતાં, આનંદ પ્રગટે અપાર હે જી ...ટેક.
સદ્‌ગુરુ સ્વરૂપમાં લીન રહેવું, છોડવા સર્વે વિચાર હે જી;
ગુરુગમ જ્ઞાને જોતા, સમજાય સત સાર હે જી.
ખોજ કરો કાયા નગરીમાં, જે આ દેહ તણો આધાર હે જી;
મમતા મટે માયા તણી, સોહં સ્વરૂપ એકતાર હે જી.
લીધા જેવું એ એક છે, ગ્રહો ગુરુ આધાર હે જી;
સર્વે ગુણ તેમાંથી પ્રગટે, નિત નિત આનંદ અપાર હે જી.
સર્જનહારને જાણવા, લ્યો અજંપા દોરી હાથ હે જી;
દાસ દેવારામ સદ્‌ગુરુ કૃપાએ, ઓળખાય આપો આપ હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

મેલી દિયોને ચાળા મૂરખ મન, મેલી દિયોને ચાળા હે જી ..ટેક
ચતુરાઈ છળ ભેદ કરી, કપટની ફેરી માળા હે જી;
મારા પણાની મમતા લાગી, અંતે નહિ કોઈ તારા હે જી.
દેહરૂપી મંદિર માંહી, અજ્ઞાનના જામ્યા જાળા હે જી;
કબુદ્ધિરૂપી કમાડ દેવાણા, ભ્રમણાના લાગ્યા તાળા હે જી.
તન મન ધન ગુરુને સોંપો, બતાવે લક્ષ સારા હે જી;
સત્ય નામની ચાવી આપે, ખુલે ભ્રમણાંના તાળા હે જી.
સદ્‌ગુરુની કૃપા વિના, મીટે ન મનના ચાળા હે જી;
કહે દેવારામ જો ગુરુ નિવાજે, દેવ દ્વારકા વાળા હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

ભક્તિ કરવાનો ભાવ બતાવે, નિત સત્સંગમાં જાઈ હે જી;
સામે બેસી સાંભળે વાતો, ગળે ન ઉતરે કાંઈ હે જી ...ટેક.
ઊંઘણશી થઈ ઉંઘી રહે, જાગે ત્યાં સવાર થાઈ હે જી;
દેખાદેખીએ સત્સંગમાં આવે, ખોટા ધક્કા ખાઈ હે જી.
ગંગધાર વહાવે ગુરુ, પણ બેધ્યાને વહ્યું જાઈ હે જી;
એક ટીપું ન ગયું હૃદયમાં, પવિત્ર કેમ થાઈ હે જી.
મન જેના સલીલ છે, તેને વૈરાગ્ય ન થાઈ હે જી;
સંતની સાન ન સમજે, આપા મતે અથડાઈ હે જી.
જિંદગી છે જોખમ ભરેલી, કરી લે રૂડી કમાઈ હે જી;
આ અવસર એળે ખોશો તો, ભવોભવ ભટકાઈ હે જી.
ખોટા વમળ છોડી દે પ્રાણી, સદ્‌ગુરુ કરે સહાઈ હે જી;
જાગૃત રહેવું સત નામમાં, તો આવાગમન મિટાઈ હે જી.
ભાવ રાખી ભક્તિ કરવી, નિવાજે સદ્‌ગુરુરાઈ હે જી;
કહે દેવારામ ગુરુ કૃપાએ, સહેજે પાર પહોંચાઈ હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

સમજને ઘેલા પ્રાણી, તારા દિવસો જાય છે ખાલી હે જી ..ટેક
મરણ કેરી બીક છે માથે, કેમ સુખ દિલમાં રાખે હે જી;
ઓચિંતાનો આવશે કાળ, પલમાં જાલી જાશે હે જી.
સુખ ભોગવવા છેતરે બીજાને, રોજ માંડે ધમાલ હે જી;
મેળવતા પહેલા માઠી બેઠી, કાયા થઈ બેહાલ હે જી.
જરા આવીને ક્રોધ વધ્યો, રહી ગઈ અધૂરી વાત હે જી;
વાચા તારી બંધ થઈ ગઈ, લાગી અવસ્થાની લાત હે જી.
કરે પ્રયાસ પાસે બોલાવવા, પાસે ન આવે કોઈ હે જી;
અંત વેળાએ અળગા રહ્યા, પુત્ર તરિયાને ભાઈ હે જી.
સમજીને સીધું ચાલવું, રાખી ભજનમાં ભાવ હે જી;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, સહેજે તારે ગુરુનું નામ હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

મુવા ટાણે મંડાણો ભજવા, હવે ઉગરવા સારું હે જી;
ચિતડું જેનું ચાળે ચડેલું, લાગે નહિ નામ પ્યારું હે જી ...ટેક.
જિંદગી આખી ગઈ અવળાયે, સમરણમાં ચિત્ત ન ધાર્યું હે જી;
સંત સાધુની સેવા ન કીધી, દાન પુન્ય ન લાગે સારું હે જી.
ક્ષણિક સુખની ઝંખનામાં, જીવન બધું વિતાવ્યું હે જી;
મિથ્યા માયાના મોહમાં, ધ્યાન ધણીનું ન ધાર્યું હે જી.
સમય વિત્યા પછી કોઈ ડહાપણ, કામ ન આવે તારું હે જી;
સદ્‌ગુરુની સમજણ લઈને, વેલું જાગવું સારું હે જી.
સદ્‌ગુરુની કૃપા થકી, જડે ઉગરવાનું બારું હે જી;
કહે દેવારામ ગુરુ દયાળુ, આપે પરમપદ સારું હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

ઉગ્ર સ્વભાવના આળસુ મોટા, અજ્ઞાન ઉંઘે ઘેરાયા હે જી;
દયાળુ સંત જગાડે તોયે, જાગે નહિ હરાયા હે જી ...ટેક.
દીધી શિખામણ લાગે નહીં, કુમતિએ ઘેરાયા હે જી;
શું કહેવું એવા નરને, ખોટી વાતે ફુલાયા હે જી.
સત્સંગમાં આવીને બેસે, ચિત્ત જેના સળેલા હે જી;
બકવાદ તેનો બંધ કરે નહીં, ખોટા તાણે તરેલા હે જી.
સંતના શબ્દ કાને ધરે નહીં, કૂથલીમાં ભળેલા હે જી;
નિંદા કરવામાં નવરા નહીં, તર્ક વાદે ચડેલા હે જી.
સવળું કહેતા અવળું લાગે, વેર ભાવે વરતેલા હે જી;
કહે દેવારામ જીભ તૂટે, તોય નહિ જે સમજેલા હે જી.

## ભજન (રાગ–દાણ ન માગે દાણી)

આળસુ પ્રમાદી થઈ શું બેઠા, ખેલ ખેલોને ખેલાડી હે જી ..ટેક.
ચોક મેદાનમાં ખેલ રચ્યો છે, ખેલો ઉમંગ આણી હે જી;
એક નિશાને સુરતા રાખી, ભજો સારંગપાણિ હે જી.
આડા અવળું જો જોશો તો, નિશાન ચુકશો પ્રાણી હે જી;
જીતી બાજી હારી જાશો, થાશે જીવન ધૂળધાણી હે જી.
વારંવાર અભ્યાસ કરીને, ધીરજ ધારણા ધારી હે જી;
ગુરુ સ્વરૂપમાં અખંડ વૃત્તિ, એવો ખેલ લે વિચારી હે જી.
ગુરુ રીઝે તો મોજ આપે, પરમપદની સારી હે જી;
કહે દેવારામ આનંદ પ્રગટે, દુઃખ ન રહે લગારી હે જી.

## ભજન (રાગ–પ્રથમ ગુરુને પાયે લાગુ)

જળ કમળવત્ સદા રહેતા, જેને સ્પર્શે નહિ કદી વારી;
હરજીવનરામ હરિ સમાન છે, જે ચતુર્ભુજ ધારી ...ટેક.
મન અમારા હરી લીધા, બજાવી બંસી સારી;
તે બંસીમાં વશીકરણ છે, વશ કરી મતિ મારી.
મોહ નિદ્રાથી જગાડ્યા અમને, ટાળ્યા ભવ દુઃખ ભારી;
પળેપળ સંભાળ રાખે, દીન દયાળુ અમારી.
સુખ સવાયા અમને આપ્યા, ગુરુદેવ મોરારિ;
શું વખાણું મારા શ્યામને, પહોંચે નહિ જ્યાં વાણી.
અબુધ અજ્ઞાની બાળક હું છું, અલ્પમતિ છે મારી;
અખિલ વિશ્વના સ્વામી, આપ છો જગદાધારી.
ઉત્પતિ લય નહિ આપમાં, આપ અકર્તા અવતારી;
સ્વયં પ્રકાશિત આપ છો, સકલ જગ વિહારી.
નથી ન્યારું આપથી કાંઈ, આપ છો કલ્યાણકારી;
દેવારામ પર દયા દાખવી, પલમાં લીધા તારી.

## ભજન (રાગ–પ્રથમ ગુરુને પાયે લાગુ)

આનંદ પ્રગટ્યો ઉરમાં, મળ્યા સદ્‌ગુરુ શ્યામ;
મલિન વાસના તબહી મટી, લાગ્યું નામમાં ધ્યાન ..ટેક.
થઈ કૃપા સદ્‌ગુરુદેવની, ગુરુ હરજીવનરામ;
પલેપલ સંભાળ લીધી, ઠરી બેઠા નિજ ઠામ.
જન્મોજન્મનો જંજાળ મટિયો, પૂરણ કરી હામ;
દિન રાત મગન થઈ રહું, રટું નિરંતર નામ.
ભવતારણ ભગવાન મળિયા, ઓહંગ અનાદિ નામ;
કહે દેવારામ દયા દાખવી, દયાળુ ગુરુ રામ.

## ભજન (રાગ–પ્રથમ ગુરુને પાયે લાગુ)

સદ્‌ગુરુ મારા દીન દયાળા, ભવજલ તારણહાર;
કરાવે ગંગા પાન, મારા હૈયાના છે હાર ...ટેક.
શુદ્ધ ભક્તિનો બોધ કરી, ટાળે મન ભટકાર;
તેવા ગુરુને સેવતા, ન રહે અંધકાર લગાર.
શ્વાસ ઉશ્વાસની સાનમાં, થયા નિર્ભય નિરધાર;
પ્રપંચ સર્વ દૂર કરી, અભયદાન દેનાર.
વાજા વાગે અનહદમાં, ભુંગળના ભણકાર;
શંખનાદ સહેજે સંભળાય, ઝાલરીનો ઝણકાર.
અલખ અવતારી ગુરુ મળ્યા, પ્રાણ તણા આધાર;
દાસ દેવારામ ગુરુ પ્રતાપે, ઊતર્યા ભવપાર.

## ભજન (રાગ–પ્રથમ ગુરુને પાયે લાગુ)

ગુરુ વણજારા વણજ કરે, આદિ અનાદિ વેપારી ...ટેક.
આતમ ધન અમૂલખ ખજાના, તેના ગુરુ વેપારી;
વિના મૂલ્યે માલ આપે, એવા ગુરુ પર ઉપકારી.
પ્રગટ પોકારી કહે છે ભાઈ, લઈ લ્યો માલ વિચારી;
ગઈ પળ પાછી ફેર નહિ આવે, મનમાં જુઓને વિચારી.
જીવ દશાનું મટે દાળદર, દિયો તન મન ધન ઓવારી;
આત્મ ધન અખંડ પામો, જન્મોજન્મ સુખકારી.
આત્મ ધનની ઓરગત વિના, રહે છે જીવન બેકારી;
કહે દેવારામ ગુરુ સેવી લ્યો, લઈ લ્યો લાવો વિચારી.

## ભજન (રાગ–પ્રથમ ગુરુને પાયે લાગુ)

પડદા બાંધી કરે પથારી, યોગ સાધવા બેઠા;
યોગીઓ કહો વિચારી, પ્રભુ ઉંચા કે હેઠા ...ટેક.
ઉંચા કહું તો અળગા રહે, હેઠા કહું તો ખોટા;
સર્વ વ્યાપક સોહં સ્વામી, ઘટોઘટમાં બેઠા.
આંખો મીંચી પડદા બાંધે, કાનમાં દિયે દાટા;
મનને દાટો કેનો દેવો, જે મારે બધે આંટા.
પડદા છોડી ખેલો મેદાનમાં, સત શબ્દના લ્યો સોટા;
મમતા વાસના મારી હટાવો, ગુરુ બિન સાધન ખોટા.
પડદા બાંધ્યે પાર ન આવે, કર્મકાંડથી છેટા;
ગુરુગમે ગમ સૂઝી, થયા ગુરુકૃપાએ નેઠા.
સદ્‌ગુરુએ દયા કરી, નિજઘટમાં રમતા દીઠા;
કહે દેવારામ મુજને મળિયા, મળતા લાગ્યા બહુ મીઠા.

## ભજન (રાગ–પ્રથમ ગુરુને પાયે લાગુ)

હરદમ જપો અજંપા જાપને, લગાડી અંતર ધ્યાન;
સદ્‌ગુરુ કરે સહાયતા, આપે અભયપદ ભાન ...ટેક.
મટાડી ભેદ દ્રષ્ટિ, નહિ શત્રુ મિત્ર કોઈ;
પામો અખંડધામ ગુરુથી, જગ જંજાળ ખોઈ.
બાહિર ચિત્તે વધે પ્રવૃત્તિ, મન કરે દોડધામ;
રાખો સુરતા નિજનામમાં, મન બને સ્વરૂપાકાર.
ટળે તાપ ત્રિવિધિ તણાં, આનંદ આઠે પહોર;
મસ્ત રહો તેમાં મનથી, પડે શબ્દની ઠોર.
બળે બી વાસના તણાં, દુઃખ નહિ લવ લેશ;
દાસ દેવારામ કહે સદ્‌ગુરુ થકી, મટે સર્વ કલેશ.

## ભજન (રાગ–પ્રથમ ગુરુને પાયે લાગુ)

જેનો વિચાર હોય જેવો, તેવો તેનો રંગ;
સત્સંગમાં સમજે નહીં, કાળાને ન હોય બીજો રંગ ..ટેક
વેદ શાસ્ત્રો જુઓ તપાસી, કરો સંતનો સંગ;
મોહ વિક્ષેપ ટાળે પલમાં, લાગે ભક્તિનો રંગ.
આટી છૂટે મન તણી, સોહં સ્વરૂપ અભંગ;
ઉલટ સૂલટ ભરભર પીઓ, આનંદ પ્રગટે અંગ.
નિત્ય નેડો રાખો નામનો, નિત રહો ગુરુ સંગ;
ચળે નહિ ચિત્ત કદી, પામો પદ અભંગ.
ઓહી સાન સમજો ગુરુ કી, નિત નવલો રંગ;
કહે દેવારામ ગુરુચરણમાં, આવે ભવનો અંત.

## ભજન (રાગ–પ્રથમ ગુરુને પાયે લાગુ)

સમાજ આખો સમજવા ધારે, રાત દિવસ મારે ફાંફાં;
જઈને ભટકે ધામે ધામમાં, ગુરુ બિન છૂટે નહિ આપા ..ટેક
મનમાં મલકાઈને ફરે ફુલાતો, મારે ખોટા ધાપા;
ઉલટી અવિદ્યા વધે વધારે, અજ્ઞાનમાં અટવાતા.
મનુષ્ય દેહ માંડ મળ્યો છે, શું મારે ખોટા ફાંફાં;
આળસુ બની ઊંઘી રહેતા, વખત વહ્યા જાતા.
મટે ભટકાર મન તણો, મળે સદ્‌ગુરુ દાતા;
સર્વ કાજ સફળ થાશે, તૂટે કર્મના ફાંસા.
દાસ જાણી ગુરુ ઉગારે, ટળે ત્રિવિધિ તાપા;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, સદ્‌ગુરુ પૂરે આશા.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

પેટી બનાવી પ્રીતે કરીને, તેમાં ખાના નાખ્યા છે બે;
પવન રૂપી ધમણ ધમાય છે, શ્વાસ આવે જાવે છે ...ટેક.
છત્રીસ સૂર નાખ્યા સારી રીતે, સર્વના ગળાને અનુકૂળ છે;
પાસા મૂક્યા પ્રેમથી, રાગ રાગીણી નીકળે છે.
વગાડનારાને વિગત સૂઝે તો, સૂરને ઓળખી લે;
બહુનામી પેટીનો બનાવનાર, અગમ ખેલ ખેલે છે.
પાંચ ડટ્ટા છે હવાને સમતોલ રાખવા, વધઘટ થવા નહિ દિયે;
ઉતાવળે જો ધમણ ઉપાડે, તો શ્વાસ બહુ ચડે છે.
પ્રેમથી વગાડો પેટીને તો, આનંદ આવે છે;
પરિબ્રહ્મ પોતે પેટીમાં પુરાણો, તેનો અવાજ આવે છે.
અવાજ કરનારાને ઓળખે તો, જન્મ મરણ મટે છે;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, આ સમજણ સાચી છે.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

દોકડ બન્યું ખરા ભાવનું, અવાજ કરે બહુ સારો ...ટેક.
ગુરુ સંઘેડિયે સંઘેડે ચડાવી, ઘાટ ઉતાર્યો બહુ સારો;
વિગત વીંધણું વચન વાસલો, કોતરકામ કર્યો સારો.
ડબલ પડીથી મઢ કરો, વિગતે સોળ વિંધા પાડો;
સુરત દોરી તેમાં પરોવી, નીચે હિંમત હિંઢોણી ધારો.
શાહી લીધી સત નામની, સાત આંટા લઈ સારો;
રણુકારનો રાગ નીકળ્યો, નાદરૂપે ધુરનારો.
અષ્ટ સિદ્ધિ અષ્ટ ડટ્ટા નાખ્યા, ઉપર દ્રઢ દોરી ધારો;
સૂરજ્ઞાનીએ મેળ કર્યો, હરદમ હથોડીવાળો.
ચતુર નર વગાડનારો, તાલ પડે બહુ સારો;
બોલ નીકળે બહુનામીના, સાંભળતા લાગે બહુ સારો.
સાંભળતા ચાનક લાગે, છૂટે શબ્દ ચોધારો;
હૃદયમાં ઉતરે તો આનંદ આવે, ઉતરે ભવજલ પારો.
સદ્‌ગુરુ મારા સુંદર શ્યામ, વિગતે વગાડનારો;
કહે દેવારામ કેવો કારીગર, હરિ ગુરુ અમારો.

## <u>ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)</u>

અનાદિ ધર્મ એક છે, નહિ દ્વૈત પ્રપંચ કાંઈ;
સર્વ જાળથી રહિત છે, નિજાર ધર્મ સદાઈ ...ટેક.
પાંચ પચ્ચીસથી પર છે, નહિ તીન ગુણ તેમાંઈ;
નિરંતર દેશમાં નિરંતરરૂપે, શ્વાસો શ્વાસે સમાઈ.
ચાર પાંચ ચોરને માર્યા, કરડી કમાન ચડાઈ;
નિશાન ઉપર નક્કી રહેતા, શબ્દ બાણ ચલાઈ.
દયા દારૂ ભરી બંધુકમે, ગુરુગમ ગોળી દાબી;
બ્રહ્મજ્ઞાનના કર્યા ભડાકા, લોભ મોહ ગયા ભાગી.
ગુરુ સેવો તો લાભ જ લેશો, સમજાય ધર્મ અનાદિ;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, તૂટે જમની ફાંસી.

## <u>ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)</u>

ભાવે ભજો સદ્‌ગુરુ દેવા, ભટકવું નહિ ભવ માંઈ;
સદ્‌ગુરુના ચરણ સેવતા, જન્મ મરણ મિટાઈ ...ટેક.
જીવ પણાના જંજાળમાં, હરિ નહિ ભજાઈ;
ખોટી વાતે ખુવાર થઈને, મૂળગી મૂડી ગુમાઈ.
મોટાઈપણામાં મલકાઈને, સંત શરણ નહિ જાઈ;
જાણપણાનાં જોર માંહી, અવસર એળે ગુમાઈ.
સંસાર વહેવારની મોટી બજારે, ભુલવણીમાં ભટકાઈ;
રત્ન ચિંતામણિ આત્મ ન ચિન્યો, વિષય સુખે લોભાઈ.
તજી કલ્પના મિથ્યા સુખની, જો ગુરુશરણમાં જાઈ;
કહે દેવારામ ગુરુકૃપાથી, ફેરો સફળ થાઈ.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

રહો સદાય એકરૂપે, જે હૃદય મંદિરે ભાસે;
સ્વરૂપમાં લીન રહેતા, સર્વ અંધારુ નાશે ...ટેક.
તૂટે જાળ દ્વૈતની તો, સત્ય સ્વરૂપે ભાસે;
ગુરુગમે જાગી જો તો, અવિદ્યા સર્વ નાશે.
સદાય સુરતાની માંહી, બાહિર ભીતર એક ભાસે;
દિલ મંદિરના દ્વારમાં, રામ સ્વરૂપ બિરાજે.
સોહં સ્વરૂપે રમી રહ્યા છે, ઘટોઘટમાં નાદ ગાજે;
સદ્‌ગુરુની સાન સમજતા, નિત નિત અનુભવ જાગે.
ગુરુકૃપાથી ગમ સૂઝે, ભે ભવની ભાંગે;
આવે લહેર આઠે પહોર, જો કોઈ સુરતામાં જાગે.
દેવારામ પર દયા કરી, ગુરુ અભયપદ આપે;
જન્મ મરણના બંધન છોડાવી, અખંડ સ્વરૂપે સ્થાપે.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

અજબ બન્યું આ શહેર, શહેરની શોભા ભારી;
પોતે બનાવી પોતે વસ્યા, સદ્‌ગુરુદેવ મોરારિ ...ટેક.
પાંચ તત્ત્વની બની નગરી, નવ દ્વારની શોભા સારી;
ત્રણ ગુણની મોટી બજારો, માલ છે અપરંપારી.
મન વણજારા ઓરગત કરતા, જોજે માલ વિચારી;
સત્ત્વગુણ માલનો સોદો કરજે, સદ્‌ગુરુ સાન વિચારી.
નિજ સ્વરૂપના ધ્યાન વિના, ગુમાવીશ મૂડી તારી;
ભાવ ભજનમાં ભરપૂર રહીને, સફળ કરજે જિંદગાની.
અનહદ બજારે અનુભવ કરીને, આત્મપદ લે જાણી;
કહે દેવારામ શાણા મનવા, માની લે શિખામણ સારી.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

જાણી સાચી વાત, ગુરુગમને ધારી;
મટ્યો સઘળો સંતાપ, ગઈ છે રેન અંધેરી ...ટેક.
ઝળહળ ઉગ્યા ભાણ, અખંડ આનંદકારી;
દેખ્યા દેશ નિરંતર, જ્યાં અલખધણી અવતારી.
મળ્યા સદ્ગુરુ શ્યામ, શોભા અપરંપારી;
ઘટોઘટમાં વસે વાલો, નકલંક નેજાધારી.
નિજ સ્વરૂપને નેણે નિરખી, મોહ મમતા મારી;
રોમે રોમે લાગ્યો રણુકાર, ભે ભ્રમણા ટાળી.
આ કૃપા સદ્ગુરુદેવની, બાંય ગ્રહી છે મારી;
કહે દેવારામ સદ્ગુરુની, વારંવાર બલિહારી.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

મેલી દેને આંટી મનવા, અવસર જાય છે વહ્યો;
હેતે કરી હરિ ભજી લે, માન તું સંતનો કહ્યો ...ટેક.
મિથ્યાવાદમાં આયુષ્ય ખોયું, તાણાવાણમાં રહ્યો;
સંતના વચને જોયું ન વિચારી, આપા મતમાં રહ્યો.
હાથ બાજી છે હજી સમજી લે, જે સાધન સંતે કહ્યો;
હર દમેદમ હરિ ભજી લે, અખંડ ધ્યાનમાં રહ્યો.
કાયા કથળ્યે કાંઈ કામ ન આવે, આંખમાં નીર જાય વહ્યો;
રુદિયાની રાવું ક્યાં રેડીશ તું, ગુરુશરણ નહિ લહ્યો.
પકડ આધાર ગુરુશરણનો, સતનો સંદેશો કહ્યો;
કહે દેવારામ સમજ મનવા, જીવન મુક્ત થઈ રહ્યો.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

આવો સંતો વર્તમાનમાં, રાખે સદ્‌ગુરુ ધ્યાન;
ભૂલે નહિ જે સદ્‌ગુરુને, પ્રગટે સાચું જ્ઞાન ...ટેક.
સુરતા રાખો નિજનામમાં, રાખો ખરો એ ખ્યાલ;
સદ્‌ગુરુ દયા કરીને, પલમાં કરે ન્યાલ.
દયાસાગર સદ્‌ગુરુ દાતા, રાખે સર્વનું ધ્યાન;
અજ્ઞાન વૃત્તિ દૂર કરીને, આપે પદ નિર્વાણ.
વર્તમાન વિના ખોટી વાતો, ખોટો છે તે ખ્યાલ;
વાતો મૂકી વહેલા જાગો, ધરો ગુરુનું ધ્યાન.
સદ્‌ગુરુ સાને જે સમજ્યા, થઈ ગયા જગમાં ન્યાલ;
કહે દેવારામ ગુરુકૃપાએ, સુધર્યા સર્વ કાજ.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

સદ્‌ગુરુ છે સુખના ધામ, જેણે સુધાર્યા સર્વ કામ;
પૂર્વની કમાઈએ મળ્યા, સદ્‌ગુરુ સત રામ ...ટેક.
સદ્‌ગુરુ ચરણ સદા સેવું, ભૂલી દેહનું ભાન;
ભવ બંધનના દુઃખડા ટાળ્યા, જાણી પોતાનો દાસ.
ગુરુ સ્વરૂપમાં ભાવે રહું, જાણી સુંદર શ્યામ;
નિરખી છબી સદ્‌ગુરુની, વંદન કરું વારંવાર.
ભવતારણ ભગવાન ભેટ્યા, કરી દીધો ભવપાર;
દયા કરીને પાર ઉતાર્યા, જરાય ન લાગી વાર.
હેતે કરીને હાથ પકડ્યો, અંતર લહેર અપાર;
શું વખાણું મારા શ્યામને, જેનો બુદ્ધિ ન પામે પાર.
સન્મુખ ચાલી ચરણમાં લીધા, અવતારી હરીરામ;
દેવારામના સદ્‌ગુરુ દાતા, સદા લેજો સંભાળ.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

પ્રગટ પ્રમાણ સદ્‌ગુરુના, શરણે જાતા કરે ઉગારો;
પ્રપંચ સર્વ દૂર કરી, થાય નિજઘટમાં ઉજિયારો ...ટેક.
નુરત નિશાને સુરતા રાખતા, આવ્યો ભવનો આરો;
રટણ રટું નિશદિન તેના, પ્રગટ્યો પ્રેમ અપારો.
બ્રહ્મ ચક્ષુએ ગુરુ નિરખ્યા, બાવન અક્ષરથી બારો;
પૂરણ બ્રહ્મથી પ્રીત બાંધી, આનંદ લહેર અપારો.
આવન જાવન હર્ષ ને શોક, મટી ગયો મારો;
ગુરુચરણે મન વિરામ્યું, જે મૂળ મુકામ મારો.
સદ્‌ગુરુએ દયા કરી, ભેદ બતાવ્યો સારો;
કહે દેવારામ ગુરુચરણે, ભય ભ્રમણાને ટાળ્યો.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

ભજન કરી લે સદ્‌ગુરુનું, મેલને બીજી વાતું;
આઠે પહોર રહેવું નિશાને, મન રહે સમાતું ...ટેક.
ગુરુ નાવ ભવ તરવાનું, જલ્દી કિનારે જવાતું;
ગુરુકૃપાનો સઢ ચડે તો, અધવચ્ચે નહિ અટવાતું.
ગુરુ સ્મરણ સાચું સાધન, ભરી લે ભજનનું ભાતું;
અનેક જન્મનું કર્મનું ખાતું, એનું પાનું ફાટી જાતું.
એક જ આધાર ગુરુશરણનો, ભાંગને મનની ભ્રાંતું;
નામ નિશાને નિશ્ચળ રહેતા, સમજાય અનહદની વાતું.
એક જ વાત એક જ ધ્યાન, એકનું સ્મરણ થાતું;
કહે દેવારામ ગુરુકૃપાથી, પડે બીબે બીજી ભાતું.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

મોંઘા મૂલથી મનખો મળ્યો, મળતા ભૂલ્યો ભાન;
ગુરુએ માંડી ગોઠડી, સમજ્યો નહિ ગુરુ સાન ...ટેક.
સાન ભૂલ્યો ચિત્ત ન ચોટ્યું, ભૂલ્યો સ્વરૂપ ભાન;
હીણ બુદ્ધિએ હરખ્યો, એ તો ગળાનું જ્ઞાન.
બોલી બોલીને થાક્યો, બુદ્ધિનો છે વિલાસ;
શ્રદ્ધા વિના સૂકા તળાવ જેવું, પંખી જાય નિરાશ.
જાગીને જો દેહ નગરમાં, રોમે રોમે ચેતનનો વાસ;
જળ સ્થળમાં વિષ્ણુ પોતે, ગુરુએ કીધું છે ખાસ.
ગુરુ વચને હૃદયમાં ખોજો, જેનો અંતરમાં વાસ;
દેવારામ કહે ગુરુ વિના, કેમ પહોંચશો પ્રભુ પાસ?

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

મટી આંટી અવિદ્યાની, સદ્‌ગુરુ મળિયા સુજાણ;
અંતર દ્રષ્ટિ કરતા ભાઈ, જડી હીરાની ખાણ ...ટેક.
ખોજ કરતા ઘણાં દિવસથી, તેનું નક્કી બતાવ્યું નામ;
દશા મટાડી દેહની, ઓળખાવ્યો આતમરામ.
ભટકણ મટાડ્યું ભવનું, પામ્યા ગુરુશરણે વિરામ;
પ્રગટ્યો પ્રેમ પરા પારથી, આનંદ લહેર અપાર.
અકળ ગતિ સદ્‌ગુરુ કેરી, જાણે તો બેડો પાર;
બુદ્ધિ વિલાસ ત્યાં ન પહોંચે, જો દમે દમ લાગે તાર.
ભેદ ભ્રમણા મટી મનની, નક્કી થયો નિસ્તાર;
કહે દેવારામ સદ્‌ગુરુ વિના, મટે નહિ ભટકાર.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

મને મળ્યા સદ્‌ગુરુ શ્યામ, પૂર્વની કમાયે;
સુધાર્યા સર્વ કામ, ગુરુએ એની કૃપાએ ...ટેક.
સદ્‌ગુરુ ચરણ સદા સેવું, રાખી ઉમંગ મનમાંય;
ગોવિંદરૂપ ગુરુને જાણું, નહિ ભેદ તેમાંય.
નાભિ નિશાન મૂળ ધ્યાનમાં, છબી નિરખું તેની;
દમે દમ પ્રણામ કરું, ક્ષમા માંગુ એની.
હેતે કરીને હાથ પકડ્યો, ગુરુએ દયા કરીને;
ભવસાગર સહેજે તાર્યો, દાસ પોતાનો જાણીને.
ભવતારણ ભગવંત ભેટ્યા, હરજીવનરામ હરિ મારા;
દેવારામના સદ્‌ગુરુ દાતા, જે મુજ પ્રાણ પ્યારા.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

ગુરુ ખેવટિયા ભારી, ઉતારે ભવજલ પારી ...ટેક.
નાવ નાંગરી ઊભા છે આરે, બેસવા સાન કરે સારી;
શ્રદ્ધા રાખી જે બેઠા, ઊતર્યા સાગર પારી.
જ્ઞાન દ્રષ્ટિ આપી ગુરુએ, નિરખવા દેવ મોરારિ;
ઘટોઘટ વ્યાપક પોતે, નહિ છેટો લગારી.
જ્ઞાન પ્રકાશે જોયું ઘટમાં, મટી ગઈ રેન અંધેરી;
નિરખીને હું ન્યાલ થયો, ગુરુ મૂર્તિ સુંદર ભારી.
પૂર્ણ પુરુષ મુજને મળિયા, હરજીવનરામ અવતારી;
દેવારામ પર દયા કરી, પલમાં લીધો ઉગારી.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

ભજન કર્યે ભય જાય સંતો, ભજન કર્યે ભય જાય ...ટેક.
સંત પુરુષોનો કર સમાગમ, કર્મ પોતાના કપાઈ;
કામ ક્રોધ મોહ ભય મિટાવી, નિરંતર પોતે થાઈ.
વૃત્તિ રાખો નિજનામમાં, અખંડ ધ્યાન લગાઈ;
નવ દ્વારની વાસના ટાળી, દશમાં દ્વારે જાઈ.
પાંચ તત્ત્વના દેહ મંદિરમાં, શ્વાસો શ્વાસની માંહી;
શબ્દ બ્રહ્મરૂપે જે બોલે, તે જ કૃષ્ણ કહેવાઈ.
સદ્‌ગુરુએ કૃપા કરી, ઓહી ભેદ બતાઈ;
કહે દેવારામ ગુરુને ભજતા, આનંદ આનંદ થાઈ.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

ભજન છે સુખકારી સંતો, ભજન છે સુખકારી ...ટેક.
ભજનથી તો મટે ભ્રમણા, દુઃખ ન રહે લગારી;
સંશય સમૂળા જાય મનના, ત્રિવિધિ તાપ નિવારી.
ભજનથી તો ભવ ભય મટે, અંતર આનંદ પ્રગટે ભારી;
સચરાચર વસે સોહં સ્વામી, એની થાય ઓળખાણી.
ભજન વિનાના અન્ય સાધને, પાર નહિ પડો પ્રાણી;
ગુરુ વિના સર્વ કમાણી, અંતે છે ધૂળધાણી.
સદ્‌ગુરુના ચરણ સેવી, કરો ભજનની કમાણી;
કહે દેવારામ દિલ ભીતરે, સદા થાય ઉજાણી.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

હઠીલું મન સમજે નહીં, ભલે કોટી કરો ઉપાય;
અજ્ઞાન માંહી અથડાઈ મરે, સાચું નહિ સમજાય ..ટેક
દીધી શિખામણ લાગે નહીં, કર્મ ફૂટેલાને કાંય;
પૂર્વના પાપે પાછા ન વળે, ગાફેલ ગોથા ખાય.
સદ્‌ગુરુનો સંગ કરતા, મનનો કુસંગ મિટાય;
એક લક્ષ પર લાગી રહેતા, સત્ય વસ્તુ પરખાય.
સદ્‌ગુરુનો મહિમા મોટો, જો કોઈ શરણે જાય;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, કાજ સબ સિદ્ધ થાય.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

દેખો આચારીના ખેલ, જેણે ભક્તિ કરી છે ફેલ ...ટેક
આચારીએ ઓટલો વાળ્યો, ખોટો ભભકો કરેલ;
પોતાના સ્વાર્થે બીજાને છેતરે, સત્ય નહિ સમજેલ.
નિત સવારે વહેલા ઉઠી, બોલે હરિનામના બોલ;
ધ્યાન ધરે પણ ઢંગ નહીં, નહિ નામનો તોલ.
લોકો દેખતા માળા રાખે, નહિ સ્મરણમાં સમજેલ;
ભક્તિ તણી ગમ નહીં, ભેદ વિનાના ભમેલ.
બહુ આચારી ભેળા મળીને, વાદ વિવાદ કરેલ;
શાસ્ત્ર અભિમાને હુંપદ માંહી, સાર નહિ સમજેલ.
નિર્ગુણ બ્રહ્મ નિરંજન ન્યારો, ઘટોઘટમાં વસેલ;
કહે દેવારામ ગુરુ સેવતા, અનુભવે જડેલ.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

જો જો કળજુગના સંતો, બાના ધરાવે છે મોટા;
બાનાને ઓથે કંઈકને છેતરે, મનમાં છે સાવ ખોટા ..ટેક
બોર્ડ લગાડી ઘર આંગણે, ધર્મને વેચવા બેઠા;
ભોળાજનોને ભરમાવીને, પેટ ભરવા બેઠા.
ભક્તિ તણી વાતો કરે છે, મનમાં વિચાર છે ભૂંડા;
દયા વગરના દાન લેવામાં, શરમાય નહિ ભૂંડા.
ભીડ જામી એવા સંતો પાસે, જેમ ખેલ કરે મૂંડા;
ભય બતાવે કળજુગ કેરો, વાળિયા છે લંગોટા.
એવા ગુરુ શું પાર ઉતારે, મૂળમાં જ છે ખોટા;
કહે દેવારામ ભરમાશો નહીં, ન મળે ગુરુના જોટા.

## ભજન (રાગ–હમ પરદેશી પંખી સાધુ)

તપેલા તવા જેવા કાળજા, ઉકળેલ આંધણ જેવા;
ઠારે પણ ઠરે નહીં, કર્મ ફૂટેલા એવા ...ટેક.
કીધું કોઈનું માને નહીં, આપ ડહાપણમાં રહેલા;
અજ્ઞાન અંધારામાં કાયમ ફરે, મન જેના બગડેલા.
ઉંધે માર્ગે ચાલે તે તો, વાળો તોય નહિ વળેલા;
દુરિજનોના સંગે રહીને, તાણે ખોટા તરેલા.
સત્સંગમાં પ્રીત નહિ ને, ખોટામાં ખોવાયેલા;
સંત પુરુષને નમે નહિ ને, અભિમાને અટવાયેલા.
ભક્તિરસ ભાવે નહિ ને, વિષય વિષ પીધેલા;
કહે દેવારામ ગુરુ વિના, નક્કી નરકે પડેલા.

## ભજન (રાગ–મચાવે એવી કોઈ હરદામાં)

જાગ્યા તે તો જગ જીત્યાને, રહ્યા અમર સદાઈ;
ભક્તિભાવે ભજે ગુરુને, દાસ ભાવે સદાઈ ...ટેક.
નિશદિન રહ્યા સાર સમજીને, જે ગુરુગમની માંહી;
નુરતે નિરખી સુરતે પરખી, આઠે પહોર અજંપા જપાઈ.
પડે ટંકશાળ અનેરી શૂનમાં, સુરતા ધ્યાન લગાઈ;
ભૂલે નહિ નિશાન કદીએ, જે સાચા ધ્યાની કહેવાઈ.
રહે જાગૃત નિજ ભજનમાં, પરવરતીથી પરાઈ;
પ્રેમભાવે કરે ભડાકા, ઉગમ ફોજની માંહી.
લોહ લગનીવાળા પાર પહોંચ્યા, ભવસાગરની માંહી;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, આવાગમન મટી જાઈ.

## ભજન (રાગ–મચાવે એવી કોઈ હરદામાં)

પ્રગટ પરમેશ્વર બિરાજે, તુજ ઘટની માંઈ;
સદ્‌ગુરુની સાન સમજલે, આપમાં આપ ઓળખાઈ ..ટેક
પ્રાણ સ્વરૂપે બિરાજે પોતામાં, જે જગજીવન કહેવાઈ;
ગાફિલ બની શું ગોથા મારો, સબ ઘટ રહ્યો સમાઈ.
મનની કલ્પનાથી જગજંજાળ, ઇચ્છા શક્તિ માંઈ;
પાંચ તત્ત્વને પડતા મેલો તો, આત્મરૂપ દર્શાઈ.
નહિ જલમાં નહિ થલમાં, નહિ જંગલ પહાડોમાંઈ;
હર દમેદમ જે ગાજે, સોહં સ્વરૂપે સદાઈ.
તે નિજ તત્ત્વ વિરલા જાણે, અવર ન જાણે કોઈ;
કહે દેવારામ ગુરુ મળે તો, નામ નિશાને અનુભવાઈ.

## ભજન (રાગ–મચાવે એવી કોઈ હરદામાં)

નામ નોબત ઘટમાં વાગે, પલપલ હુવો ઝણકારો;
સંતો સત શબ્દને ઉચ્ચારો ...ટેક.
દેહ દેવળમાં અદ્દભુત ધડાકા, તેમાં ચિત્તને ધારો;
કોણ કરે છે અવાજ માંહી, ધમણનો ધમનારો.
ઓળખી લે આતમરામને, ગુરુગમ દ્રષ્ટિ ધારો;
ઘંટડી વાગે સુરતા જાગે, નામમાં નિસ્તારો.
ઘટોઘટમાં પોતે ખેલે, બાવન અક્ષરથી બારો;
નાભિ કમલથી નટવા નાચે, પવન પુરુષ પ્યારો.
દેવી દેવતા જેના થકી, નાચ નાચે અપારો;
તખત ત્રિવેણી માંહી બોલે, શૂન મંડળમાં વસનારો.
ચંદ્ર સૂરજ કી જ્યોત જલત હે, સર્વને પ્રકાશનારો;
આવે આનંદ આઠે પહોર, જે નામ રૂપથી ન્યારો.
સુરતા લાગી નામ નિશાને, સોહં તણો વિસ્તારો;
કહે દેવારામ સદ્દગુરુ થકી, જીવન મુક્તિ માણો.

## ભજન (રાગ–મચાવે એવી કોઈ હરદામાં)

આ છે ગુરુની વણજાર, માલ ભર્યો છે અપાર;
આ છે સદ્દગુરુની વણજાર ....ટેક.
ભર્યા પોઠિયા સત્યજ્ઞાનના, ખજાનો અપરંપાર;
વિના મૂલ્યે આપે વાલો, પલપલ કરે પોકાર.
એવા દયાળુ સદ્દગુરુદેવ છે, જેની કૃપાનો નહિ પાર;
કરે ઓરગત કોઈ જિજ્ઞાસુ તો, થાય બેડો પાર.
આવા ગુરુને કેમ ભૂલીએ, રહીએ શરણ મોજાર;
સેવક થઈને સેવા કરીએ, તજીને અહંકાર.
ફરી આ અવસર નહિ મળે, કરી જો મનમાં વિચાર;
જ્ઞાની ગુરુ મળ્યા વિના, કોણ સમજાવે સાર.
ધન્ય ધન્ય સદ્દગુરુ, જ્ઞાન વણજ કરનાર;
દેવારામ પર દયા કરી, દીધો આત્મ ખજાનો અપાર.

## ભજન (રાગ–મચાવે એવી કોઈ હરદામાં)

જુગ બંધનની જેલ એમાં, ભલભલા જઈને પડેલ ;
જુઓ આ જુગ બંધનની જેલજી ...ટેક.
નહિ કરવાના કર્મ કરીને, ગુનેગાર બનેલજી;
મોંઘા મૂલી જિંદગી, બંધનમાં વિતાવેલ.
મોહ મમતાની મોટી બેડી, બહુ ભીસીને ભીડેલજી;
એમાંથી છૂટવાને, બહુ મહેનત કરેલ.
વ્રત નિયમ ઉપાસના, કંઈક ઉપાય કરેલજી;
કર્મથી કર્મ નવ ખપે, વૃથા મહેનત કરેલ.
સદ્‌ગુરુની સાન સમજી, અજંપા જાપ જપેલજી;
કહે દેવારામ જુગ બંધન જેલ, ગુરુથી છૂટેલ.

## ભજન (રાગ–મચાવે એવી કોઈ હરદામાં)

અજ્ઞાન દશાથી જાગો, સદા ગુરુચરણને માંગો;
કોઈ અજ્ઞાન દશાથી જાગો ...ટેક.
મનુષ્ય દેહ કાચો તાંતણો, પલમાં તૂટી જાશે ધાગો;
કામ ક્રોધ મોહ મમતા, સદા અંતરથી ત્યાગો.
બાળ જોબન વૃદ્ધ અવસ્થાનો, સમય જાય છે ભાગ્યો;
ખોટી કલ્પનામાં જન્મ ગુમાવ્યો, હરિ નામમાં ન લાગ્યો.
હજી સમજી સત્ ભેદ લઈને, નિશાને સુરતા રાખો;
ગુરુની સાનમાં જે સમજ્યો, તે અજ્ઞાન દશાથી જાગ્યો.
કહે દેવારામ ગુરુ ભજ્યા વિના, લખ ચોરાસી જાશો;
સદ્‌ગુરુના ચરણ સેવતા, નિજ ધામમાં જાશો.

## ભજન (રાગ–મચાવે એવી કોઈ હરદામાં)

વણજું કરજો વિચારી મનવા, વણજું કરજો વિચારી;
આ જગતમાં જ્યાં જુઓ ત્યાં, છે ભુંડપની ભારી ..ટેક.
જન્મ ધરી શું વણજ કરી, શું સંગાથે લીધું તારી;
ભૂલ ખાધી તો કર્મનો, ભાર ભરાસે ભારી.
સાથે લેજે સદાચારી, તૃષ્ણાને મેલ વિસારી;
શીલ સંતોષ ને સમતા રાખી, મટીજા અહંકારી.
દયા શાંતિ ધીરજ રાખી, કર સ્મરણ સુખકારી;
દમન કરી ઇન્દ્રિયોનું, ગુરુમાં જા સમાઈ.
સત્ય ભજનની અમૂલખ મૂડી, ગુરુચરણ સુખકારી;
સાચી શિખામણ ગુરુની માની, દેવારામ લે વિચારી.

## ભજન (રાગ–મચાવે એવી કોઈ હરદામાં)

ગુરુ મળ્યા પણ ગમ ન લીધી, મનવા અવળી મતિ કીધી;
સંસાર સુખ જાણી સવાયા, મેળવવા દોટ દીધી ...ટેક.
અખંડ અવિચળ સુખ પામવા, ગુરુએ સાન કીધી;
નિજનામની ફેરી લે માળા, શ્વાસો શ્વાસે સીધી.
સદ્‌ગુરુની સાન સમજી, જેણે વૃત્તિ વાળી લીધી;
નિજરૂપનું દર્શન પામ્યા, પરમ પદવી લીધી.
સચરાચરમાં જે વસેલો, ગુરુગમે ભાળ લીધી;
નિત નિત દર્શન કરતાં, પ્રેમની પ્યાલી પીધી.
ભટકેલ મન સ્થિર કરી, અખંડ શાંતિ કીધી;
કહે દેવારામ ગુરુ દયાળુ, કૃપા ઘણી ઘણી કીધી.

## ભજન (રાગ–મચાવે એવી કોઈ હરદામાં)

સદ્‌ગુરુની સમજણ વિના, બગાડ્યા સર્વ કાજ;
ભાઈ બગાડ્યા સર્વ કાજ ...ટેક.
મોંઘો દેહ મળ્યો તુજને, હરિ ભજવાને કાજ;
વાર્તામાં વખત ગુમાવે, આવી નહિ તુજને લાજ.
મિત્રો સાથે હેતે કરીને, બેઠો રમવા આજ;
ખોટી રમતમાં હારી બેઠો, સંપત્તિ ને લાજ.
મિત્રો કહે મૂર્ખો મોટો, નથી જોતો પોતાનો કાજ;
અવળાઈએ અથડાઈ બેઠો, ખોઈ કુળની લાજ.
ભાઈ ભાઈ કહેતા તે ભાગવા લાગ્યા, મેલી રખડતો આજ;
ભૂખે ને દુઃખે ઝેર પીધું, ન દીધો કોઈએ સાથ.
સંગ કરો સદ્‌ગુરુનો તો, સુધરે સઘળા કાજ;
કહે દેવારામ ગુરુવચનમાં, પૂરણ રાખો વિશ્વાસ.

## ભજન (રાગ–મચાવે એવી કોઈ હરદામાં)

પાણી રેડે ને પાછા વળે, જઈને ગોંદરે ઢોળે;
ભાઈ જીવન કાદવમાં રોળે ...ટેક.
ગતિ વિનાના ગોથા ખાય, અજ્ઞાની તે નર;
દીધી શિખામણ લાગે નહીં, દુઃખ ભોગવે એવા નર.
ભૂલા પડી ભટકે રે, માને નહિ તે સંતના વેણ;
સવળુ કહેતા હઠે ભરાય, નીચા ઢાળે નેણ.
એવા કબુદ્ધિએ જઈ હરખાય, ખોટામાં તે ભળે;
સંતની વાતો ગળે ન ઉતરે, જેમ બિલ્લી ઉંદરને ગળે.
તોય સૂઝે નહિ લગાર, અંધારે અથડાય મરે;
અજવાળાથી અળગા ચાલે, સત કમાય તે કેમ કરે?
કમાય વિના કિરતાર ન મળે, જેને જાતિ ભેદ નડે;
જોવામાં તે જિંદગી કાઢે, ખરી વસ્તુ કેમ જડે?
જાતિ કાઢ્યા વિના જોગ ન મળે, ભલે કોટી ઉપાય કરે;
એવા કર્મથી કિરતાર ન મળે, ભલે અડસઠ તીરથ ફરે.
ભક્તિ કરવી હોય તો ભાન રાખી, સંતની સંગે ફરે;
દાસ ભાવે સેવા કરો તો, જરુર જદુરાઈ મળે.
પૂર્વના નર પ્રગટ ખેલે, જેની પૂર્ણ કમાઈ;
કહે દેવારામ ગુરુ વિના, ફેરો નહિ ફળે.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

સદ્‌ગુરુ શ્યામ છડીદાર, જેની કળા અપરંપાર;
તમે છો સદ્‌ગુરુ શ્યામ છડીદારજી ...ટેક.
આ કળજુગમાં કરી કરુણા, જેના પ્રગટ પ્રમાણજી;
સમરતા હાજર થાવો શામળા, કરુણારૂપ કિરતાર.
મૂંઝવણ મટાડી મન તણી, ભાવે ભેળા ભગવાનજી;
વેગે આવ્યા વહેલા તમે, ભવજલ તારણહાર.
ઉમંગેથી ઉરમાં લીધા, કીધા નિર્ભય નિરધારજી;
વસમી વેળાએ વહાર કરી, ત્રિભોવન કિરતાર.
ભવતારણ ભગવાન મળિયા, હર હરજીવનરામજી;
દેવારામની હુંડી સ્વીકારી, લજ્યાના રાખણહાર.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

મને મળ્યા સદ્‌ગુરુ શ્યામ, ઓળખાવ્યો આતમરામ;
મને મળ્યા સદ્‌ગુરુ શ્યામજી ...ટેક.
અજંપા ધ્યાન આપ્યું ગુરુએ, સોહંપદનું ભાનજી;
ઘટોઘટમાં ગાજી રહ્યો, અલખધણી કિરતાર.
સર્વ તીર્થ જોયા ઘટમાં, જોયા અલખધણીના દ્વારજી;
અખંડ જ્યોતિ ત્યાં જલત હે, અખંડ વહે ગંગધાર.
અગમ ભેદ ગુરુએ બતાવ્યા, ચાર વેદથી પારજી;
અલખ નિરંજન દેવ ઓળખ્યા, મટી ગયો ભટકાર.
સમર્થ સદ્‌ગુરુ મને મળ્યા, હરજીવન કિરતારજી;
ઘટોઘટના વાસી વાલા, દેવારામના શિરતાજ.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

ગુરુ હીરાની ખાણ, એવી થઈ ગઈ જેને જાણ;
ગુરુ છે હીરાની ખાણજી ...ટેક.
અમૂલખ એ જ્ઞાન ખજાનો, કરું ક્યા મુખે વખાણજી;
ભાવે પ્રેમે ચરણ સેવતા, મટી મનની તાણાવાણ.
પરમ સુખિયા કીધા ગુરુએ, કરાવી નામની જાણજી;
દરિદ્રતા ટાળી ભવોભવની, હૈયે ન રહી હાણ.
આવન જાવનના ફંદ ટાળિયા, મટી ચોરાસીની ખાણજી;
સદા ચરણમાં રાખ્યા વાલે, આપી પરમપદની જાણ.
નિરંતર નામ રટુ ગુરુનું, દમેદમ કરું પ્રણામજી;
કહે દેવારામ સદ્‌ગુરુને, સાક્ષાત્ હરિ જાણ.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

ભવ તરવાના નાવ ગુરુ, ઉતારે સહેજે પાર;
ગુરુની કરુણા અપારજી ...ટેક.
ભયંકર આ ભવસાગર, તરતા ન આવે પારજી;
આપ બળે કોઈ ન તરે, ગુરુ ઉતારે પાર.
નામ નાવમાં બેસાડી, સદા લિયે સંભાળજી;
આવરણ તેને કદી નાવે, સદ્‌ગુરુ તારણહાર.
અનંત જુગથી તરણ તારણ, સદ્‌ગુરુ કિરતારજી;
ગુરુના ગુણની શાખ આપે, વેદ શાસ્ત્ર પુરાણ.
ભવસાગર પાર ઉતરવા, પકડ ગુરુ આધારજી;
કહે દેવારામ ગુરુ મારા, ત્રિભોવન કિરતાર.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

ધન્ય ધન્ય ઉગારામ, તમારી કળા અપરંપાર;
તમને ધન્ય ઉગારામજી ...ટેક.
મૂંઝવણ મારા મનની જાણી, કરી કૃપા અપારજી;
સંકટ મારુ સહેજે ટાળી, દીધુ પ્રગટ પ્રમાણ.
બાનાનું બિરદ પાળી, વેલી કરી છે વારજી;
અખંડ વ્રત બીજનું સ્થાપ્યું, કરુણાસાગર કિરતાર.
સદા સંગે અમને રાખી, જીવન સફળ કરનારજી;
સત નામનો વિશ્વાસ બંધાવી, સહેજે કીધા ભવપાર.
શું વખાણું વાલા તમને, દેવારામના દીન દયાળજી;
સંકટના બેલી છો શામળા, સદ્‌ગુરુ ઉગારામ.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

બનાવ્યું તરઘરી ધામ, ત્યાં બિરાજે ગુરુ હરિરામ;
સ્વામી તમે બનાવ્યું, તરઘરી શુભ ધામજી ...ટેક.
સેવક જનના સંકટ ટાળવા, પ્રગટ થયા તે ગામજી;
દુઃખડા હરે પીડા મટાડે, સુધાર્યા સર્વે કામ.
દયા કરીને દાન આપે છે, આપે છે સત જ્ઞાનજી;
જ્ઞાન આપી ગમ કરાવે, ઓળખાવે આતમરામ.
મહાપદને પ્રગટ કરવા, આપે ધર્યો અવતારજી;
ગામે ગામ જેના ગુણ ગવાય છે, તોડ્યા ફંદ તમામ.
અગમ ઘરની ઝીણી વાતું, સુગમ કરી ઓળખાયજી;
શબ્દરૂપી બાણ છૂટ્યા, સોહં સ્વરૂપે સમાય.
આત્મપદ પ્રેમે પાયા, પુરી દેવારામની હામજી;
હેતે કરીને હરિ મળ્યા, સન્મુખ દર્શાણા શ્યામ.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

ધન્ય હરજીવનરામ, અમારા સફળ કર્યા કામ;
તમને ધન્ય હરજીવનરામજી ...ટેક.
મહાપદની ઓળખાણ કરાવી, દીધા ભક્તિના દાનજી;
શ્વાસો શ્વાસની સાનમાં, ઓળખાવ્યો આતમરામ.
અજંપા જાપની આપી ગાયત્રી, મટી અવિદ્યા તમામજી;
ઓહંગ ઉઠે સોહં બેસે, શૂનમાં જઈને સમાય.
ઈંગલા પિંગલા આસન ઉપર, હાજર હરદમ માંયજી;
શૂન શિખર ગઢ મેળા થયા, આનંદ અપરંપાર.
નવે ખંડમાં નેજા રોપ્યા, સોહં નામ છડીદારજી;
કર જોડી કરું વિનંતી, દેવારામના તારણહાર.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

ધન્ય ધન્ય તરઘરી ગામ, અવતાર લીધો હરજીવનરામ;
ધન્ય ધન્ય તરઘરી ગામજી ...ટેક.
અનેક હંસની સંભાળ લેવા, પ્રગટ્યા સદ્‌ગુરુ શ્યામજી;
દયા કરીને અમને આપ્યા, અખંડ અજંપા જાપ.
મહાધર્મને ઓળખાવવા, આપે ધર્યો અવતારજી;
અગમની ગમ કરાવી, ઓળખાવ્યો આતમરામ.
શબ્દ સ્વરૂપે સબઘટ વ્યાપક, આપે સોહં રામજી;
પ્રગટ પ્રમાણ સંતો જાણે, જેને લાગ્યો ગુરુથી તાર.
ધન્ય ધન્ય સદ્‌ગુરુ, ધન્ય હરજીવનરામજી;
દેવારામના તારણહારા, આપે પૂરણ રામ.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

સદ્‌ગુરુ સુખના ધામ, જેણે આપ્યું અનામી નામ;
સદ્‌ગુરુ છે સુખના ધામજી ...ટેક.
દુઃખ અમારા દૂર કર્યા, આપી સતની સાનજી;
ભટકાર મટાડી જુગે જુગનો, ઠરી બેઠા ઠામ.
મનુષ્ય દેહનો મર્મ સમજાવ્યો, આમાં કોણ કરે છે કામજી;
રોમેરોમમાં જેનો સંચાર, તે પોતે આતમરામ.
આંખ જુએ કાન સાંભળે, નાકે ગંધ લેનારજી;
સ્વાદની ખબર જીભને પડે, આવી રચનાનો કરનાર.
ચૈતન પુરુષ છે તારા ઘટમાં, તેના કરી લે દીદારજી;
આવરણ એકેય આવે નહીં, પ્રગટે લેર અપાર.
નુરત સુરતના માંડ મોરચા, કરી લે નિશાને ધ્યાનજી;
ભજનનો કર ભડાકો, તો પ્રગટે આત્મજ્ઞાન.
માણો મોજુ નિજાનંદમાં, છે અખૂટ ખજાનો અપારજી;
દાસ દેવારામ હરિગુરુ ચરણે, કરું અમૃતપાન.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

ધન્ય ધન્ય ગુરુ અમારા, કરુણાસાગર કિરતારા;
ધન્ય ધન્ય ગુરુ અમારા ...ટેક.
વિઘ્ન હર્યા ગુરુ અમારા, જાણી દાસ તમારા;
શું ગુણ ગાવ તમારા, ગુણ છે અપરંપારા.
અકળ કળા જોઈ તમારી, નાથ નિરંજન ન્યારા;
સંકટ સમયે સહાય કરી, પ્રાણ પતિ પ્યારા.
જે પદ દેવોને દુર્લભ, તે સહજમાં દેનારા;
સાદી ભાષા સાદા વેશમાં, વેદ વેદાંત કથનારા.
પરા પાર વાસ તમારો, એમ જાણે દાસ તમારા;
જાતિ ભાતિ નહિ તમારે, વસો બાવનથી બારા.
દેવારામના સ્વામી તમે છો, ઘટોઘટમાં રમનારા;
સર્વને દેજો સત મતિ, જાણી બાળ તમારા.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

હાલો મન સદ્‌ગુરુને દ્વાર, ગુરુ બતાવે મોક્ષ દ્વાર;
હાલો મન સદ્‌ગુરુને દ્વાર ...ટેક.
સદ્‌ગુરુના ચરણ સેવતા, ખુલે અગમના દ્વાર;
અગમ ભોમમાં એવી રમતો, રમે સુંદર શ્યામ.
બિન બજાવ્યે વાજા વાગે, વાગે પરાની પાર;
પ્રેમ પખાજ ખંજરી વાગે, શીંગીનાદ ઘુરાય.
મોટા મોટા મુનિવરો, જોવાને ત્યાં જાય;
અખંડ રાસ રમે કનૈયો, નિરખીને ન્યાલ થાય.
નિર્ગુણ બ્રહ્મ નિરંજન નામ, એ જ સદ્‌ગુરુનું દ્વાર;
કહે દેવારામ સાન સમજી, તારી સુરતામાં ધાર.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

દેહમાં દર્શાણા અવિનાશી, હવે મટી ચોરાસી ફાંસી;
દેહમાં દર્શાણા અવિનાશી ...ટેક.
પાંચ તત્ત્વને પડતા મેલી, સદ્‌ગુરુ સે લેહ લાગી;
સતનામનું સ્મરણ કરતા, સૂક્ષ્મણાને સાંધી.
તૃષ્ણા તોડી વૃત્તિ જોડી, મટી કામ ક્રોધ ઉપાધિ;
પરવરતીને પ્રજાળીને, દીધા શાંતિ પદમાં સ્થાપી.
અખંડ દર્શન પૂરણ બ્રહ્મના, જ્યાં પ્રેમ પખાજ વાગી;
બંસી વાગી ઝીણા સૂરમાં, મનવો ભયો વૈરાગી.
નિરંજન બ્રહ્મ ગુરુ મળિયા, અગમ ઘરના વાસી;
કહે દેવારામ દયા દાખવી, તૂટી જમની ફાંસી.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

હે વીરા વાટે ચાલો, તમે સાચા વેપારી;
વાલા વણજું કરજો વિચારી ...ટેક.
હરિનામના તમે હીરલાને ઓરજો, જેમાં ભય નહિ કાંય જી;
ખોટ નહિ પાઈની, પલેપલ કરે સહાય.
કાળદાણી છે કારમો, પલમાં કરે ધૂળધાણી;
આ રે અવસરિયો જાય છે, માથે માંડી છે ઘાણી.
આમાંથી ઉગરવા ગુરુજીએ, એક આપી છે બારી;
નામને આધારે ચાલતા, આવે નહિ રેન અંધેરી.
મહામણિ મળ્યો સહેજમાં, અમૂલખ છે આ લાણી;
મોજું માણો હરખે હાલો, સત શબ્દની એંધાણી.
જોગ મળ્યો અમૃત ચાખવા, હાર ન પામો હિંમત ધારી;
ડગલા માંડજો ડગ્યા વિના, સદ્‌ગુરુને હાથ દોરી.
શબ્દે ચાલો વચન વિચારો, મહાજળ તરવાનું આ બારું;
દેવારામને ગુરુ હરજીવનરામ મળ્યા, મટાડ્યું જળ આ ખારું.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

હરદમે હરિને જાણ, નહિ પાષાણ પિતળમાંય;
હરદમે હરિને જાણ ...ટેક.
અનેક પ્રતિમાઓ બની જેની, તે વસી રહ્યો છે ઘટમાંય;
તે ચેતનને ઓળખ્યા વિના, બાહિર શું ભટકાઈ.
અનેક નામરૂપ કહ્યા જેના, તે અલખ એક દર્શાય;
સોહં બ્રહ્મ તે વસી રહ્યો, સર્વના ઘટમાંય.
બોલનહારો બીજો નથી, તેને ગુરુગમથી જાણ;
ગુરુગમ વિના જો મારીશ ગોથા, તો કાયમ રહેશે મોકાણ.
અવિનાશી અલબેલો, તેની કળાનો નહિ પાર;
કહે દેવારામ ગુરુ સેવ્યા વિના, નહિ તે ઓળખાય.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

સત્સંગમાં છે સાર, પકડ ગુરુવચન આધાર;
જગતમાં સત્સંગમાં છે સારજી ...ટેક.
સત્સંગ થકી મન સમજે, છોડે અવિદ્યા તમામજી;
આવરણ વાદળ ભેદી સર્વે, સમજાય સાચો સાર.
સદ્‌ગુરુના સત્સંગ વિના, મટે નહિ ભટકારજી;
જે સમજ્યા ગુરુની સાનમાં, સહેજે ઊતર્યા પાર.
સત્ય વસ્તુને પરખવા, માથે સદ્‌ગુરુ ધારજી;
સતનો સંગી કાયમ બનાવે, રહે ન પ્રપંચ લગાર.
સતનામમાં સુરતા રાખો, એ જ સત્સંગનો સારજી;
કહે દેવારામ ગુરુને ભજતા, આનંદ અતિ અપાર.

## ભજન (રાગ–મળિયા હૈયાના હાર)

અમને ભેદ બતાયા ગુરુએ, સત્ય નામ ઓળખાયા;
ગુરુએ અમને ભેદ બતાયા ...ટેક.
નહિ વેદમાં નહિ પુરાણમાં, નહિ કોઈ શાસ્ત્રો માંહી;
નહિ કુરાન કે બાઈબલમાં, નિજઘટમાં ઓળખાયા.
બાહિર દ્રષ્ટિ બંધ કરીને, અંતર તાર સંધાયા;
સોહં શબ્દે સુરતા સાંધી, તૂંહીં તૂંહીં તાર લગાયા.
તાર સુણિયા મન મળિયા, આપ મે આપ સમાયા;
આનંદના તો ઓઘ ચડિયા, લેરમાં લેર સમાયા.
સમર્થ ગુરુ હરજીવનરામ મળિયા, સત્ સંદેશ કહાયા;
દેવારામે ભાવે સુણિયા, અનભે ઘર કો પાયા.

## ભજન (રાગ–મરજીવા રસ માણે)

બીજ ધર્મનો મહિમા મોટો, જેને વખાણે વેદ ને વાણી હે જી;
સંતજનોએ ધારણ કરિયો, જૂનો ધર્મ જાણી ...ટેક.
નિજનામ સર્વમાં સરખું, તેને ભજો પ્રાણી હે જી;
સોહં સ્વરૂપ સર્વમાં બોલે, પ્રગટ રહ્યો પોકારી.
ગુરુમુખી ઘટમાં ગોતે, અંતર દ્રષ્ટિધારી હે જી;
ગુરુ જ્ઞાને નિજઘટમાં, કરી તેની ઓળખાણી.
સંત ભક્ત ઋષિમુનિઓ, નિજનામ વખાણી હે જી;
નામ એ જ નારાયણ છે, અખંડ સુખની ખાણી.
નિજનામ નિજ ધર્મ, એ જ બીજ ધર્મ જાણી હે જી;
કહે દેવારામ ગુરુ સેવી, સમજણ લઈ લે પ્રાણી.

## ભજન (રાગ–મરજીવા રસ માણે)

આવે ભવસાગરનો આરો, હરિજનો આવે ભવસાગરનો આરો હે જી ..ટેક
શ્વાસો શ્વાસ સહેજે ચાલે, સ્મરણ ચિત્તમાં ધારો હે જી;
આઠે પહોર પડે ટંકશાળ, એકવીસ છસે હજારો.
જપો અજંપા જાપ જુગતે, નામ થકી ગુંજારો હે જી;
નામ વિના અનંત જુગ જાવે, તોય નહિ આવે આરો.
નામ થકી નાવ તરે, જલ્દી આવે કિનારો હે જી;
સુકાન જેનું ગુરુના હાથમાં, તે પોતે ઉગારનારો.
વિચારમાં વાણું વાયુ, વા વંટોળ અપારો હે જી;
મૂંઝાણો અધવચ્ચે મુસાફીર, ગુરુ બિન નહિ ઉગારો.
કાળ દાણી આવે ઝડપથી, હમણાં દીપક બુઝાશે તારો હે જી;
જાણપણાના જોર માંહી, બહુ તું અથડાયો.
જાણપણું જવા દે તારું, કર શબ્દ ઉચ્ચારો હે જી;
સન્મુખ ઊભા સદ્‌ગુરુદેવ, દિલમાં કરી લે દીદારો.
શબ્દ માંહી સુરતા રાખો, પલપલ હુવો ઉજિયારો હે જી;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, દેહ દેવળમાં દીદારો.

## ભજન (રાગ–મરજીવા રસ માણે)

સંતો છે તારણહારા, જગતમાં સંતો છે તારણહારા હે જી ..ટેક
તરવાના તુંબડા છે સંતો, કરે ભવજલ પારા હે જી;
વાલિયાને વાલ્મીક બનાવી, ઉતાર્યા ભવપારા.
અજામિલ મહા પાપી, સંત પધાર્યા જેને દ્વારા હે જી;
નારાયણ નામ પુત્રનું રાખ્યું, રટતા ઉતર્યો પારા.
જેસલના પાપનો પાર નહીં, ગણતા ન આવે પારા હે જી;
બુડતી બેડલી તારી તોરલે, બતાયા નામ આધારા.
લાખારાજે સતી લોયણને, આપ્યા દુઃખ અપારા હે જી;
કરી કસોટી તોયે તાર્યો, લઈ ગઈ સંત દ્વારા.
વારાહીને થયો પસ્તાવો, કર્યા કુકર્મ અપારા હે જી;
સંતે આવી સાન બતાવી, ધ્યાન ધણીના ધાર્યા.
શબરી ભાવમાં મગ્ન બની, ગોતે રામ કિરતારા હે જી;
માતંગઋષિએ માર્ગ બતાવ્યો, મળ્યા રામ કિરતારા.
કહે દેવારામ સદ્‌ગુરુ સેવતા, પલમાં ઊતર્યા પારા હે જી;
સદ્‌ગુરુ સંત મળ્યા વિના, નહિ આવે નિસ્તારા.

## ભજન (રાગ–મરજીવા રસ માણે)

સંતો છે તારણહારા હરિજનો, સંતો છે તારણહારા હે જી ...ટેક.
સંત સેવાએ અનેક સુધર્યા, પાપી અને નઠારા હે જી;
અજ્ઞાની ને અભિમાની, પલમાં ઊતર્યા પારા.
ગુરુ સેવાએ અભયપદ પામિયે, શાસ્ત્ર વચન ઉચ્ચારા હે જી;
ગુરુ સેવ્યા વિના કોઈ ન ઉગર્યા, જોઈ લ્યો વેદ પુરાણા.
સદ્‌ગુરુની સાન સમજી, જપો નામની માળા હે જી;
નિજઘટમાં નાથને નિરખો, તૂટે ભ્રમના તાળા.
ધન્ય ધન્ય સદ્‌ગુરુ સંતને, ધન્ય તારણહારા હે જી;
કહે દેવારામ ભાવે સેવી લ્યો, પછી નહિ આવે વારા.

## ભજન (રાગ–મરજીવા રસ માણે)

અજબ યુદ્ધ મંડાણા સંતો ભાઈ, અજબ યુદ્ધ મંડાણા હે જી ..ટેક.
સાચા સિદ્ધાંતે સફળ થયા છે, ગુરુ રાહે ચાલનારા હે જી;
પકડી નિશાની ચાલ્યા બજારે, પહોંચી ગયા પરવાનાવાળા.
શીલ સંતોષ મહાબળિયા, ધીરજ ઢાલ ધરનારા હે જી;
નિશ્ચળ દ્રષ્ટિએ પાડ્યા નિશાના, ભાગ્યા ચોર નઠારા.
માલમી મળિયા મહેર કરીને, માર્ગ બતાવ્યા સારા હે જી;
સૂક્ષ્મણાએ ઘાલ્યો ઘેરો, બાણ ચલાવ્યા ચોધારા.
નુરતેથી નિરખી લીધા, સુરતા તાર સંધાયા હે જી;
કરડી કમાન ચડાવી નામની, કામ ક્રોધ હટાયા.
બળ કરી બેઠા તા ઘરમાં, દ્વારે દ્વારે ફરનારા હે જી;
ગુરુબાણે વીંધી નાખ્યા, નિર્ભય સ્થાન ઠેરાયા.
સઘળા શહેરમાં કરી ઉજાણી, દિલમાં થયા દીદારા હે જી;
મન મેવાસી માંહી સમાયો, અરસપરસ એકતારા.
મલિન વાસના મટી માંહીથી, આનંદરસ રેલાયા હે જી;
અંતરમાંથી આવે ભભુકા, મંદિરમાં થયા ઝણકારા.
નવે ખંડમાં નેજા રોપ્યા, દશમે મોલે દીદારા હે જી;
કહે દેવારામ મટ્યા અંધારા, છૂટ્યા ચોરાસીના બારા.

## ભજન (રાગ–મરજીવા રસ માણે)

રુદિયે હિંમત ધરિયે હરિજનો, રુદિયે હિંમત ધરિયે હે જી ...ટેક.
મરજીવા થઈ ભક્તિ કરિયે, પાની પાછી ન ધરિયે હે જી;
સતને રસ્તે ચાલવામાં, દુરિજનથી ન ડરિયે.
ગુરુચરણમાં ભાવ ધરીને, નિત નિત સેવા કરિયે હે જી;
તન મન ધન ગુરુને સોંપી, પ્રપંચને પરહરિયે.
પ્રારબ્ધ વસાત કંઈ સંકટ આવે તો, દિલમાં જરા ન ડરિયે હે જી;
ગુરુવચનનો વિશ્વાસ બાંધી, ભજનમાં ચિત્ત ધરિયે.
સમર્થ ગુરુની છાંયામાં રહી, ફિકર મૂકીને ફરિયે હે જી;
દયાળુ ગુરુદેવ કૃપાથી, ભવસાગરને તરિયે.
તરણ તારણ સદ્‌ગુરુ છે, તેના ચરણે શીશ ધરિયે હે જી;
કહે દેવારામ ગુરુગુણ ગાતા, પરમ ધામમાં ફરિયે.

## ભજન (રાગ–મરજીવા રસ માણે)

ભક્તોની કરવા સહાય ભીડભંજન, ભક્તોની કરવા સહાય હે જી;
યુગેયુગમાં પ્રગટ થયા છો, પ્રગટ પ્રમાણ દેખાય ...ટેક.
હઠે ભરાણા વિશ્વામિત્ર, ચળવા હરિશ્ચંદ્રરાય હે જી;
કરી કસોટી સત ન છોડ્યું, હરિએ કરી સહાય.
ભક્ત પ્રહ્‌લાદને મારવા, ધાયો હિરણ્યકશિપુરાય હે જી;
ધ્યાન ધરિયું નિજરૂપનું, નરસિંહરૂપ ધરાઈ.
ધનાભગતને જાચવા પ્રભુ, સાધુરૂપ ધરાઈ હે જી;
સાધુ જમાડી વેળુ વાવી, ઘઉં દિયા નિપજાઈ.
રોહીદાસના ચમાર કુંડે, ગંગાજી ઉભરાઈ હે જી;
શેઠને માથે કરુણા કરી, ગળે ન ઉતર્યું કાંઈ.
નરસિંહ માથે માંડલિક કોપ્યો, હાર નાખ્યો ગળામાંય હે જી;
સભા દેખતા પ્રભુ પધાર્યા, સકલરૂપે રઘુરાઈ.
ચરણામૃત કહી ઝેર મોકલ્યા, મારવા મીરાબાઈ હે જી;
હળાહળ ઝેર અમૃત કીધાં, તોય રાણાને ન સમજાઈ.
જલારામ પાસે કરી માંગણી, સેવામાં દિયો વિરબાઈ હે જી;
વાજતે ગાજતે પાછા મોકલ્યા, કરી ભક્તની સવાઈ.
અનેક ભક્તોના કામ કીધા, ચારેય યુગની માંહી હે જી;
દેવારામના સદ્‌ગુરુ શ્યામ, પલપલ કરી સહાય.

## ભજન (રાગ–મરજીવા રસ માણે)

રાખો ઘરની તકેદારી સંતો ભાઈ, રાખો ઘરની તકેદારી હે જી ...ટેક
સઘળા ચોર વસે શહેરમાં, લૂંટ કરે બહુ ભારી હે જી;
ચિત્ત વૃત્તિ તેમાં સાથ આપે છે, માલ બધો સંઘરનારી.
પળે પળે તે ડોકા કાઢે છે, સત્યને ભૂલાવનારી હે જી;
છળ કરીને ચાલે શાણી, ખજાનો હાથ કરનારી.
માલિક આવે ત્યારે ભાગી જાય છે, છાની તે ભમનારી હે જી;
કબુદ્ધિ સાથે મારે કુદકો, કરી કમાણી ધૂળધાણી.
ખરા ખંતથી કામ કરે છે, હાથ ન આવે હરામી હે જી;
જુલમ કરીને રાખે ઝાલી, બચવાની ન મળે બારી.
કરે ઉપાસના ચાહે પકડવા, લાગે નહિ કાંઈ કારી હે જી;
કષ્ટ કરીને મથે મારવા, ભાગી જાય ભમરાળી.
હારી ગયા તીર્થવાસી, માળા મૌન ધારી હે જી;
ઊભા રહીને રહે ઉપવાસી, બળ કરીને ગયા હારી.
ઘણાં ઉપાય અજમાવી જોયા, સ્થિર નહિ તે થનારી હે જી;
બાહિર બંધુકે કર્યા ભડાકા, તોય નહિ ડરનારી.
પોથીવાળા પાર ન પહોંચ્યા, પૂરા નહિ તે પૂજારી હે જી;
કહે દેવારામ સદ્‌ગુરુ મળ્યા, પૂરણ પુરુષ નિજારી.

## ભજન (રાગ–ઈશ્વર કો ઢૂંઢે સબ દુનિયા)

જોઈ લ્યો લક્ષણ સંતના, શીતળ છે જેના અંગ;
વાણી જેની મીઠી મધુરી, સાંભળતા લાગે રંગ ...ટેક.
મુખડા જેના કમળ જેવા, આઠે પહોર આપે આનંદ;
દિલથી મળે જિજ્ઞાસુને, પ્રેમમાં નહિ કદી ભંગ.
અંતરમાંથી છૂટે ભભૂકા, સાચો ભક્તિનો રંગ;
બોલી જેની બદલાય નહીં, સાગરપેટા જેના અંગ.
હળવા કરી હાંકે રસ્તે, બૂડે નહિ તેને સંગ;
સામે કિનારે સહેજે ઉતારે, તે સાચા ભગવંત.
સંતજન તેને કહિયે, બદલે નહિ બીજો રંગ;
કહે દેવારામ નિત્ય હું ઇચ્છું, સદ્‌ગુરુનો સંગ.

## ભજન (રાગ–ઈશ્વર કો ઢૂંઢે સબ દુનિયા)

મળે નહિ જો સંતનો સંગ તો, કાયા મળી શું કામની?
સદ્‌ગુરુના સમરણ વિના, આ જિંદગી શું કામની?...ટેક
સદ્‌ગુરુ સંગ જો મળે તો, ચાવી બતાવે નિજનામની;
નિત્ય નામની માળા ભજતા, છબી દીખાવે શ્યામની.
આઠે પહોર રહેવે આનંદ, અવિદ્યા નો આવે આમની;
નિર્ભયપદમાં સદા રહું હું, કૃપા સદ્‌ગુરુ શ્યામની.
ધન્ય ધન્ય સદ્‌ગુરુ દાતા, ધન્ય કૃપા આપની;
સર્વ કર્મના કરજ કાપ્યા, સંભાળ લીધી દાસની.
કહે દેવારામ દયા દાખવી, ભે ભાંગી ભવની;
જન્મો જન્મ સંગે રહો, સેવા કરું હું આપની.

## ભજન (રાગ–ઈશ્વર કો ઢૂંઢે સબ દુનિયા)

ભટકાર મટે સદ્ગુરુ થકી, જો પકડે શબ્દની દોર;
મહિમા સમજી ગુરુચરણથી, અવર નહિ કોઈ બીજી દોડ ..ટેક
ગુરુચરણમાં એમ જ રહેવું, જેમ ચંદ્રની સાથે ચકોર;
સુરતા નિજનામમાં લાગતા, નહિ શોર કે બકોર.
અવિનાશી આગળ વાજા વાગે, વાગે છે આઠે પહોર,
ઝાલરીના ઝણકારા હુવા, પડે નગારાની ઠોર.
શૂન મંડળમાં રાસ રચ્યો છે, જાગૃત રહો આઠે પહોર;
નામ નિશાને સુરતા ધરતા, બોલે છે બપૈયાને મોર.
કથણી હવે કોની કહિયે, કથણીથી ન્યારો હોઈ;
સદા ન્યારો નિજ આત્મા, અંદર બાહિર સોઈ.
સદા સેવું સદ્ગુરુ શ્યામને, જેણે મટાડ્યો ભવરોગ;
નામ નિરંતર મુજને મળિયું, કહે દેવારામ અણમોલ.

## ભજન (રાગ–ઈશ્વર કો ઢૂંઢે સબ દુનિયા)

અકળકળા સદ્ગુરુદેવની, છે અનંત ને અપાર;
સર્વ ઘટમાં આપ બિરાજે, કોઈ સૂક્ષ્મ કોઈ વૈરાટ ..ટેક.
જુઓ જાગી આ ઘટમાંહી, કોણ કરે છે અવાજ;
ઇન્દ્રિયો સર્વ પર પ્રકાશિત, ચૈતનનો છે આધાર.
મન બુદ્ધિ ચિત્ત અહંકાર, ન પહોંચે વાણી વિલાસ;
પરા પાર વસે ગુરુજી, નામ નિરંજન નિરાધાર.
શ્વાસો શ્વાસ અજંપા ધ્યાને, નિજઘટમાં ઓળખાય;
તાપ ટળે ત્રિવિધિ કેરા, આનંદ લહેર વરતાય.
ધન્ય ધન્ય સદ્ગુરુ મારા, હરિ હરજીવનરામ;
કરી કરુણા દેવારામ પર, પહોંચાયા પૂરણ ધામ.

## ભજન (રાગ–ઈશ્વર કો ઢૂંઢે સબ દુનિયા)

સદ્‌ગુરુએ બતાવી સહેજ વાત, આ ઘટની માંહી;
પામ્યા ભેદ અભેદ, સાચી પૂર્વની કમાઈ ...ટેક.
ત્સંગે મન સમજે, પ્રગટે હૃદયમાં ઊર્મિ;
તબ અનુભવ થાયે, વાસના સર્વે વિરામી.
પ્રગટ પ્રમાણ સંતોના, મળતા આનંદ અપાર;
આધિ વ્યાધિ તરત ટળે, ટાળે મોહ અંધકાર.
સત્સંગ મહિમા અમાપ છે, અનુભવથી સમજાય;
બિના અનુભવે અટવાય મરે, ગાફેલ ગોથા ખાય.
રહો સદ્‌ગુરુ સાને, શુદ્ધ હૃદયના ભાવે;
દાસ દેવારામ હરીરામ પ્રતાપે, ગુણ ગુરુના ગાવે.

## ભજન (રાગ–ઈશ્વર કો ઢૂંઢે સબ દુનિયા)

સદ્‌ગુરુ શ્યામ તારણહાર, સહેજે ઉતાર્યા ભવપાર;
નામરૂપી નાવમાં બેસતા, જરાય ન લાગી વાર ...ટેક.
સંકલ્પ વિકલ્પના લોઢ સમાણા, ચિત્ત ચકડોળ નહિ લગાર;
વમળ સર્વે મટ્યા મનના, આનંદ લહેર અપાર.
મોક્ષ મુકામે સહેજે આવ્યા, જ્યાં સદ્‌ગુરુના ધામ;
અખંડ વાગે અનહદ વાજા, ભયા મન ગુલતાન.
ઘણી દયા સદ્‌ગુરુદેવની, જેણે બતાવ્યા અમરધામ;
દેવારામના તારણહારા, ગુરુ હરજીવનરામ.

## ભજન (રાગ–ઈશ્વર કો ઢૂંઢે સબ દુનિયા)

રાત દિવસ કરે દેકારા, પ્રભુ સાંભળતા કેમ નથી?
બોલનહારો વસે તારામાં, જો ગુરુગમ જ્ઞાન થકી ...ટેક.
અનુમાને બહુ ભટકે, થાક્યા વ્રતો કરી કરી;
સફળતા કાંઈ મળી નહીં, મહેનત માથે પડી.
પાછા વળી ગુરુ જેણે ગોત્યા, ગુરુચરણે રહ્યા ઠરી;
કૃપા કરી સદ્‌ગુરુદેવે, ઓળખાવ્યા અલખધણી.
અનુભવથી થઈ ઓળખાણ, બેઠો નિજ નામે ઠરી;
ભવોભવનું ભટકણ મટ્યું, લાગી લગની ખરી.
આઠે પહોર એ જ ધ્યાનમાં, નિજાનંદમાં રહ્યો ઠરી;
કહે દેવારામ નિત નિત મેળા, સદ્‌ગુરુ મળ્યા સાચા ધણી.

## ભજન (રાગ–ઈશ્વર કો ઢૂંઢે સબ દુનિયા)

ખોજ કરો આ દિલની માંહી, હર દમેદમ નિહાળી;
ઘાટ ઘડનારો વસે હૃદયમાં, આ બગીચાનો માળી ...ટેક.
બગીચો બનાવ્યો અપરંપાર, ફૂલડા ખિલ્યા છે સારા;
સુગંધી લે ગુરુગમ જ્ઞાની, મનડા જેણે માર્યા.
મોજ માણે મહાપદની, અમરફળના આહારી;
અમૃત પીધા આનંદેથી, પ્રગટી નામની લહેરી.
આઠે પહોર રહે આનંદ, સુરતા શબ્દમાંહી;
અવિચળ પદવી તે માણે, સોહંપદની માંહી.
નિત્ય નિરખી સદ્‌ગુરુને, આનંદ રહે ઉરમાંહી;
ખોજ કરતા ખોવાય જાય, ગુરુ સ્વરૂપની માંહી.
ધન્ય ભાગ્ય તેના કહીએ, જે રહ્યા ગુરુશરણમાંહી;
કહે દેવારામ ગુરુચરણે, વૃત્તિ જેની વિરામી.

## ભજન (રાગ–ઈશ્વર કો ઢૂંઢે સબ દુનિયા)

કહે વ્રજવાસી સૂણો મીરાબાઈ, અમે છિયે બ્રહ્મચારી;
સ્ત્રીનું મુખ અમે નથી જોતા, એવા અમે વ્રતધારી ...ટેક.
તમે છો નારી જાતિ, કેમ કરી અમે રાખી;
અમે છિયે સદા બ્રહ્મચારી, સૂણો વાત અમારી.
સ્ત્રી સંગથી અમે દૂર રહિયે, માયાનું રૂપ જાણી;
ભૂલાવે વૃત્તિ અમારી, લલચાય મન ભારી.
અડગ છે નેમ અમારા, જીવન પર્યંત પાળી;
જપ તપમાં અમે પૂરા, ધ્યાન ધણીનું ધારી.
બહુ ડર છે માયા તણો, જેણે મોટા ભૂપને ખાળી;
કહે દેવારામ ગુરુ વિના, કંઈક ગયા છે હારી.

## ભજન (રાગ–ઈશ્વર કો ઢૂંઢે સબ દુનિયા)

કહે મીરાબાઈ સૂણો વ્રજવાસી, સ્ત્રી પુરુષમાં શું ભેદ?
ઘટોઘટમાં એક છે આત્મા, જેની સાક્ષી પૂરે છે વેદ ...ટેક.
સર્વ ઘાટ પાંચ તત્ત્વના, ટાળો ભ્રમણા ભેદ;
પ્રેમ ભક્તિમાં જાત ભાત નાહી, ધર્યો વૈરાગ વેશ.
બ્રહ્મ સ્વરૂપ જાણ્યા વિના, મનમાં થાય ખેદ;
સ્ત્રી પુરુષમાં એક જ વસે, સોહં સ્વરૂપ અભેદ.
ભાવ આધીન છે ભૂધરો, ટાળો અંતર ભેદ;
બાહિર આચારે પાર નહિ પડો, છે દ્રષ્ટિ તણો ભેદ.
ગુરુગમ દ્રષ્ટિએ જુઓ તપાસી, આત્મા સર્વનો એક;
કહે દેવારામ ભજો તેને, એવી રાખો ટેક.

## ભજન (રાગ–અમર પ્યાલો મારા ગુરુજીએ)

જય જય ગુરુદેવ, સદા જયકાર બોલે;
સદ્‌ગુરુદેવ થકી, તે અંતર પડદા ખોલે ...ટેક.
અખંડ ધૂન લાગી રહી, શૂન મંડળમાં બોલે;
સદ્‌ગુરુ સ્વરૂપમાં, વૃત્તિ અહોનિશ ડોલે.
સુકાની બન્યા સદ્‌ગુરુ, ઉતાર્યા સામે પાર;
કવા પવન નડે નહિ કદી, સુરતા સન્મુખ ધારે.
સદ્‌ગુરુ હરીરામ હમારા, દયા કરી દીધા દીદારા;
સમજાવી ભક્તિ કેરી રીત, ભવસાગર તારવા.
સદ્‌ગુરુદેવે દયા કરીને, કરી અમીદ્રષ્ટિ ભારે;
કહે દેવારામ ગુરુકૃપાથી, અતિ આનંદ મારે.

## ભજન (રાગ–અમર પ્યાલો મારા ગુરુજીએ)

મનડું થયું છે એકાકાર, ગુરુપદને ભાળે;
ન જાય કદી બહાર, રહ્યું છે નિજ માળે ...ટેક.
મન મમત્વને છોડીને, થયું નિરંજનરૂપ;
ગુરુપદની સાચી ગમ, તે પદ અનુપ.
ઉપમાં ઘટે નહિ તેને, કેમ વર્ણવે વૈખરી વાણી ?
નિજાનંદની માય, અમૂલખ પદવી માણી.
ટળ્યા સર્વે ઘાટ, અઘાટ એક અનામી;
દાસ દેવારામના શ્યામ, સદ્‌ગુરુ અંતર્યામી.

## ભજન (રાગ–અમર પ્યાલો મારા ગુરુજીએ)

કાં ફરો મસ્તાના સંતો, કાં ફરો મસ્તાના;
ગુરુ ઘરની આશા કરો તો, છોડી દિયો અભિમાના ...ટેક.
ધ્રુવને મળિયા પ્રહ્લાદને મળિયા, ઠીક નિશાને ઠેરાણા;
વૃત્તિ એની કદી ન ડોલે, અમરપદમાં ઠેરાણા.
મીરાબાઈએ પ્રીત બાંધી, રાણાને નો સમજાણા;
ઝેરના પ્યાલા અમૃત કીધા, ગુરુ ગોવિંદ દર્શાણા.
કોલવા માથે કરુણા કીધી, ખરા ખેલ મંડાણા;
દેવળને દીધા ફેરવી, દયાળુ દેવ દર્શાણા.
નરસિંહના ગળામાં હાર નાખ્યો, કુંવરના મામેરા પુરાણા;
વારેવારે વહાર કરી શામળિયે, નાગરોને નો ઓળખાણા.
હરિશ્ચંદ્ર સતવાદી રાજા, તારામતી પુત્ર વેચાણા;
રૂખી ઘેર મજૂરી કીધી, વચન ચૂક્યા નહિ શાણા.
છોડી અભિમાન ગુરુને સમરો, પછી નહિ આવે ટાણા;
કહે દેવારામ ગુરુને ભજતા, નિજઘટમાં ઓળખાણા.

## ભજન (રાગ–અમર પ્યાલો મારા ગુરુજીએ)

અખંડ નામમાં ધૂન લગાવો, દીદાર પાવો તો પાવો ..ટેક.
મનથી હારે મનથી જીતે, મનનો મોટો જંજાળ;
મનને બાંધી સ્થિર કરે તો, અનુભવ ઉઠે લગાર.
અવિદ્યા માયા હણવા માટે, બાંધો હિંમત હથિયાર;
ગુરુગમ છડી હાથમાં લેકર, ખેલ ખેલો નિરધાર.
ઓહંગ ઉઠે સોહં બેસે, ઉઠે લહેર અપાર;
એક સુરતાથી ધ્યાન કરો તો, થાય નિજ દીદાર.
ગુરુચરણે શીશ નમાવો, પલમાં પહોંચાડે પાર;
કહે દેવારામ ગુરુ દયાળુ, પૂરે હૈયાની હામ.

## ભજન (રાગ–અમર પ્યાલો મારા ગુરુજીએ)

સદ્‌ગુરુ કહે સાચી વાત, સમજે ચતુર નર કોઈ ...ટેક.
સતને છોડી ફરે ભટકતા, પાખંડમાં પછડાઈ;
ગુરુગમ જ્ઞાનને ભૂલી કરીને, લાલચમાં લપટાઈ.
જૂઠા જ્ઞાન જૂઠી વાતોમાં, વૃત્તિ પાખંડી થાઈ;
બહોત અજ્ઞાન કા હુવા પસારા, લક્ષ દિયે ભૂલાઈ.
જ્ઞાન વૈરાગથી દૂર રહે, જૂઠા ખેલ જોઈ;
ક્યા લગે બોધ ગુરુ કા, રહ્યો માયામાં મોહી.
સદ્‌ગુરુની સાન ન સમજે, નગણાને ગુણ ન હોઈ;
સંસાર છોડી બને સંન્યાસી, હરિ મળે નહિ તોઈ.
પિંડ ખોજ્યું તે પાર પડ્યા, અનુભવે ગમ હોઈ;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, સાનમાં સાન મિલાઈ.

## ભજન (રાગ–અમર પ્યાલો મારા ગુરુજીએ)

અયોધ્યા પતિ રામ પધાર્યા, ઘટોઘટના રમનારા;
ચાર સ્વરૂપે પ્રગટ થયા છે, સીતા તણા ભરથારા ...ટેક.
અખંડ રામ અનુપ છે, ઉપમાં રહિત અવતારા;
ઉપમા કહુ તે ગુણ તણી, રામ ગુણથી ન્યારા.
રાવણ મારી, સીતાના દુઃખ ટાળી, રાક્ષસ કુળ હણનારા;
ભાવ વિભીષણને સોંપી ગાદી, જે રામભક્ત પ્યારા.
ચૌદ ભૂમિકા વન તણી, તેમાં તે વસનારા;
દુઃખડા કાપ્યા દેવ તણા, મૂળ સ્વરૂપે સમાણા.
અયોધ્યાવાસીને દેવ બનાવ્યા, વૈકુંઠ વાસ દેનારા;
જ્યાં જોવું ત્યાં રામજી દીસે, ઘટોઘટમાં વસનારા.
રામ સ્વરૂપમાં નિશદિન રમતા, છૂટ્યા બંધન હમારા;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, આનંદ અપરંપારા.

## ભજન (રાગ–ગુરુ બાલકને વચન બૂઝે)

સતનામની સમશેર બાંધીલે, બાનું બરછી હાથ ધરી;
મનરૂપી ઘોડો પલાણી, કરી લે તેના પર સવારી ...ટેક.
દેહ નગરને ઘેરો ઘાલી, બેઠા છે દુશ્મન વેરી;
કામ ક્રોધ મોહ મદ, કરે છે ઘુસણખોરી.
અમૂલ્ય રત્ન મોંઘા મૂલના, તેની કરે છે ચોરી;
ધર્મયુદ્ધ કર તેની સાથે, ધીરજ નામની ઢાલ ધારી.
વિજયઘંટ વગાડવાને, લક્ષ રાખ ગુરુનું ધારી;
ગુરુવચનના બાણ ચલાવી, અસુરોને નાખ બાળી.
સ્વતંત્ર રાજ સ્થાપી દે તારું, આત્મરૂપને ધારી;
દેવારામ ગુરુની સાન સમજલે, મળે બચવાની બારી.

## ભજન (રાગ–ગુરુ બાલકને વચન બૂઝે)

સદ્ગુરુ સંત મુજને મળિયા, જૂનો ધર્મ ઓળખાવ્યો;
કર્મ ધર્મની ભ્રમણા ભાંગી, ઘટ ભીતર સમજાવ્યો ...ટેક.
શ્વાસો શ્વાસની સાનમાંહી, સત શબ્દ બતાવ્યો;
ઉઠે ધ્વની અખંડ અહોનિશ, બાવન બાર ઓળખાવ્યો.
ભ્રમણા ભાંગી ભવોભવની, નિજ રૂપ પરખાવ્યો;
નિજ સ્વરૂપ નિજ ધર્મનો, અનુભવ કરાવ્યો.
નિજ રૂપ નિજ આત્મા, અનાદિ ધર્મ કહાયો;
સર્વ દેવ ઋષિમુનિઓએ, એ જ સાર સમજાવ્યો.
સમજી સાન નિજ ધર્મની, વાદ વિવાદ મિટાવ્યો;
કહે દેવારામ ગુરુચરણે, ફેરો મારો ખૂબ ફાવ્યો.

## ભજન (રાગ–ગુરુ બાલકને વચન બૂઝે)

ધમણ ધમી લે મન પવનથી, ઉનકી ગતિ હે ન્યારી;
હરદમ હિંચકે હિંડોળા ખાટે, વાંકી લહેર હે ન્યારી ...ટેક.
નુરત સુરતના નિશાન માંડી, ઝળહળ જ્યોત ઉજિયારી;
દશમે મહોલે હુવા દીદારા, સદ્‌ગુરુ સન્મુખ નિરખાયા.
પાંચ તત્ત્વમાં પ્રગટ બોલે, પંચમ પર સુરતા ચડી;
ઈંગલા પિંગલા સૂક્ષ્મણા સાધી, ગડગડ નોબત ગડગડી.
પ્રથમ જાણું પ્રેમે માણું, ગુરુગમે વસ્તુ જાણું;
શ્વાસ ઉશ્વાસે સેવા કરીને, અમરપદને માણું.
સદ્‌ગુરુ મળિયા ફેરા ટળિયા, મન મેવાસી બેઠું ઠરી;
ગુરુચરણે કહે દેવારામ, સદ્‌ગુરુ મળિયા સાચા ધણી.

## ભજન (રાગ–ગુરુ બાલકને વચન બૂઝે)

સાચા સંતો કપટ રહિત છે, ધર્મ સમજાવનહારા;
વિગત કરી બતાવે મારગ, નામ તણા આધારા ...ટેક.
ભરમે ભટકશોના ભાઈ, હરિજન સંત હમારા;
શુદ્ધ માર્ગ ભક્તિ કેરો, સર્વ ભય હરનારા.
કબુદ્ધિને શુદ્ધ બનાવે, કર્મ છોડાવે નઠારા;
મર્મ બતાવે મહાધર્મનો, નિજઘટમાં ન્યારા.
તે ધર્મે અનેક સિધ્યા, જોઈ લ્યો વેદ પુરાણા;
ચાલતા અમને સુગમ પડી છે, અંતર જ્યોત ઉજિયારા.
અગમ વાત સુગમ થઈ છે, થયા અંતરમાં ઝણકારા;
દેવારામના સદ્‌ગુરુ શ્યામ, હરજીવનરામ પ્રાણ પ્યારા.

## ભજન (રાગ–ગુરુ બાલકને વચન બૂઝે)

જરા જોને વિચાર કરી, કાળ આવે છે ઝપટ કરી;
ત્યારે કોણ સહાય કરશે?, જાશે કાયા પલમાં પડી ...ટેક.
સગા સંબંધી દોડી આવશે, કોણ શકે સહાય કરી?
ઘરની નારી અળગી રહેશે, પાછળ એક પાવ ન ભરી.
મૂવા સુધી સમજ્યો નહીં, જિંદગી બરબાદ કરી;
સંતની સાને સમજ્યો નહીં, હરિની ભક્તિ નો કરી.
ભજન વિના શું ભેળું આવશે?, જોને મનમંથન કરી;
હજી સમજી ભાવ ભજનનું, ભાતું તું લેને ભરી.
સાચો સજ્જન એને કહીએ, જેની વરતી નામમાં ઠરી;
કહે દેવારામ ગુરુચરણમાં, દીધું મન અર્પણ કરી.

## ભજન (રાગ–ગુરુ બાલકને વચન બૂઝે)

આત્મ અનુભવની વાત છે એવી, સૌને સમજવા જેવી;
સમજાય તેને આનંદ અધિક છે, ગુરુ કહે વાત એવી ...ટેક.
શ્વાસ ઉશ્વાસમાં શબ્દ ટંકશાળ, અખંડ પડે છે એવી;
તેમાં હરદમ ધ્યાન રાખી, વૃત્તિને ન ડગવા દેવી.
સોહં અસ્મી તે જ હું છું, ધ્વનિ ઉઠે છે એવી;
તે જ મારું નિત્ય સ્વરૂપ છે, પ્રતીતિ થાશે એવી.
બાહિર ગોતવાની દોડધામ, વૃત્તિની મટશે એવી;
વૃત્તિ બ્રહ્માકાર થઈ રહેશે, નિજ સ્વરૂપમાં એવી.
અનુભવની વાત અનુભવી સમજે, બીજા કોને કેવી?
કહે દેવારામ આ જ વાત છે, લક્ષમાં લીધા જેવી.

## ભજન (રાગ–દેખ પ્રભુ તારા દ્વારે)

ધન્ય ધન્ય સદ્‌ગુરુ શ્યામ, તમારી કૃપાનો નહિ પાર;
ધન્ય ધન્ય સદ્‌ગુરુ શ્યામજી ...ટેક.
મૂંઝવણ મારા મનની જાણી, વેગે આવ્યા વનમાળી;
બાનાતણું બિરદ પાળી, વેલી કરી છે વાર.
દાસતણું કરજ જાણી, સુરતાના દોર તાણી;
શેઠના હૃદયે દયા ઉભરાણી, કરી નાણાંની ધીરધાર.
આ સંસારના ભવદુઃખ માંહી, આપ વિના કોણ કરે સહાઈ;
શું વખાણું સદ્‌ગુરુ સાંઈ, કરુણારૂપ કિરતાર.
હરજીવનરામ હરિ અમારા, દેવારામ ઇચ્છે શરણ તમારા;
દોઈ કર જોડી પ્રણામ અમારા, અંતરથી વારંવાર.

## ભજન (રાગ–દેખ પ્રભુ તારા દ્વારે)

ભાવ ધરી ભગવાન ભજીલે, તૂટે કર્મની જાળ;
ભજીલે ભાવ ધરી ભગવાન ...ટેક.
સદા હૃદયમાં શાંતિ રહેવે, અંતરમાં આનંદ ઉભરાઈ;
તાપ ટળે ત્રિવિધિ કેરા, ભક્તિરસ રેલાઈ.
ભવ તરવાનું નાવ મળિયું, શીદને તું ગોથા ખાઈ;
શ્રદ્ધા રાખી બેસી જા નાવમાં, સહેજે પાર પહોંચાઈ.
તારણહાર ગુરુ સુકાની, ઉંવાટે નવ અથડાઈ;
સંકલ્પ વિકલ્પના મોજા ન ઉછળે, હાલક ડોલક ન થાઈ.
સદ્‌ગુરુએ સમજણ આપી, આડાઅવળો મત થાઈ;
સિદ્ધાંત પર સદા ચાલીને, નામ નિશાને ઠેરાઈ.
મોક્ષપદના આરે ભાઈ, ઉતારે સદ્‌ગુરુરાઈ;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, જન્મ મરણ ભય જાઈ.

## ભજન (રાગ–દરબારી)

તારા તન તકિયાને સંભાળ, આમાં કોણ કરે છે ભણકાર ..ટેક
પાંચ તત્ત્વનો બનિયો તકિયો, છઠ્ઠો ખેલનહાર;
શ્વાસ ઉશ્વાસે આવે ને જાવે, મન વણજ કરનાર.
પાંચ તત્ત્વ ત્રણ ગુણ મળી, રચ્યો આ સંસાર;
નવ દરવાજા મેલ્યા નામાધારી, કરવા જગ વ્યવહાર.
નવ દરવાજે નવ દેવ બિરાજે, દશમે દ્વારે દીદાર;
મળે ગુરુ કોઈ માલમી તો, ખોલી બતાવે દ્વાર.
અમૂલખ ખજાનો આ તકિયામાં, કહેતા ન આવે પાર;
તે ખજાનો હાથ કરી લે, ચતુર નર સુજાણ.
ખૂટે નહિ અખૂટ ખજાનો, વાપરો દિ' ને રાત;
જિજ્ઞાસુજન આવે વહોરવા, પામે સુખ અતિ અપાર.
સદ્‌ગુરુ સેવી સાન સમજી લે, સમજી લે આ વાર;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, સહેજે બેડો પાર.

## ભજન (રાગ–દરબારી)

છે પરાની પાર, જૂનો ધર્મ લ્યો જાણી;
સદ્‌ગુરુએ આપી સાન, લીધા મહાપદને માણી ..ટેક.
દમ કદમના દોર પર, સંત ચડે ચોધાર;
ખેલ ખેલે અકળ કળાએ, જે શૂનમાં રહેનાર.
સ્થૂળ સૂક્ષ્મ ને કારણ, જે મહાકારણ કહેવાય;
શબ્દ સ્વરૂપે વિલસી રહ્યો, તુરીયા પદમાં સમાય.
દો કમલ કી બીચ મે, ફૂલ ખિલ્યા અપાર;
અમર સ્વરૂપે લહે વાસના, અમરલોક વસનાર.
શ્વાસો શ્વાસની સાનમાં, આત્મ સ્વરૂપ ઓળખાય;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, નિજ ધર્મ સમજાય.

## ભજન (રાગ–દરબારી)

આ છે પાગલની વાતુ, મૂરખને નથી સમજાતું;
આ છે પાગલની વાતું ...ટેક.
પાગલ બને તો પાર પહોંચે, ડહાપણવાળાનું રહે ડોળાતું;
પાગલને જગતે નવ જાણ્યા, અજ્ઞાન અંધારું ઘેરાતું.
પાગલ પામ્યા પરમેશ્વરને, જગતને નથી જણાતું;
હરિને ભજતા હરિમાં સમાયા, જેનું ગુરુચરણમાં ખાતું.
હરિ ભજનમાં જેને હેત ઘણું, ગુરુગમ વિના નહિ વાતુ;
રાત દિવસ અખંડ લેર લાગી, દિલ ઘણું હરખાતું.
પાગલ પીયુ પીયુ પોકારે, સદ્‌ગુરુથી હેત ઉભરાતું;
જેના રોમે રોમે ગુરુ રમે, અહોનિશ નામ લેવાતું.
આવા પાગલ કો'ક બને, જેની નિરભે તણી નાતું;
કહે દેવારામ જો વિચારી, ખોજી પૂર્વનું ખાતું.

## ભજન (રાગ–દરબારી)

પવન પુરુષ છે પ્યારો હરિજનો, પવન પુરુષ છે પ્યારો ..ટેક
ઘટોઘટમાં પોતે ખેલે, ખેલે છે ચોધારો;
અવિનાશી અદ્વૈત આપે, બાવન વિલાસથી બારો.
નવ દરવાજે નવ દેવ બિરાજે, દશમો પુરુષ પ્યારો;
શ્વાસો શ્વાસમાં આવે જાવે, તેમાં ચિત્તને ધારો.
ઈંગલા પિંગલા એક ઘર લાવો, સૂક્ષ્મણા તાર સંધારો;
ગેબી ગર્જના થઈ રહી, જ્યાં ભુંગળનો ભણકારો.
પરખ કરો તે પુરુષની, મીટે ભવ ભટકારો;
કહે દેવારામ સદ્‌ગુરુ પોતે, ઘટોઘટ બોલનહારો.

## ભજન (રાગ-દરબારી)

મનવા છોડી દે વાદ વિવાદ, તારું નિજ રૂપ વિચાર ..ટેક.
બ્રાહ્મણ કે ચમારના દેહને, પાંચ તત્ત્વનો જાણ;
જાતિ ભેદમાં જોઈ રહ્યો, કર્યો ન આત્મ વિચાર.
ભગવંતે કંઈ ભેદ નથી રાખ્યો, સર્વને ઘડ્યા સમાન;
સર્વ ઘટમાં સરખો બોલે, તે બોલનહારાને જાણ.
સદ્‌ગુરુની સાન સમજી, પ્રકૃતિ ભેદને ટાળ;
નિજનામનો નિશ્ચય કરી, સુરતા તેમાં વાળ.
ઉંચ નીચનો ભેદ ટાળી, આત્મ દ્રષ્ટિ ધાર;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, પકડ નામ આધાર.

## ભજન (રાગ-દરબારી)

અભિમાનથી અળગો રહું, નિર્મળતામાં નિત;
મોહ કદી વ્યાપે નહીં, એવી બતાવો ગુરુ રીત ...ટેક.
દાસ ભાવે સદા રહું, રહે આપ સ્વરૂપે પ્રીત;
લોભ લાલચ મમતા ન રહે, રહે પરમાર્થમાં પ્રીત.
વ્યાપે નહિ તૃષ્ણા કદી, નિર્મળ રહે ચિત્ત;
શાંતિપદમાં સદાય સ્થાપો, આપો તત્ત્વ નવનિત.
કહે ગુરુ સાન સમજી લે, બતાવું અનાદિ રીત;
નિજનામને નિશ્ચળ કરી લે, પરોય લે એમાં ચિત્ત.
અનાદિ રીતે પૂર્વની પ્રીતે, થયા સર્વ આ પદમાં સ્થિત;
ગુરુ કહે દેવારામ સમજ લે, ઓહી અનાદિ રીત.

## ભજન (રાગ–દરબારી)

દુનિયામાં એવા નર દુઃખદાઈ, જેને લાજ શરમ નાહીં;
દુનિયામાં એવા નર દુઃખદાઈ ...ટેક.
સત્સંગમાં નિત નિત આવે, તોય મૂકે નહિ મોટાઈ;
આપ બડાઈમાં અટવાઈ રહે, રુદિયે ન ઉતરે કાંઈ.
ધીરજ ધારણા ધરે નહીં, ન ધરે ચિત્ત સત્સંગ માંહી;
દ્વૈત ભાવે આવી બેસે, તેને ગળે ન ઉતરે કાંઈ.
નિર્મળતાનું નામ નહીં, તર્ક બુદ્ધિ ઠેરાઈ;
બાહિર દેખાવ બહુ કરે, મનમાં છે ઉદ્ધતાઈ.
મોટપ મેલી મળો ગુરુને, રહો ગુરુની છાય;
કહે દેવારામ ગુરુને ભજતા, ભવ ભટકાર મિટાઈ.

## ભજન (રાગ–દરબારી)

દીધા સત ભક્તિના દાન, પ્રગટ્યા સંત રે મહાન ..ટેક.
સદ્‌ગુરુ એ જ્ઞાન બતાવ્યું, ચિત્ત મારું વિરામ્યું;
આવી ગુરુ વચને ધીર, હવે સંશય નહિ લગીર.
શીતળતાને પ્રાપ્ત કીધી, ગુરુચરણમાં દ્રષ્ટિ લીધી;
સમજી મહાપદની સાન, નિત્ય અજંપાનું પાન.
અંતરમાંહી આનંદ આવ્યો, ફેરો મારો ફાવ્યો;
જય હો જય સદ્‌ગુરુદેવ, નિત્ય કરું તમારી સેવ.
ગુરુ મારા દીન દયાળા, પલપલના રખવાળા;
દાસ દેવારામ ગુણ ગાય, ધન્ય ધન્ય સદ્‌ગુરુરાય.

## ભજન (રાગ–બાગેશ્રી-વાદ વિવાદ મત કરો)

દેખો ગુરુજી કા મહેલ, શોભા કેવી બની છે ભારી;
કરો ગુરુગમથી ખ્યાલ, જુઓ અનુભવે વિચારી ...ટેક.
તાલ તંબૂરા અનહદ બાજે, વિણા વાગે છે સારી;
ઝીણા ઝીણા માંહી વાગે મંજીરા, ધૂન મચી બહુ ભારી.
ઝગમગ ઝગમગ જ્યોત જલત હે, ઉઘડી અનુભવ બારી;
સોળેય કળાએ મારો શ્યામ બિરાજે, શોભા અપરંપારી.
બાહિર ભીતર એક હે, સોહં સ્વરૂપ વિસ્તારી;
ગુરુની ગતિ કહી ન જાવે, વર્ણવી શકે નહિ વાણી.
ધન્ય ધન્ય સદ્‌ગુરુ મારા, હરજીવનરામ અવતારી;
દેવારામ પર દયા દાખવી, અકળકળા ઓળખાણી.

## ભજન (રાગ–બાગેશ્રી-વાદ વિવાદ મત કરો)

સદ્‌ગુરુ દાતા દીન દયાળા, અમૃત ભોજન પાતા ...ટેક.
જગ વંદનીય નામ જેનું, ઉન્મુનિમાં રહેતા;
આળસ નહિ અંગમાં જેને, સુધાતુર ત્યાં જાતા.
પ્રેમથી પીરસે ભોજન, ભવ ભૂખ ભાંગી જાતા;
જ્ઞાન ભોજનનો આહાર કરતા, અખંડ આનંદ થાતાં.
મુક્ત જીવન સદાય તેનું, હરખ શોક નહિ હોતા;
ત્રણ ગુણથી પર થઈને, તુરીયા પદમાં રહેતા.
આ જીવનમાં ન્યાલ થયો છું, હરજીવનરામને જોતા;
દેવારામ પર દયા દાખવી, મોક્ષ પદાર્થ પાતા.

## ભજન (રાગ–બાગેશ્રી-વાદ વિવાદ મત કરો)

ધ્યાની સમજે ધ્યાનને, ધ્યાતા ધ્યેયમાં સમાઈ;
તે લક્ષ ઉરમાં આવે, જો હોઈ પૂર્વની કમાઈ ...ટેક.
કમાઈ વિના ઓળખાય નહીં, ધ્યાન કેરી રીત;
ખોળવા જતા પોતે ખોવાઈ, એ અનાદિ રીત.
ગુરુ મળે ત્યારે સાન બતાવે, જાગે સાચી પ્રીત;
નિરંજન નિર્ગુણ બ્રહ્મમાં, જો લાગે એક ચિત્ત.
સફળ ધ્યાન ગુરુકૃપાએ, ઓળખાયું રૂપ નિજ;
હું હરિમાં સમાઈ જાતા, બળ્યું વાસનાનું બીજ.
જન્મોજન્મના બંધન છૂટ્યાં, લાગી ગુરુથી પ્રીત;
કહે દેવારામ ગુરુને ભજતા, પ્રફુલ્લિત રહે ચિત્ત.

## ભજન (રાગ–બાગેશ્રી-વાદ વિવાદ મત કરો)

જાગી જ્યોત સતજ્ઞાને, મટી રેન અંધેરી;
સદ્‌ગુરુની કૃપા થકી, પ્રગટી આનંદ લહેરી ...ટેક.
જુઓ ભણકારા બ્રહ્માંડમાં, ઘટોઘટ અવાજ આવે;
સહેજે સહેજે સ્મરણ કરતા, જે સુરતા ધ્યાન લગાવે.
તૂટે જાળ દ્વૈત પ્રપંચની, અદ્વૈત ઘર દીખાવે;
ઝલહલ જ્યોત ત્યાં જલત હે, ચૈતન નજરે આવે.
નૂતન વર્ષ એ જ જનને, ગુરુ દર્શન દિલ ભાવે;
નિજાનંદમાં રહે સમાઈ, આનંદ લહેર ઉભરાવે.
પૂર્વ કમાયે સદ્‌ગુરુ મળિયા, ચોપડા ચોખ્ખા થાવે;
કહે દેવારામ ગુરુ સેવતા, ફેરો મારો ફાવે.

## ભજન (રાગ–બાગેશ્રી-વાદ વિવાદ મત કરો)

મને લગની ગુરુ સે લાગી, મારી ભે ભ્રમણા ભાંગી;
મને લગની લાલન સે લાગી ...ટેક.
ઓહંગ સોહંના જાપ જપતા, સુરતા શૂનમાં લાગી;
ઝીણી ઝીણી ઝાલરી વાગી, એવી ધૂન ગગનમાં લાગી.
નામ નિશાન નક્કી જડતા, સાહેબ મળિયા સુહાગી;
શ્વાસો શ્વાસે સેવા કરીને, પ્રેમે પાયે લાગી.
સદ્‌ગુરુ મળિયા ફેરા ટળિયા, જ્યોત જ્ઞાનની જાગી;
કહે દેવારામ સદ્‌ગુરુ સેવતા, ભે ભવની ભાંગી.

## ભજન (રાગ–જીવનના સૂર ચાલે)

લાગી રે મને લાગી, લોહ લગની લાગી ...ટેક.
હાલતા હરિને બેસતા હરિ, તેનો બન્યો હું સુહાગી.
સ્મરણ કરતા શુદ્ધિ વળી, હું તો બન્યો મહા બડભાગી.
નાણું મળશે પણ ટાણું નહિ મળે, જો ગુરુગમે જાગી.
હરિને ભજતા હીરલો મળિયો, દેવારામનો ફેરો ટળિયો.

## ભજન (રાગ–અમારો મન હર લિયો)

આવો દયાળુ આંગણે મારે, વાટ જોવું છું વારી વારી;
ચરણ ધોવા થાવ ઉતાવળી, હાથમાં ભરી છે ઝારી ...ટેક.
તમ વિના સૂના મંદિરિયા, દીવડિયા જાય છે ઠરી;
સૂતા મને સુખ ન આવે, સેજલડી લાગે છે ખારી.
જમાડવા જગદીશ તમને, પીરસી રાખી છે થાળી;
વારે વારે વાટ જોવું છું વાલમજી, જમવા પધારો મોરારિ.
વેગે આવો વિઠ્ઠલ વાલા, દાસી પર દયા લાવી;
દેવારામના સદ્‌ગુરુ સ્વામી, નજરો મેં નજર મિલાવી.

## ભજન (રાગ–અમારો મન હર લિયો)

હું તો સજી શણગાર પ્રભુ, શામળિયા તમ કાજે;
પધારો પ્રભુજી આજ, હૃદય અમારા ગાજે ...ટેક.
મેં તો મળવાનો ઉમંગ કીધો, પ્રીતમજી તમ સાથે;
મન માને તો મળજો પ્રભુજી, ખોટું નવ સાજે.
હૃદય તલખે પ્રભુજી હમારા, પ્રીતમ મોડા નવ થાજો;
અરજ સૂણી શામળિયા મારી, વેગે વેલા ધાજો.
વાટ જોતા વીતી રજની, નૈનુંમાં નહિ નિદ્રા આજે;
કહે દેવારામ તમ દર્શનથી, આનંદ પ્રગટે આજે.

## ભજન (રાગ–અમારો મન હર લિયો)

દર્શન દેવા પધારો વાલા, સદ્‌ગુરુ અંતર્યામી;
વિલંબ કરશો નહિ વાલા, તમે છો મારા સ્વામી ...ટેક.
ઝૂંપડી મારી છે નાની, પધારો અંતર્યામી;
પાથરીશ પ્રેમના પાથરણા, ગણશોમાં મારી ખામી.
જુગતીથી જમાડીશ વાલા, જમજો ત્રિભુવન સ્વામી;
તમે જમતા સર્વ જમે, શ્રૃતિ ગાય છે વાણી.
મુખવાસ દઈશ મન ગમતા, કરજો કરુણા સ્વામી;
ભાવના ઢોલિયા ઢાળીશ વાલા, આરામ કરજો મોરારિ.
આનંદ આપજો વાલા, કલ્પના ટાળજો મારી;
દેવારામના શ્યામ, અરજ સૂણજો મોરારિ.

## ભજન (રાગ–અમારો મન હર લિયો)

જુઓ ભક્તિના પ્રમાણ, ગુરુ આવ્યા અમ દ્વારે;
દીનબંધુ દીન દયાળુ, કરું દર્શન વારેવારે ...ટેક.
ભાવના પલંગ બિછાવું, ઉપર ગાદી તકિયા ભારે;
સુંદર બિછાના ઉપર, બિરાજે મુજ પ્રાણ પ્યારે.
દર્શન કરતા દોષ ટળિયા, આનંદ અતિ ઉર મારે;
છૂટ્યા ભવોભવના બંધન, વીસરુ નહિ પલવારે.
આદિ અનાદિની જૂની ઓળખાણું, ખુલ્યું ખાતું મારે;
મહાપદની મોજ આપી, કરી દયા સદ્‌ગુરુ ભારે.
ધન્ય ધન્ય સદ્‌ગુરુ દાતા, પ્રાણ પતિ પ્યારે;
દેવારામના દીન  દયાળ, પધાર્યા દિલ મંદિર દ્વારે.

## ભજન (રાગ–અમારો મન હર લિયો)

લેજો લક્ષ ઉર આણી સંતો, લેજો લક્ષ ઉર આણી ..ટેક.
મહાપદની માંહી ભાઈ, સર્વ સુખને માણી;
મટે પ્રપંચ કર્મનો, ગુરુચરણને જાણી.
એવી લહેર લાગે ભાઈ, તૂરીયાપદની માંહી;
એ પદમાં અખંડ આનંદ છે, અખંડ સુખની ખાણી.
આવન જાવન નહિ ભાઈ, આત્મપદને જાણી;
નિજનામના નશા માંહી, આનંદ લહેર ઉભરાણી.
સદ્‌ગુરુ તો છે ભાઈ, અખંડ દયાની ખાણી;
કહે દેવારામ દિલ ભીતર, થઈ છે ઓળખાણી.

## ભજન (રાગ–અમારો મન હર લિયો)

ખોજો અપના તન, આમાં અવાજ કરે છે ભારી;
સોહંપદ જો સમજાય તો, સદાય છે સુખકારી ...ટેક.
મળ્યો અમૂલખ આ દેહ, હીરા માણેકની ખાણી;
સદ્‌ગુરુની સાન સમજી, પ્રાપ્ત કરી લે પ્રાણી.
છોડી દે સઘળા ફંદ, ગુરુજી છે પાવનકારી;
શુદ્ધ ભાવે સેવા કરો તો, ઉઘાડે અનુભવ બારી.
ગુરુ વિના સાર જડે નહીં, મળે નહિ મોરારિ;
મથણા મથી કંઈક થાક્યા, હિંમત ગયા છે હારી.
ગુરુ વિના અનુભવ ન ઉગે, વેદ કહે છે પોકારી;
કહે દેવારામ સદ્‌ગુરુની, સદાય છે બલિહારી.

## ભજન (રાગ–તને મળ્યો મનુષ્ય અવતાર)

મન સેવી લે સદ્‌ગુરુ શ્યામ, શુદ્ધ વિચારે;
થાય સફળ સબ કામ ગુરુ સેવાએ, માટે ગુરચરણ સીધાવ ...ટેક.
શ્વાસો શ્વાસની સાનમાં, સમરો દિવસ ને રાત;
નામ નિશાને સુરતા રાખી, હરદમ ગાવો ગાન, ગુરુ વિશ્વાસે.
ઓહંગ સ્વરૂપે અનાદિ ગુરુ, સોહં નિજ રૂપ જાણ;
એકવીસ હજાર છસો મિલાકર, પડી રહી ટંકશાળ, અજંપા જાપે.
ઓહંગ ગુરુને નિત્ય ભજતા, સોહં સ્વરૂપે સમાય;
ખોળનારો ખોવાય ગયો, ગુરુ સ્વરૂપની માંય, પછી કોણ ગોતે.
આપ સ્વરૂપને ઓળખ્યા વિના, ભટકાર છે ભવમાંય;
કહે દેવારામ ગુરુ સેવતા, નિજ રૂપ ઓળખાય, સદ્‌ગુરુ ધ્યાને.

## ભજન (રાગ–તને મળ્યો મનુષ્ય અવતાર)

તારા ઘટમાં છે નિજનામ લેને જાણી,પલપલ કરે ઉચ્ચાર મધુરી વાણી;
ગાજી રહ્યો ઘટમાંય જોને વિચારી, છોડી પ્રપંચની જાળ ...ટેક.
જડ ચેતનમાં એક જ રૂપે, ઠાલું નહિ કોઈ ઠામ;
નિજ રૂપને નિહાળી લે, ભર્યો સચરાચર માંય, એક નામે પિછાની.
અમરલોકમાં છે અનામી, નહિ નાનો મોટો જરાય;
જ્યાં જોવું ત્યાં તૂહીં તૂહીં, લાગેલો એકતાર, પ્રગટ પ્રમાણી.
શૂન શિખર પર છે અવિનાશી, દ્રઢ આસન લગાય;
ગુરુગમથી ખોજી લેતા, ચેતન એક દર્શાય, રણુકાર રહ્યો ગાજી.
નાદ નોબત વાગે નગારા, શરણાઈ સૂર મિલાઈ;
દાસ દેવારામ લે વિચારી, હરજીવનરામની સહાય, ગુરુચરણે સીધાવી.

## ભજન (રાગ–તને મળ્યો મનુષ્ય અવતાર)

જરા વિચાર કરીને જો, તારા મનમાંહી;
બોલે ત્રણ ભુવનનો નાથ, તુજ ઘટમાંહી, તેને ગુરુગમથી જાણ ...ટેક.
ગુરુગમ જ્ઞાની બની ધ્યાની, હરદમની માંય;
સુરતાથી કરો સાધના, તો મહાસુખ થાય, નિજઘટમાંહી.
પ્રાણ સિંહાસને પોતે બેઠો, આત્મા પોતે અવિનાશ;
સબ ઘટમાં સરખો બોલે, બોલે બાવનથી બાર, અનુભવે ઓળખો.
દેહ દેવળ મન મંદિરમાં, તેનો છે પ્રકાશ;
બાહિર ભટકાર બંધ કરીને, છોડી દે બીજી આશ, ગુરુગમ જ્ઞાને.
નાભિ નિશાને નક્કી કરી લે, સાહેબ સર્જનહાર;
કહે દેવારામ દિલમાં વિચારી, હરદમ હરજીવનરામ, સુરતે નિહાળો.

## ભજન (રાગ–લે લે લાવો જીવ અભાગી)

કરો સદ્‌ગુરુનું ધ્યાન, પ્રેમ ઉર આણી;
પ્રગટે નિજ જ્યોત, થાય સાચી ઓળખાણી ...ટેક.
જપો અજંપા જાપ, હરદમ લોહ લગાડી;
કરો શ્વાસે શ્વાસ મેળ, સુરતા તેમાં વિરામી.
કરી ઈંગલા પિંગલા એકતાર, મનસાને મારી;
હોય આનંદ અપાર, અજર અમર એંધાણી.
રાખો સૂક્ષ્મણામાં ધ્યાન, ગરજે ધૂન અપરંપારી;
થાય મન એકતાર, સદ્‌ગુરુ શરણને પામી.
દાસ દેવારામના દીન દયાળ, હરીરામ અંતર્યામી;
પૂરણ કરી છે મેર, ન રહી કોઈ ખામી.

## ભજન (રાગ–લે લે લાવો જીવ અભાગી)

મેલ જંજાળ જગત કેરી, ખટપટથી થાને અળગો;
અંતર્યામીને ઓળખી લે, ઘાટને કાં વળગો? ...ટેક.
શોધ કરો આ નગરની, કોણ છે બોલનહારો?
જે સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે, પારખ થઈ તેને પરખો.
સુરતા જેની શૂનમાં પહોંચી, તેણે નૈનુંમાં નિરખ્યો;
ટળ્યું અંધારું અનાદિકાળનું, ઘટઘટ બોલે સરખો.
સઘળે ચૈતન એક જ વસે, નથી વધતો કે ઘટતો;
સદ્‌ગુરુની સમજણ વિના, શું દૂર દૂર જઈ ફરતો.
ગુરુને ગોવિંદરૂપ જાણો, નહિ જાત વર્ણને વળગો;
કહે દેવારામ સદ્‌ગુરુ સેવો તો, સહેજે ભવસાગર તરશો.

## ભજન (રાગ–લે લે લાવો જીવ અભાગી)

વિચારી જુઓ મનમાંહી, જગમાં શું કહેવાય સારું;
સદ્‌ગુરુનું સ્મરણ કરી, છૂટવું ચોરાસીનું બારું ...ટેક.
મળ્યો મોંઘા મૂલો દેહ, ભજીલે નામ હરિનું સારું;
સદ્‌ગુરુનો સત્સંગ કરી, તજ વિષય ઝેર નઠારું.
રહો સંત ચરણની માંહી, સાચું સુખ સાધવા સારું;
ધ્યાન બતાવે નિજનામનું, ઉઘડે અનુભવ બારું.
અમૂલખ ખજાનો આત્મ ધનનો, સુખ બાવન બારું;
કેન કથનમાં આવે નહીં, નિજાનંદ સુખ મારું.
સદ્‌ગુરુના ચરણ સેવતા, કામ થયું છે સારું;
દાસ દેવારામ ગુરુકૃપાએ, અખંડ સુખને માણું.

## ભજન (રાગ–સદ્ગુરુએ જુગતી કીધી)

મારા તનડામાં લાગી તાળી, આમાં દેવસભા મેં ભાળી;
સદ્ગુરુએ આપી એંધાણી, મારી નીકળી કબુદ્ધિ કણી ...ટેક.
ગુરુ હરજીવનરામે તપ કીધા, અનામી નામ અમને દીધા;
પુન્ય પ્રગટ્યા વજીમા કેરા, મંદિર શોભે ઘેરા ઘેરા.
નમન કરે નર ને નારી, ગુરુ છે અલખ અવતારી;
સતના ધામ એણે બાંધ્યા, શ્વાસ ઉશ્વાસ એક કરી સાધ્યા.
શીંગીનાદ શૂનમાં ગાજ્યા, ભક્તિરસ તેણે ચાખ્યા;
નાદ નોબત બાજે ભારી, બાજે ઝાલર શંખ નગારી.
લોહ લગનીથી જોયું જાગી, સુરતા શબ્દમાં લાગી;
નાદ સૂણી નિર્ભય કીધા, દેવારામને દર્શન દીધા.

## ભજન (રાગ–સદ્ગુરુએ જુગતી કીધી)

ધન્ય ધન્ય હરજીવનરામ, ઓળખાવ્યા નિજનામ ...ટેક.
જાતિ ભેદ જેણે ટાળ્યો, ભક્તિરસ તેણે માણ્યો;
ધરતા સદ્ગુરુનું ધ્યાન, પામ્યા અખંડ અવિચળ જ્ઞાન.
નિજનામની લગની લાગી, જોયું નિજઘટમાં જાગી;
મારી ભે ભ્રમણા ભાંગી, સુરતા ગુરુથી લાગી.
ગાજ્યા નાદરૂપ ચોધારા, ભેર ભુંગળના ભણકારા;
એવા ઘોર નિદ્રાથી જાગ્યા, અવિદ્યાના દળ ભાગ્યા.
થયા દિલ ભીતર દીદારા, ઉરમાં આનંદ અતિ અપારા;
દાસ દેવારામના પ્યારા, ગુરુ નિકટ છતાં છે ન્યારા.

## ભજન (રાગ–સદ્‌ગુરુએ જુગતી કીધી)

ગુરુએ હાથ જાલ્યો મારો, મને માર્ગ બતાવ્યો સારો ...ટેક.
હું શું વખાણું મારા શ્યામને?, ભક્તિદાન દીધા અમને;
ભવતારણ ભગવાન ભેટ્યા, ચોરાસી ફેરા છૂટ્યા.
સદાય સંગ ગુરુએ લીધા, મારા કાજ સર્વ સિધ્યા;
નિત્ય નિત્ય દર્શન દીધા, પ્યાલા પ્રેમના ભરી ભરી પીધા.
દયારૂપ મૂર્તિ દર્શાણી, ગુરુ અખંડ સુખની ખાણી;
મારા ગુરુ અગમ અપારા, ન પહોંચે બુદ્ધિ વિચારા.
અખંડ લહેર ગુરુથી લાગી, મારી ભે ભ્રમણાં ભાંગી;
દેવારામને દર્શન દીધા, ગુરુએ સદા ઉરમાં લીધા.

## ભજન (રાગ–મોંઘો મનુષ્ય દેહ)

છે મુસાફરી ભવસાગરની, સહેજે ઉતરવા પાર;
ભાઈ તું ભજીલેને કિરતાર ...ટેક.
થોડા દિન માટે અહીં આવેલા, લાંબી કરશો નહિ આશ;
ભૂલવણીમાં જો ભૂલા પડ્યા તો, અંતે થાશો નિરાશ.
અમૂલ્ય કમાણી કરવા માટે, સમજો સંતની સાન;
રાખી ભરોસો ગુરુવચનમાં, કરો નિજ આત્મ ધ્યાન.
હેતે કરીને હરદમ ભજતા, થાય આત્મ જ્ઞાન;
હું મારાનું બંધન છૂટે, મટે દેહ અભિમાન.
ભવસાગર પાર ઉતરવા, સુકાની ગુરુને ધાર;
દાસ દેવારામ ચરણ સેવી લે, પલમાં ઉતારે પાર.

## ભજન (રાગ–મોંઘો મનુષ્ય દેહ)

જુઓ સંતોના બોલ, જેના મોંઘા છે મૂલ ...ટેક.
મલિન હૃદય કરે નિર્મળ, જ્ઞાન ગંગાનું જલ;
જન્મોજન્મના મેલ ધોઈને, ટાળ્યા અજ્ઞાન થર.
શબ્દ સરાણે ચડાવી ગુરુએ, કીધા સીધા સરલ;
ઘાટ વહાલે એવો બનાવ્યો, શોભા અતિ સુંદર.
સાચા ઘડવૈયા સદ્‌ગુરુ સંત, જેના ગુણ અપાર અનંત;
માનવમાંથી દેવ બનાવે, એવા સદ્‌ગુરુ સંત.
ધન્ય ભાગ્ય જેને ગુરુ મળિયા, ભવતારણ ભગવંત;
કહે દેવારામ મુજને મળિયા, સમરથ સદ્‌ગુરુ સંત.

## ભજન (રાગ–મોંઘો મનુષ્ય દેહ)

ગુરુ મહિમા અપાર, જેનો વેદ ન પાવે પાર ...ટેક.
અવિચળ પદ ધ્રુવ પામ્યા, ગુરુ પ્રતાપે અપાર;
સપ્તઋષિ કરે પરિક્રમા, ગુરુ સેવ્યાના પ્રમાણ.
વણ સ્થંભે આકાશ અધર રહ્યું, ડગે નહિ લગાર;
અનંત બ્રહ્માંડો તેમાં રહ્યા, ગુરુ તત્ત્વનો આધાર.
સૂર્ય ચંદ્ર જે પ્રકાશે, પ્રકાશે અનંત તારા;
મેઘ વરસે પૃથ્વીમાં અન્ન પાકે, ગુરુ તત્ત્વ આધાર.
ગુરુ પ્રતાપે વિશ્વ વિદ્યમાન છે, જાણે જાણનહારા;
ખોજ કરો દેહ દેવળમાં, કોનાથી ચાલે વહેવાર?
રામ કૃષ્ણ ભગવાન કહેવાયા, તેને ગુરુશરણ આધાર;
સદ્‌ગુરુના દાસ બની, કર્યા ગુરુવચન પ્રમાણ.
ધન્ય ભાગ્ય એ હંસના, મળિયા ગુરુ તારણહાર;
કહે દેવારામ નિત્ય ભજતા, કીધો બેડો પાર.

## <u>ભજન (રાગ–ગઝલ)</u>

આવો ને વીરા આ વાર, હરિ ગુણ ગાવો;
જો ભૂલા પડ્યા જગમાંહી, અમરલોક નહિ જાવો ..ટેક.
જન્મ ધરીને જગમાં આવ્યા, હેતે હરિ ગુણ ગાવો;
મોહ્યું મનડું માયા માંહી, તો ભવોભવ ગોથા ખાવો.
હરિ લક્ષ રાખો હૃદયમાં, ભક્તિ કરવા ભાવે;
પ્રેમે સેવો સદ્‌ગુરુ શ્યામ, બીજું કશું નવ ભાવો.
હરદમ હરદમ ધ્યાન ધરી, ગુરુચરણમાં જાવો;
બનીને સદ્‌ગુરુના બાળ, પ્રેમરસ સહેજે પીવો.
સદ્‌ગુરુના ચરણ સેવીને, નિજ ધામમાં જાવો;
કહે દેવારામ ગુરુ પ્રતાપે, અવસર નહિ આવે આવો.

## <u>ભજન (રાગ–ગઝલ)</u>

સંતો સેવો સદ્‌ગુરુ શ્યામ, હૃદયમાં પ્રેમ ધરીને;
આવો અવસર વહ્યો જાય, ફોગટ ફેરા ફરીને ...ટેક.
દેખો આવ્યા ઉગારામ, જગમાં અવતાર ધરીને;
વહેંચ્યું જ્ઞાન અમૃત અપાર, અતિ દયા કરીને.
દેખો પીર પુંજલ પ્રમાણ, બેઠા ઠામ ઠરીને;
ધરે નિત્ય ગુરુનું ધ્યાન, દમેદમ ભરીને.
જુઓ ભુરારામના ભાવ, જીવન અર્પણ કરીને;
છોડી જેણે કુળની લાજ, ઉગમ ગુરુ ધારીને.
ધન્ય ગુરુ હરજીવનરામ, અલખ અવતારીને;
દેવારામના દીન દયાળ, પલપલ સહાય કરી છે.

## ભજન (રાગ–ચિત્ત ગયો ચોરી)

નહિ રે ચડે ભાઈ, નહિ રે ચડે;
પાકા ઘડે રે કાંઠા, નહિ રે ચડે ...ટેક.
બાળપણમાં બુદ્ધિ નહિ ને, રમતમાં મનડું ફરે;
જુવાનીમાં મૂરખો, જોરમાં ફરે.
આવેલ અવસર જાણે નહિ ને, ખોટા ફંદમાં પડે;
દોડી દોડી જીવડો, ફેરા ફરે.
દીધા વચન દિલમાં ન લીધા, સદ્‌ગુરુ એમાં શું કરે?
મેલી સંતનો સંગ, બગલા સાથે ભળે.
જોત જોતામાં જોબન ગયું ને, બૂઢાપણે માળા ફેરે;
વાસના તારી વળી નહિ ને, હરિ ક્યાંથી મળે?
તજી ખટપટ મનની ને, સુરતા જો નામમાં ચડે;
કહે દેવારામ ગુરુ સેવતા, તારો ફેરો ફળે.

## ભજન (રાગ–ચિત્ત ગયો ચોરી)

નહિ મળે અવસર નહિ મળે,
ચેતી લે જીવડા, અવસર પાછો નહિ મળે ..ટેક
મહા મહેનતે ભાઈ, પારસ મળ્યો;
કરી લે સંગ તેનો, તો કંચન કરે.
મેળવણ વગર મૂરખે, દૂધ બગાડિયું;
વલોણું કરે પણ, તત્ત્વ ક્યાંથી જડે.
હાથ બાજી છે ત્યાં, ભાવે ભજી લે;
હિંમત હારીને, ફોગટ શું ફરે.
હરિગુરુ ચરણે, કહે દેવારામ;
ગુરુને ભજતા, ભવસાગર તરે.

## ભજન (રાગ–સાચું બોલો વચન વિચારો)

પધારો સંતો વાયકે, સમજી નિજ ધર્મનો મહિમાંય હાં હાં;
ઈ રે ધર્મે અનેક સિધ્યા, સિધ્યા સંતોને ઋષિરાય ...ટેક.
પ્રથમ જુગમાં પ્રહ્લાદ સિધ્યા,ગુરુ મળ્યા શ્રીબાઈ હાં હાં;
દયા કરીને વચન સુણાવ્યો, પહોંચ્યા પાંચ કરોડ નિર્વાણ.
બીજા જુગમાં હરિશ્ચંદ્ર સિધ્યા, સાથે તારામતીને રોહીદાસ હાં હાં;
વશિષ્ઠ ગુરુએ વચન સુણાવ્યો, પહોંચ્યા સાત કરોડ નિર્વાણ.
ત્રીજા જુગમાં પાંડવો સિધ્યા, માતા કુંતા ને દ્રૌપદી નાર હાં હાં;
માર્કંડઋષીએ વચન સુણાવ્યો, પહોંચ્યા નવ કરોડ નિર્વાણ.
ચોથા જુગમાં બળીરાજા સિધ્યા, રાખી નિજ ધર્મનો વિશ્વાસ હાં હાં;
શુક્રાચાર્યએ વચન સુણાવ્યો, પહોંચ્યા બાર કરોડ નિર્વાણ.
હરદમ શ્વાસો શ્વાસે, સમરે સોહં સતનામ હાં હાં;
નામમાંથી નામી પ્રગટે, કરે ભક્તને સહાય.
નિજનામ નિજ ધર્મને, સમજે ચતુર સુજાણ હાં હાં;
દાસ દેવારામ ગુરુ પ્રતાપે, નિજ ધર્મના ગુણ ગાય.

## ભજન (રાગ–સાચું બોલો વચન વિચારો)

વાયક ઝીલો સંતો હેતે કરી, કરી વચનનો તોલ હાં હાં;
ગુરુએ કીધી ગોઠડી, ધારણ કરજો બોલ ...ટેક.
સમસ્યા કીધી સતનામની, હવે આડાઅવળું મત જોઈ હાં હાં;
સુરતા રાખી નિજનામે, મન તેમાં પરોઈ.
શ્વાસ ઉશ્વાસે સમરણ કરતા, સુખમણાં સાંધી સોઈ હાં હાં;
ચંદ્ર સૂરજ એક ઘર આવ્યા, આવાગમન ખોઈ.
દમ કદમના દોર સાંધી, નુરતામાં મન હોઈ હાં હાં;
સુરતા સદ્‌ગુરુમાં રાખતા, ભવ ફેરો સફળ હોઈ.
આઠે પહોર રહે આનંદમાં, સન્મુખ સદ્‌ગુરુ હોઈ હાં હાં;
દાસ દેવારામના સ્વામી દયાળુ, ભવ દુઃખ નાખ્યા ખોઈ.

## ભજન (રાગ–પરજ)

હે જી સંતો ભાવે ભજો ગુરુદેવ, ભટકવું ન પડે ભવમાં રે;
થાય સદ્‌ગુરુની મેર, આનંદ આવે ઉરમાં રે ...ટેક.
હે જી સંતો જીવપણાનો દોષ, ટળી જાય એક પલમાં રે;
બને જીવન નિર્મળ સદાય, રહેતા ગુરુના સંગમાં રે.
હે જી સંતો મેલી માન ને મોટાઈ, રમો ભક્તિના રંગમાં રે;
ઉદય થાય અનુભવ સૂર, પડે પ્રકાશ રોમેરોમમાં રે.
હે જી સંતો નિજ સ્વરૂપ દર્શાય, સદ્‌ગુરુના રૂપમાં રે;
એનો આનંદ કહ્યો નવ જાય, નાવે વાણી વિષયમાં રે.
હે જી સંતો હરિરૂપ હરજીવનરામ, વખાણું બ્રહ્મના રૂપમાં રે;
દાસ દેવારામના કિરતાર, એને ભજુ હરદમમાં રે.

## ભજન (રાગ–પરજ)

હે જી સંતો વાયક લેજો સંભાળી, શુદ્ધ હૃદયના ભાવે રે;
થાય અરસપરસ દીદાર, આનંદ ઉર આવે રે ...ટેક.
હે જી સંતો હરજીવનરામ ગુરુની સહાય, મંડપ રચ્યો બીજ નામે રે;
પ્રેમ જ્યોત પ્રગટી અપાર, ગુણીજન ગુણલા ગાવે રે.
હે જી સંતો ગુરુગાદીએ લાભેશ્વરનાથ, સત જ્ઞાન સમજાવે રે;
ગુરુ ઉગારામનો પ્રતાપ, અગમ ભેદ સમજાવે રે.
હે જી સંતો બન્યા સર્વ એકરૂપ, અરસપરસ એક ભાવે રે;
વરતાયો જય જયકાર, ભેડાપીપળિયા ધામે રે.
હે જી સંતો અમે ગતગંગાના દાસ, ગુરુ દર્શન ઉર ભાવે રે;
દેવારામની પૂરણ કરવા હામ, ગતગંગા વાયકે આવે રે.

## ભજન (રાગ–પરજ)

હે જી સંતો ભાવે ભજો ભગવાન,આવરણ આવે નહિ રે;
એવા છેતરાશો નહિ સંસારે, અવિદ્યા નડે નહિ રે ...ટેક.
હે જી સંતો જીવ પણામાં રહ્યો સદાય, હરિ યાદ આવે નહિ રે;
એવા ભટકી ભટકીને મૂંઝાય, મૂળગી મૂડી ખોવાઈ રે.
હે જી સંતો મોટા થઈને મલકાય, સંતચરણ ગમે નહિ રે;
એવા જાણ પણાના જોર, ખોવાયો ખુવારી કરી રે.
હે જી સંતો આ સંસાર બજારની માંહી, અસત્યમાં લપટાઈ રે;
એવા હીરા માણેક લીધા નહીં, કાચના કટકે લોભાઈ રે.
હે જી ગુરુજી મળ્યા હરજીવનરામ, સન્મુખ રહ્યા સદાઈ રે;
એવા દાસ દેવારામના શ્યામ, પળેપળ સુખદાઈ રે.

## ભજન (રાગ–પરજ)

સંતો ભાઈ હાલો ગુરુજીના દેશમાં, સ્વાતિ વરસે સાચા મોતીએ રે;
ઝીલે તેના ભવદુઃખ મટી જાય, ગુરુજીના દેશમાં રે ...ટેક.
નુરત સુરતના મંડાયા મોરચા, ઘેરી લીધા ત્રણેય ગઢ રે;
ગોળા છૂટે ગેબી જ્ઞાનના, નાસી ગયું અવિદ્યાનું દળ રે.
રોમેરોમમાં રણુકાર પ્રગટ્યો, ગડહડ નાદ ઘુરાય રે;
પડઘમ વાગે બહુ પ્રેમથી, શંખનાદ સૂણાય રે.
ઢોલ નગારા વાગે ધ્રુબકે, શરણાઈના સૂર સંભળાય રે;
ભેર ભુંગળના હુઆ ભણકારા, અનહદ નાદ સૂણાય રે.
ગુરુગમ જ્ઞાનમાં મન ગળ્યા, આવાગમનના ફેરા મટી જાય રે;
દાસ દેવારામના કિરતાર, હરીરામ અવતારી મળ્યા રે.

## ભજન (રાગ–દેખ પ્રભુ આજ તારા દ્વારે)

દીધો ઉપદેશ દયા કરીને, કૃપા કહી ન જાય;
ગુરુની કૃપા કહી ન જાય ...ટેક.
દક્ષિણા દેવા નહિ દોકડો, નહિ શ્રીફળ સાકર કાંય;
વિના મૂલ્યે નામ આપ્યું, કરી ગુરુએ સહાય.
દયાસાગર સદ્‌ગુરુ દાતા, જેને નહિ આશા કાંય;
કુપાત્રને સુપાત્ર બનાવે, એવા સદ્‌ગુરુરાય.
મટ્યા મતભેદ મનના ભાઈ, આનંદ લેર ઉભરાય;
સુરતા લાગી નિજનામમાં, અનહદ નાદ ઘુરાય.
અખંડ પ્રકાશ હુવા જ્ઞાનના, ઝળહળ જ્યોત દર્શાય;
સદ્‌ગુરુના દર્શન પામી, આનંદ અંગે ન માંય.
હરજીવનરામ હરિ કહેવાય, ઘટોઘટમાં દર્શન થાય;
દાસ દેવારામ ગુરુચરણમાં, લળી લળી લાગુ પાય.

## ભજન (રાગ–પ્રથમ ગુરુને પાયે લાગુ)

દાદા સમજાવે કથાનો સાર, જેમ વરસે અમૃતની ધાર;
જિજ્ઞાસુજનને સાર સમજાતા, પ્રગટે આનંદ અપાર ..ટેક.
ગતગંગા મળી એકરૂપે, કરે અમૃતરસનું પાન;
મંડપની મધ્યે પધારતા, થાય જય જય નાદ.
હેતે કરીને ઉતારે આરતી, ધરી સદ્‌ગુરુનું ધ્યાન;
કરુણા દ્રષ્ટિ કરે સર્વ પર, લાભેશ્વર કિરતાર.
ચાતક પક્ષી સ્વાતિ બિંદુ, પીવા જેમ લલચાય;
એમ જિજ્ઞાસુજન દાદાના શબ્દો, સાંભળવા લલચાય.
જ્ઞાનધારાની વરસે વાદળી, સ્વાતિ બુંદ વરસાય;
સુરતા ધ્યાને ઝીલે ભક્તો, જીવન કૃતાર્થ થાય.
ઘણી કૃપા કરી ગુરુએ, આનંદ અપરંપાર;
દાસ દેવારામ ગુરુ પ્રતાપે, ગુણ ગાવુ વારંવાર.

## ભજન (રાગ–ધીરાની કાફી)

એવો અજર પ્યાલો પીધો રે, સદ્‌ગુરુ શબ્દ તણો;
એવો લખાવ્યો પરવાનો રે, સદ્‌ગુરુ કૃપા તણો ...ટેક.
મોહ મમતા કો માર દિયા, આવ્યા શાંતિપદ માંય;
પરવરતીને પ્રજાળીને, સુરતા સ્થિર કરાય;
એવા અખંડનાથને ઓળખ્યા, દયા કરીને દર્શન દીધા.
અજ્ઞાન અંધારું દૂર થયું, ચંદ્ર સૂરજ એક ઘર આય;
નિવૃત્તિને નીરખીને, સૂક્ષ્મણા તાર સંધાય;
એવા અનહદ વાજા વાગે રે, પ્રેમરસ ઉમંગે પીધો.
અનેક લીલા મારા નાથની, રણુંકારે લગાડ્યો રંગ;
ચડી ખુમારી નિજનામની, અતિ પ્રગટ્યો ઉમંગ;
વાણીથી કેમ વર્ણવું રે, અનુભવ નવ જાય કીધો.
સદ્‌ગુરુએ બહુ દયા કરી, આવ્યા અગમ ઘરમાંય;
દાસ દેવારામ ગુરુચરણમાં, નિત નિત આનંદ થાય;
એવા સદ્‌ગુરુ સાચા મળિયા રે, અગમ ભેદ બતાવી દીધો.

## ભજન (રાગ–ધીરાની કાફી)

એવા સદ્‌ગુરુ મારા પ્યારા રે, દિલમાં દીધા દીદારા;
એવો ભય મટ્યો ભારી રે, અંતરમાં થયા અજવાળા ...ટેક.
સતનામની ચાવી આપી ગુરુએ, ભ્રમ તાળા કર્યા દૂર;
શૂન શહેરના સ્વામીનું, જોયું અખંડ નૂર;
સર્વ કલ્પનાથી પર રે, નિજ રૂપ હે ન્યારા.
જે નિજનામ અનામ હે, નામરૂપ કો નાશ;
ગગન મંડળની ગોખમાં, ઓહંગ સાહેબ કો વાસ;
સુરતા મારી ત્યાં લાગી રે, નુરત નિશાન હે ન્યારા.
હદની ભક્તિ સબ કોઈ કરે, બેહદની કરે કોઈ;
અનહદ ઉપર પહોંચવા, ગુરુએ બતાવ્યો યોગ;
ધન્ય ધન્ય ગુરુ દેવા રે, લક્ષ બતાવ્યા હે ન્યારા.
શ્વાસ ઉશ્વાસ કી બાત હે, આને જાણે વિરલા કોઈ;
સદ્‌ગુરુની સમજણ સમજતા, આવાગમન ન હોય;
કહે દેવારામ કર જોડી રે, સદ્‌ગુરુ મુજને અતિ પ્યારા.

## ભજન (રાગ–ધીરાની કાફી)

એવા પ્રીતમ પોતે પધાર્યા રે, આજ દેવાને દીદાર;
એવો હરિએ હાથ ઝાલ્યો રે, કૃપા કરી અતિ અપાર ...ટેક.
દર્શન પામીને દિલ હરખ્યું, મન મળ્યું તેમાંય;
નુરત નામ નિશાનમાં, સુરતા જઈ સમાય;
એવી અગમ લહેર લાગી રે, ત્રિવેણી નાવાને જાય.
ત્રિવેણીના તીરમાં, પ્રીતમનો છે વાસ;
દાસ પર દયા કરી, હરખે ઝાલ્યો હાથ;
એવા હરીરામ હેતે મળિયા રે, જન્મોજન્મનો મળિયો સાથ.
દાસ દેવારામને મળિયા, અધમ ઓધારણ નાથ;
અભણ અને અજ્ઞાનીને, સદાય રાખ્યો સાથ;
ધન્ય ગુરુજી ધન્ય રે, તમે છો વિશ્વંભરનાથ.

## ભજન (રાગ–ચાબખાનો)

સમજીને ચાલજો ભાઈ, જોઈ જોઈ પગલાં ભરજો;
માર્ગ ઘણો વિકટ છે ભાઈ, ઉંવાટે ના અથડાશો ...ટેક.
સંસાર બજારે દુકાનો જાજી, જોઈ પગથિયા ચડજો;
પારખ થાજો સત્ વસ્તુના, સમજીને વણજુ કરજો.
ખોટો માલ ઘણો સોહામણો, તેનો મોહ ન ધરજો;
અનુમાને ઓરગત કરશો તો, નક્કી પસ્તાવો કરશો.
સદ્‌ગુરુ સંતની હાટડી ગોતી, શબ્દ રતનને વહોરજો;
જન્મોજન્મનું દારિદ્ર જાશે, અખંડ સુખને વરશો.
અંતરચક્ષુ આપે ગુરુજી, અવિદ્યાને પરહરજો;
દોઈ કર જોડી કહે દેવારામ, હરિગુરુ સંતને મળજો.

## ભજન (રાગ–ચાબખાનો)

તમે સૂણી લ્યો સંત નિરધાર, સદ્‌ગુરુ ઉતારે ભવપાર ..ટેક
માયા મંડપ ઘણો મોટેરો, તેને છાંયે બેસે સંસાર;
સુખ તેમાં માને સારું, સમજે નહિ સતસાર.
બુદ્ધિના બળે ભાગ્યા, જુએ ઘાટ રંગમાં સાર;
મિથ્યા સુખમાં બહુ લોભાણા, જે મીઠા ખારા થનાર.
અવિચળ સુખ સમજ્યા વિના, જાય છે પૂરપાટ;
પાછા એને કોણ વાળે, લાગી અહંકારની લાત.
બળ કરીને બહુ થાક્યા, કોણ કરે રે સહાય;
પદાર્થભાવમાં ભૂલા પડ્યા, હિંમત ગઈ આ વાર.
દયાળુ ગુરુએ દ્રષ્ટિ કરી, સન્મુખ લીધી સંભાળ;
દુઃખ મટાડ્યું ભવોભવનું, ઉગાર્યા આવી આ વાર.
મિથ્યા વાદ મટાડ્યા ને, મટાડી તાણાવાણ;
શું વખાણું મારા શ્યામને, સઘળી કરાવી જાણ.
અભયપદમાં આનંદ આવ્યો, પડે શબ્દની ટંકશાળ;
સુરતા શબ્દમાં લાગતા ને, લાગ્યો સળંગ એકતાર.
ત્રિવેણી ઘાટે સ્નાન કર્યું, નિર્મળ જળ અપાર;
તરબોળ થયો નિજનામમાં, આનંદ અપરંપાર.
ધન્ય ધન્ય સદ્‌ગુરુ મારા, ધન્ય તારણહાર;
કહે દેવારામ વખાણું હરીરામને, જે મુજ પ્રાણ આધાર.

## ભજન (રાગ–ચાબખાનો)

મેલી દે મનની તાણાવાણ, જીવ તું હેતે કરીને જાણ ...ટેક
કર્મ હીણાને એવી કઠણાઈ, સત્સંગ નો સમજાય;
મુદ્દાની વાતે મન ન માને, ઘોર નિદ્રામાં ઘેરાય.
સદ્‌ગુરુની સાન સમજી, લક્ષ ઉરમાં ધાર;
આઠે પહોર રટણા રટી લે, લગાડી હરદમ તાર.
શૂન મંડળમાં આપ બિરાજે, અલખધણી કિરતાર;
ઝરમર ઝરમર નૂર વરસે, અખંડ અમૃતધાર.
કહે દેવારામ દયા કરી, જાલી ગુરુએ બાંય;
ભટકેલ મનને સ્થિર કરી, નામ નિશાને ઠેરાય.

## ભજન (રાગ–ચાબખાનો)

શું કરવા આવ્યો સંસારમાં, જીવ તું એનો કર વિચાર;
આ કાયા પલમાં પડી જાશે, માથે સદ્‌ગુરુ ધાર ...ટેક.
મનુષ્ય દેહ તને મળ્યો છે, ચોરાસી છૂટવાનું બાર;
વિચારી જો તું તારામાં, કોણ છે બોલનહાર.
ગુરુગમ જ્ઞાને જો ઘટમાં, સોહં સરજનહાર;
મન ઇન્દ્રિયો એના થકી, કરે છે આ વ્યવહાર.
જીવમાત્રનું જીવન એ છે, આપે આતમરામ;
ઓહંગ અનાદિ અકળ અરૂપી, સદ્‌ગુરુ ભગવાન.
સગુણ બ્રહ્મ સદ્‌ગુરુ ધારી, સમજી લેને આ સાર;
નામરૂપથી પર બિરાજે, દેવારામના શ્યામ.

## ભજન (રાગ–ચાબખાનો)

મૂરખ તારી જિંદગીને જાણ, અવસરિયે કરી લે ઓળખાણ ..ટેક
લાખોપતિ બહુ લૂંટાણા, કરી નહિ રામની જાણ;
વખત વિત્યા પછી કરે પસ્તાવો, પછી કાંઈ ન આવે કામ.
આ દુનિયામાં કંઈક ગયા, ગયા રાખમાં રોળાઈ;
હરિ ભજનમાં હેત ન રાખ્યું, ખોટી કરી મોટાઈ.
ખોટા ધંધામાં જન્મ ગુમાવ્યો, કરી તાણાવાણ;
મૂઢ મતિ બહુ મૂંઝાણો, કોણ કરે સહાય.
હરિને ખોજતા પોતે ખોવાઈ, તેને થાય ઓળખાણ;
કહે દેવારામ ગુરુચરણથી, ઓહી ભેદને જાણ.

## ભજન (રાગ–ચાબખાનો)

કાયાને કાચી જાણ, શીદને લોભાણો જીવ તેમાંય;
ગળતા એને વાર ન લાગે, પલમાં પરલે થાય ...ટેક.
ખોટા વિચારમાં જિંદગી શું ખોવો, સ્વપ્ન સરીખો સંસાર;
અંત વેળાએ કોઈ કામ ન આવે, વિચારી જો મનમાંય.
આ સંસારમાં વિચારી જુઓ, સ્વાર્થની છે સગાઈ;
ચતુર નર સમજી લેજો, હરિથી ધ્યાન લગાઈ.
રંગ ચડાવો રામ નામનો, લેજો સંતની સહાય;
ધન્ય જીવન બને તમારું, ફેરો સફળ થાય.
કહે દેવારામ સદ્‌ગુરુ વિના, ગાફેલ ગોથા ખાય;
માને નહિ વચન સંતના, પડે ચોરાસી માંય.

## ભજન (રાગ–ચાબખાનો)

તુને રંગ ન લાગ્યો પ્રાણી, તારી જિંદગી થઈ ધૂળધાણી ..ટેક.
હરખી નિરખી વસ્ત્ર પહેરતો, મોહમાં વૃત્તિ બંધાણી;
મલકાઈ મલકાઈને મમતા કરતો, મૂછને વળ દેતો તાણી.
દયા ધર્મથી અળગો રહેતો, કરતો પાપની કમાણી;
અવળું કરવામાં અટક્યો નહીં, અજ્ઞાન નિદ્રા ઘેરાણી.
દેહ જ્યારે ડોલવા લાગ્યો, રોગમાં ઘેરાયો પ્રાણી;
તોય તારી તૃષ્ણા ન છૂટી, સમરિયા નહિ સારંગપાણિ.
લોભ કરી ધન ભેગું કર્યું, વાપર્યું નહિ વિચારી;
મૂવા પછી મણિધર સરજ્યો, વાસના ત્યાં બંધાણી.
હજી સમજી કોઈ ગુરુને સેવો, અભિમાન મેલો પ્રાણી;
કહે દેવારામ સદ્‌ગુરુ વિના, જમડા લેશે તાણી.

## ભજન (રાગ–ચાબખાનો)

જીવડા જોને વિચારી, જાવું પડશે વસમી વાટે;
એમાં તુ ક્યાંય નહિ ખાટે, જાવું પડશે વસમી વાટે ...ટેક.
મેળવેલ મૂડી તારી પડી રહેશે, જરિયે નહિ આવે સાથે;
અંત વેળાએ કરીશ પસ્તાવો, ખોટી કમાણી ન આવે સાથે.
સગા સંબંધી સૌ અળગા રહેશે, હાથ ઘસતો તું જાશે;
અગ્નિ મૂકીને રહેશે અળગા, તારી દેહ ભસ્મ થાશે.
મનુષ્ય અવતાર પારસમણિ છે, ખોયો ભવરણની વાટે;
સંત સમાગમમાં બેઠો નહીં, ખોટા જાળા આટે.
સદ્‌ગુરુ સંતને સેવી લે, જીવન સુધરી જાશે;
સંત છે દીન દયાળુ, આવશે ઉગારવા કાજે.
સૂણી લે બોધ સદ્‌ગુરુનો, આતમરામ ઓળખાશે;
કહે દેવારામ ગુરુને સેવતા, ભવબંધન છૂટી જાશે.

## રૂડી શિખામણ

## ભજન(રાગ - કબીર વાણી)

તને મળ્યો મનુષ્ય અવતાર, અવસર રૂડો આવ્યો;
સેવી લે સદ્‌ગુરુ સંત, ફેરો તારો ફાવ્યો.
કરીશ જો ખોટા ફંદ, તો થાશે ચોરાસીના બંધ;
માંહી થઈશ અંધ, પછી નહિ આવે અંત.
જન્મોજન્મ ભોગવીશ દુઃખ, જોવા નહિ મળે સુખ;
વેઠીશ બહુ દુઃખ ને ભૂખ, એવો છે ચોરાસીનો કૂપ.
માટે વિચારીને ચાલવું, નિત્ય ગુરુચરણમાં મહાલવું;
સદાય સંતની ચાલે ચાલવું, મુખથી મિથ્યા ન બોલવું.
પાળવા એવા આચાર, રીઝે સદ્‌ગુરુ સરદાર;
આપે સત્ શબ્દની કટાર, અસુરને કરવા ઠાર.
કામ ક્રોધ લોભ મોહ, ગર્વ છળ ને અહંકાર;
આ અસુર છે બહુ મોટા, આ ઘટમાંહી ખેલ કરે ખોટા.
હરદમે રહેવું હાજર, વિચાર ગુરુ શબ્દનો સાર;
પરોવી સુરતાનો તાર, જપો અજંપા જાપ.
ટળે ત્રિવિધિના તાપ, સદ્‌ગુરુ મળે આપોઆપ;
સાક્ષાત્ ગોવિંદ ગિરધારી, અલખ પુરુષ અવતારી.
ગુરુ હરજીવનરામની બલિહારી, મારી બુડતાની બેડી તારી;
દાસ દેવારામના શ્યામ, વંદન કરુ વારંવાર.

## દીપોત્સવી ભજનો

### ભજન(રાગ-પ્રથમ ગુરુને પાયે લાગુ)

નૂતન વર્ષ નિત નવું, આનંદ હોય અપાર;
સદ્‌ગુરુ કી થઈ કૃપા, નામ નિશ્ચય ધાર ...ટેક.
ભાંગ્યો ગઢ લંકા કેરો, મરાયો રાવણ તે વાર;
વિભીષણ રાજ પામ્યો, રામશરણ આધાર.
અંધકાર મટ્યો અનાદિકાળનો, થયો પ્રેમ પ્રકાશ;
દિવાળી દિલમાંહી, શુદ્ધ શબ્દની સાધ.
એકમ એક અનુભવ, નિજ ધર્મ નિજાર;
તૂંહી શબ્દની ટંકશાળમાં, અરસપરસ એકતાર.
મટ્યો ભટકાર ભવરણનો, સદ્‌ગુરુ કો પ્રતાપ;
પોતાનો જાણી ચરણે લીધો, હરજીવનરામ આપોઆપ.
દાસ દેવારામ પર દયા કરી, જાણી પોતાનો બાળ;
સંભાળ લિયે પળેપળ, છૂટ્યા આળપંપાળ.
દેખો દિલમાં દેવ બિરાજે, દર્શન આઠે પહોર;
આરતી ઉતરે અખંડ આનંદથી, બિરાજે સદ્‌ગુરુદેવ.
નવ દરવાજે નોબત વાગે, દશમે મોલે દેવ;
દર્શન કરો દેવના, કરો નિશદિન સેવ.
અખંડ આનંદ તે ઘરમાં, મટે સર્વ સંતાપ;
આવે અવાજ આ દેવળમાં, કરે હોકારા દમેદમ.
સુરતા નામ નિશાને લાગતા, મટે મોહ અહમ્;
દાસ દેવારામ સદ્‌ગુરુ ચરણે, વંદન વારંવાર.
હરજીવનરામ જીવનદાતા, ઉતારે ભવપાર;
લાગી લગની સદ્‌ગુરુમાં, મનડું માન્યું મેરું.
દુનિયા ભલે દોટું કાઢે, સદ્‌ગુરુ સિવાય કોઈ નહિ ભેરું;
પરિબ્રહ્મ પૂરણ પ્રગટ્યા, ઘટોઘટમાં એકતાર.
લેરુ લુંટો નિજનામમાં, પડે શબ્દોની ઠોર;
ભ્રાંતિ ભેદ નડે નહીં, નડે નહિ કર્મ કઠોર.
શીતળ છાંયા શબ્દ તણી, નહિ તાપ લગાર;
મૂંઝવણ મટી મનડા કેરી, નહિ દુઃખ લગાર.

હરીરામે હરદામાં લીધા, કીધી કરુણા ભારી;
દાસ દેવારામના સ્વામી પોતે, હું છું એનો આભારી.
શું વખાણું મારા શ્યામને, કળા અપરંપાર;
નાચ નચાવે દેહ પૂતળીને, ખેલે ખેલ અપાર.
નાથજી સદાય ન્યારા રે, કળા નવ જાય જાણી;
ગુરુગમવાળાએ ગોતી લીધા, થઈ આ દેવળમાં ઓળખાણી.
ગાફલ ગોતે વેદ પુરાણે, ક્યાંથી જડે ખેલનહારો;
કરે ઉપાસના આપ મતે, આવે નહિ એમ આરો.
દાસ દેવારામ કહે ગુરુ ધારો, બતાવે ભવસાગરનો આરો;
હરજીવનરામે દયા કરી, ઓળખાવ્યો બાવનબારો.

## ભજન(રાગ–પ્રથમ ગુરુને પાયે લાગુ)

જય જય ગુરુદેવ, સદા જયકાર નામનો બોલે;
નિજનામ લેતા, અંતર પડદા ખુલે ...ટેક.
ટાળી અંતરની દુબજા, સતનામે નિરધાર;
ધન્ય દિવાળી દિન, મટાડી દુબજા જાળ.
ટળ્યું અંધારું અનાદિ કાળનું, જાગી જોયું શુદ્ધ ચિત્તે;
સમજાણો ધર્મ એકમ એક, આદિ અનાદિ રીતે.
પ્રપંચ થયા પરલે, નિજનામમાં વૃત્તિ વાળી;
તેને ઉગ્યો નવલો દિન, અનુભવે અજવાળી.
મળી ચાવી સતનામની, ઉઘડ્યું મોહનું તાળુ;
મળ્યો અમૂલખ માલ, મટી ગયું ઉધારું.
હવે વેપારમાં ન આવે ખોટ, ચાલે ત્રાજવું ચોધારું;
વહોરવા આવે માલ, ખાંતીલા ગરજાળું.
ભાગી જાય જોઈને માલ, જેનું મન દુબજાળું;
તેને કાયમ અવિદ્યા આગળ, ગોતવામાં જીવન ગાળ્યું.
કર્યું નહિ સત્ મન, ધર્મ ગતિ ન સમજાણી;
હવે રાખી શ્રદ્ધા સતનામમાં, વૃત્તિને ત્યારે વાળી.
સદ્ગુરુને નમાવે શીશ, તેને થાય દિવાળી;
અનુભવ દીવડા પ્રગટ્યા, અજવાળુ જે જે કારી.
મળ્યા સદ્ગુરુ શ્યામ, અંતર જ્યોત જાગી;
દાસ દેવારામના દીન દયાળ, મનની ભ્રમણાં ભાંગી.

## ભજન(રાગ-પ્રથમ ગુરુને પાયે લાગુ)

દિલ દિલ દીપોત્સવી, પ્રગટી દીપમાળ;
મિટાવી કાળી ચૌદશ, આપે તત્કાળ ...ટેક.
હરખ્યું દિલ ત્યારે, મટી માયા જાળ;
સદ્‌ગુરુ ચરણ સેવતા, ઉતરી જાય ભવજલ પાર.
દેહ દશા મિટાવીને, પ્રગટે પ્રેમ જ્યોત પ્રકાશ;
તોડી દ્વૈતની દીવાલ, કરે અંધકારનો નાશ.
તે સદ્‌ગુરુદેવ અમારા, મુજ પર કીધી મહેર;
દાસ દેવારામ સદ્‌ગુરુ થકી, પ્રગટી અંતર લહેર.

## ભજન(રાગ-પ્રથમ ગુરુને પાયે લાગુ)

દિવાળીએ જુઓ દિલ ભીતરે, પ્રગટ પ્રભુ બિરાજે;
પડવે બાંધો તેનાથી પ્રીત, જેની શોભા અનુપમ સાજે ..ટેક.
બીજે રાખો નહિ ક્યાંય ધ્યાન, સદ્‌ગુરુ વિના કોઈ સામે;
ભજો નિશદિન નિજનામ, હરદમ શ્વાસો શ્વાસે.
સદ્‌ગુરુ લેર છે અપાર, અનુભવે સમજાશે;
જપતા અજંપા જાપ, આવાગમન મટી જાશે.
પામી તે શુદ્ધ જ્ઞાન, ભ્રમણા ભાંગી જાશે;
કહે દેવારામ દિલ ભીતરે, ગુરુરૂપ દરશાશે.

## ભજન(રાગ-પ્રથમ ગુરુને પાયે લાગુ)

જય જય ગુરુદેવને, જે પરિબ્રહ્મ પોતે;
પ્રગટ આપ્યું શુદ્ધ જ્ઞાન, આદિ અનાદિની રીતે ...ટેક.
ટળ્યો અજ્ઞાન અંધકાર, થયો સ્વયં પ્રકાશ;
દિલ દેવળના દેવળે, થયો ઝાલરીનો ઝણકાર.
મટ્યો કાળી ચૌદશ અંધકાર, આનંદ અપરંપાર;
દિલ ભીતર થઈ દિવાળી, પ્રગટી અનુભવ જ્યોતિ અપાર.
ભ્રમણા મટી ભીતર જોયો, સદ્‌ગુરુ ભૂધર સ્વામી;
દેવારામના શ્યામ, સદ્‌ગુરુ અંતર્યામી.

## ભજન(રાગ-પ્રથમ ગુરુને પાયે લાગુ)

નૂતન વર્ષ નિત્ય નવું, એકમ એકરૂપ;
મટે કાળી ચૌદશ, ખેલ ખેલે અનુપ ...ટેક.
વિચારી જુઓ આ જીવન, ચરિત્ર ચોપડા માંહી;
તૂટી ગયું પાનું વર્ષ રૂપી, તે ફિર મિલે નાહીં.
જુઓ વિચારી દમેદમ, જીવન ઝપાટે જાય છે;
પરિયાણ કરતા પિંડ પડ્યું, માનવ દેહ ખોવાય છે.
અવસર મળ્યો મહામૂલો, સ્મરણ કરો સત નામના;
તબ અંતર પડદા ખુલે, ખુલે નામ નિશાનના.
ચાલો ચતુરાઈથી, નિર્ભય થવા આ વાર;
મોજ માણો મહાપદમાં, ભય નહિ લગાર.
ભ્રમણા સર્વે મિટાવી, શુદ્ધ વિચાર જો જાગે;
દાસ દેવારામ હરિગુરુ થકી, અનહદ લેર લાગે.

## ભજન(રાગ–અમર પ્યાલો મારા)

મટાડી મનનો અંધકાર, મમતાને મિટાવી;
રહે આઠે પહોર પ્રકાશ, જ્ઞાન સૂર્ય પ્રકાશી ...ટેક.
થયું મનડું ભરપૂર, સોહં અમીરસ ચાખી;
આનંદ રહે આઠે પહોર અખંડ, રહે નહિ કોઈ ખામી.
ઘૂરે ઘોર નાદ, થાય શીંગીની સણેણાટી;
નિત નિત નવલો રંગ, નહિ રેન અંધેરી.
સાધી એકમ એક, નિજનામની માંહી;
મિટાવી બીજ ધર્મ, સદ્‌ગુરુમાં સમાવી.
વાયુ નવલું વહાણું, કર્મના લેખા ટાળી;
મળ્યા મહેતાજી સદ્‌ગરુ શ્યામ, હિસાબ ચોખ્ખા કરી.
મટાડી બોજો લેણદેણનો, દયા દિલ આણી;
દેવારામ પર દયા કરી, લખ ચોરાસી ટાળી.

## ભજન (રાગ–ચાબખાનો)

દિવાળી આવે ને જાવે, અમૂલ્ય આયુષ્ય લઈ જાવે;
રહ્યા ફુલાઈને અજાણ્યે, ગાફેલ ગોથા ખાવે ...ટેક.
તૂટી ગયું જીવન ચોપડાનું, જે આયુષ્યરૂપી પાનું;
માનવ દેહનું આયુષ્ય, જાય છે છાનુંમાનું.
વિચારી જુઓ મેરે ભાઈ, ચારિત્ર ચોપડામાંહે;
નફો કર્યો કે ખોટ ખાધી, વિચારો જરા મનમાંહે.
સરવૈયું કાઢ્યા વિના, ખબર ન પડે હાંસલ કે ખોટમાં;
ઉધારિયો ધંધો કરતા, જીવન ગયું ખોટમાં.
મહેતાજી ધારો સદ્‌ગુરુ જેવા, રાખે હિસાબ સાચો મેળ;
હાંસલ બતાવે આ જીવનની, તો આનંદ લીલાલહેર.
સત્ કમાણી સદ્‌ગુણ કેરી, થઈ સદ્‌ગુરુની મહેર;
અવગુણ ટળ્યા અવિદ્યાના, મટ્યું વિષયનું ઝેર.
દેવોએ દિવાળી ઉજવી, અવધપુર આનંદમાં;
સર્વ થયા તદાકાર, પ્રગટ રામ સ્વરૂપમાં.
દેહ અયોધ્યામાં દેવ અવિચળ, ઓળખે સંત કોઈ;
દેવારામને ગુરુ મળિયા, પ્રગટ સ્વરૂપે સોઈ.

## કક્કો - ભજન  (રાગ–જેસલ કરી લે વિચાર)

કક્કા કર આત્મ વિચાર, તો સમજાય સાચો સાર;
મટે જન્મ મરણનો માર, પછી ભય નહિ લગાર;
ઈ નર ખેલે નિરાધાર, કક્કા કર આત્મ વિચાર.
ખ ખા ખોજી લે દેહ મંદિર, કરી દ્રષ્ટિ તેમાં સ્થિર;
દર્શન કરી લે અખંડ દીદાર, પામે આનંદ લહેર અપાર;
જ્યાં ઝળહળ જ્યોત સુંદીર, ખ ખા ખોજી લે દેહ મંદિર.
ગ ગા ગરજ ગુરુની રાખો, ખોટું સર્વે મનથી ત્યાગો;
સંગ સજ્જનનો સદા રાખો, જીવનરાહ બની જાય પાકો;
પછી જ્ઞાન ગંગાજળ ચાખો, ગ ગા ગરજ ગુરુની રાખો.
ઘ ઘા ઘરમાં ઈ છે ઘમસાણ, તે છે સોહંપદની સાન;
સુરતા ધરો નુરત માંહી, નિશદિન પોતે પોતાને ગાય;
ઈ છે અવિનાશી શ્યામ, ઘ ઘા ઘરમાં ઈ છે ઘમસાણ.
ચ ચા ચિત્તમાં લે ધારી, તો ઉઘડે પંદરમી બારી;
સામા ઊભા દેવ મુરારિ, કરી લે તું દર્શન ભારી;
જેની કળા અપરંપારી, ચ ચા ચિત્તમાં લે ધારી.
છ છા છેદ ઉડાડી જો, વેદથી અગમ દરશે ભોમ;
કળા અકળ દર્શાય તો, ગુણ માનજે ગુરુજીનો તો;
સદ્‌ગુરુ મળે અનહદ હો, છ છા છેદ ઉડાડી જો.
જ જા જાણવા જેવી વાત, ગુરુ વિના નહિ સમજાય;
જે બને ગુરુજીનો દાસ, ગુરુ બતાવે અગમ વાત;
મટી જાય માયા કેરી લાત, જ જા જાણવા જેવી વાત.
ઝ ઝા જો ઝટપટ જાગી, ગુરુપદમાં લગની લાગી;
માયા સર્વે જાય ભાગી, સદા રહેવું થઈ અનુરાગી;
મૂંઝવણ મનની જાય ભાંગી, ઝ ઝા જો ઝટપટ જાગી.
ટ ટા ટાઇમ છે થોડો, સત્સંગ મેલી બીજે કાં દોડો ?
ગુરુએ બતાવ્યો સુરતાનો દોરો, તેમાં ચિત્તને જોડો;
મન હરદમમાં જોડો, ટ ટા ટાઇમ છે થોડો.

ઠ ઠા ઠાલો કાં રખડ ? જેમાં માયાની છે ભેખડ;
પડતા નહિ લાગે વાર, અંતે થાઈશ તેમાં ખુવાર;
માટે કર ગુરુગમ ગ્રહણ, ઠ ઠા ઠાલો કાં રખડ?
ડ ડા ડાહ્યો થઈને ચાલ, કીધું ગુરુજીનું માન;
નહિ તો જમડાં ઝાલશે કાન, પછી થઈ જાઈશ બેહાલ;
ત્યારે ભૂલાશે સર્વે ભાન, ડ ડા ડાહ્યો થઈને ચાલ.
ઢ ઢા ઢોલ વગાડી કહ્યું, આયુષ્ય જાય છે વહ્યું;
ચેતી જા ચિત્તમાં વહેલું, સુધરી જાય તારું હૈયું;
મન રાખ નામમાં પરોવ્યું, ઢ ઢા ઢોલ વગાડી કહ્યું.
ણ ણા રણુકારનો થા રાગી, ભ્રમણા જાય તારી ભાંગી;
જેની સુરતા શબ્દમાં લાગી, તે બની ગયા બડભાગી;
બની જા આઠેય પહોર એકરાગી, ણ ણા રણુકારનો થા રાગી.
ત તા લગાડી દે તાળી, સદ્‌ગુરુ મળિયા વનમાળી;
તેણે બતાવી સોહં બારી, નિજ જ્યોતિ ઝળકે સારી;
સદા મટે રેન અંધારી, ત તા લગાડી દે તાળી.
થ થા ગુરુપદમાં સ્થિર થાય, જ્યાં અજંપા જાપ જપાય;
ત્રિકુટી મહેલની માંય, ઝળહળ જ્યોતિ તો દર્શાય;
એ રહે તુરીયાપદની માંય, થ થા ગુરુપદમાં સ્થિર થાય.
દ દા દેહ દેવળની માંય, આત્મારામ રહ્યો દર્શાય;
એકવીસ હજાર છસો સાથ, શ્વાસો શ્વાસની ટંકશાળ;
શબ્દ નાદરૂપે સંભળાય, દ દા દેહ દેવળની માંય.
ધ ધા આ ધર્મને જાણ, મટે સર્વે તાણાવાણ;
થાય સાચી તો ઓળખાણ, ઈ છે હીરા મોતીની ખાણ;
સુરતા તેમાં લગાડ, ધ ધા આ ધર્મને જાણ.
ન ના નામ નક્કી કરી જાણ, નામ વિના સર્વે મોકાણ;
નામ એ ગુરુ, ગુરુ એ નામ, મટાડી તેણે તાણાવાણ;
અનુભવથી થાયે ભાન, ન ના નામ નક્કી કરી જાણ.

પ પા પાય ગુરુને પડો, દુર્જનથી કદી ન ડરો;
ભક્તિ ભાવથી ઉરમાં ધરો, ફોગટ જગતમાં શું ફરો;
ફિકર પ્રપંચને પરહરો, પ પા પાય ગુરુને પડો.
ફ ફા ફોગટ તે શું ભટકો, દો દિનનો છે આ ચટકો;
મિથ્યા માયામાં શું લટકો? એ આવરણમાં કદી ન અટકો;
તો લાગે ભક્તિનો ચટકો, ફ ફા ફોગટ તે શું ભટકો.
બ બા બહુનામીનું શહેર, જેમાં વસે છે છેલ વછેલ;
કરી લે તેની સાથે ખેલ, તો થઈ જાય લીલાલહેર;
ગુરુએ બતાવી નિર્ભય લહેર, બ બા બહુનામીનું શહેર.
ભ ભા ભીતરમાં ભરપૂર, નીરખી લે હાજરાહજૂર;
જાણવા જેવું છે ઈ નૂર, મટી જાય માયાનું પૂર;
જેમાં વરસે અખંડ નૂર, ભ ભા ભીતરમાં ભરપૂર.
મ મા માયા મનની જાણ, જાણવા જેવી છે અજાણ;
તે છે અનુભવી ઓળખાણ, ત્યાં ઘમંડ રહે ન કાંઈ;
સુરતા શબ્દમાં લગાડ, મ મા માયા મનની જાણ.
ય યા યાદ કર ગુરુનું નામ, જેથી થાય પૂરણ કામ;
મીટે આવરણ તમામ, ગુરુ પૂરે હૃદયની હામ;
રટણા રટી લે નિજનામ, ય યા યાદ કર ગુરુનું નામ.
ર રા રટણ કરો દિન રાત, બીબે પડે બીજી ભાત;
ગુરુએ બતાવી સાચી વાત, તેમાં તું ચિત્તને રાખ;
અસત્ય કદી નવ ભાખ, ર રા રટણ કરો દિન રાત.
લ લા લખ ચોરાસીની ખાણ, જીવ દુઃખમાં તાણાવાણ;
સદ્‌ગુરુ મળે તો મિટે તાણ, નહિતર ખોટી થાશે હાણ;
ભજી લે ભાવ કરી ભગવાન, લ લા લખ ચોરાસીની ખાણ.
વ વા વાત છે એવી ખાસ, ઈશ્વર વસે તારી પાસ;
જે બાવન અક્ષર બહાર, સમરી લે હરદમ શ્વાસો શ્વાસ;
મટી જાય સર્વે ઉત્પાત, વ વા વાત છે એવી ખાસ.

સ સા સરસ્વતી પ્રગટે સૂર, રોમરોમ પોતે ભરપૂર;
ગાય ગુણાતીત નિત ગુણ, નિર્ગુણ અંતર વરસે નૂર;
કહે સંત શબ્દ સનૂર, સ સા સરસ્વતી પ્રગટે સૂર.
શ શા સાન ગુરુની સાચી, સમજ્યા પછી મેલે નહિ પાછી;
જેમાં મોક્ષની છે ચાવી, ખોલી બતાવે અંતર્યામી;
તે પદમાં કાયમ રહો રાચી, શ શા સાન ગુરુની સાચી.
ષ ષા સોહંપદ નિર્વાણ, હર દમેદમ ગાઓ ગાન;
રાખો મૂળ વચનમાં ધ્યાન, ઓહંગ સોહં એકતાર;
છે નિર્વાણપદની ભાન, ષ ષા સોહંપદ નિર્વાણ.
હ હા હરદમ પદની માંય, લોહ લગન લે લગાય;
શ્વાસ ઉશ્વાસે આવે ને જાય, તે તો શૂન્યમાં જઈ સમાય;
ઈ છે સાચી યોગ કમાઈ, હ હા હરદમ પદની માંય.
ળ ળા તે અક્ષરાતીત કહ્યો, ગુરુગમ જ્ઞાનીએ ચિત્તમાં લહ્યો;
મન બુદ્ધિ પામે નહિ પાર, તે પોતે તે નિજનામ નિરાકાર;
અક્ષરધામ તેને લહ્યો, ળ ળા તે અક્ષરાતીત કહ્યો.
ક્ષ ક્ષા અક્ષર અખંડ ધાર, જે વિના નહિ ઠાલું ઠામ;
સદ્‌ગુરુએ બતાવ્યું નામ, ઠામે ઠામમાં આતમરામ;
ગુરુગમથી થઈ સાચી ભાન, ક્ષ ક્ષા અક્ષર અખંડ ધાર.
જ્ઞ જ્ઞા જ્ઞાનગંગામાં સ્નાન કરી, મટી માયા નિર્મળ થઈ;
અક્ષર સર્વે પૂરા કરી, ગુરુ હરીરામે દયા કરી;
દાસ દેવારામની અવિદ્યા ટળી, જ્ઞ જ્ઞા જ્ઞાન ગંગામાં સ્નાન કરી.
સંવત-૨૦૪૩ ની સાલ, વૈશાખ સુદ-૧૪ ને મંગળવાર;
સર્વે સંતો મળીને સાથ, દાસ દેવારામના દીન દયાળ.
સદ્‌ગુરુ મળિયા હરજીવનરામ, જેણે બતાવ્યું મોક્ષનું ધામ;
મધ્યે ભેડાપીપળિયા ગામ, સર્વે સંતો લિયે વિશ્રામ.
કરી કરુણા અપરંપાર, કક્કા લખાવ્યા પૂરણ પ્રકાશ;
ભૂલચૂક સર્વે કરજો માફ, સંત ચરણમાં કરું પ્રણામ.
બોધ ગુરુ લાભેશ્વરનાથ, ઉગમ સાહેબે ઝાલ્યો હાથ;
મૂકશો નહિ જુગોજુગ સાથ, દાસ દેવારામના પ્રાણ આધાર.

## સુદ તિથિ ભજન (રાગ - ગગન ગઢ રમવાને હાલો)

સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો, નિત નિત દર્શન દેજો;
સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો ...ટેક.
સખી પડવે પ્રીતું જાગી, હું તો ગુરુમુખ જોવા જાગી;
મારા તનડામાં તાળી લાગી, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી બીજે બહુનામી મળિયા, અતિ ઉમંગે દર્શન કર્યા;
રેલિયા હવે આનંદના દરિયા, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી ત્રીજે ત્રણગુણ ટળિયા, જઈ તુરિયાતીતમાં ભળિયા;
સત્ય જ્ઞાનના પ્રકાશ પડિયા, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી ચોથે ચાર વેદની આગે, ધૂન એની અહોનિશ લાગે;
ઝીણીઝીણી મોરલિયું વાગે, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી પાંચમે પાંચ તત્ત્વ માંહી, ખેલે આપે અંતરયામી;
સુરતા મારી એમાં જામી, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી છઠ્ઠે ખટશબ્દ માંહી, મન દ્રઢ થયું તે માંહી;
હું તો હરખી હરદમ માંહી, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી સાતમે ચિંતા છોડી, હું તો ગુરુચરણે દોડી;
ભાવથી બની છું હું ભોળી, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી આઠમે અલખ પુરુષ એવા, વર્ણવી શકાય નહિ એવા;
એને અનુભવથી જોયા, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી નોમે નિશાન જેના ગાજે, સુરતા જો એમાં લાગે;
વાજા અનહદના વાગે, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી દશમે દીદાર પાયા, સદ્‌ગુરુરૂપે દર્શાયા;
જે નથી કોઈના જાયા, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી અગિયારસે ઉનમુન ધ્યાના, પીધા મેં તો પ્રેમના પ્યાલા;
નૈનથી નીરખ્યા વાલા, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી બારસે બાવનબારા, અખંડ ફરે બે પારા;
મટ્યા મારા ચિત્તના ચાળા, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.

સખી તેરસે ત્રિકુટી ખોલી, ભરી મેં તો અનુભવની જોળી;
હું તો ભાન દેહનું ભૂલી, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી ચૌદશે સોહંપદ માંહી, આઠે પહોર રઢ રહી લાગી;
હું તો મોહ નિદ્રાથી જાગી, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.
સખી પૂનમે પરમ પદવી પામી, જોયા મેં હરજીવન સ્વામી;
દેવારામની બાવડી જાલી, સદ્‌ગુરુ મારી સનમુખ રહેજો.

## વદ તિથિ ભજન (રાગ–સ્વયંવર સદ્‌ગુરુજીના)

એવી તિથિ ગાઈએ ગુરુગમ જ્ઞાનથી, સમજવા સત્યજ્ઞાનનો સાર;
દિન ઉગેને દિન આથમે, લેવું હરિગુરુનું નામ ...ટેક.
એવા એકમે અલખને આરાધીએ, જોઈ હરિગુરુનું રૂપ;
મિટે પ્રપંચ પંચ વિષયનો, એવો આ ખેલ અનુપ.
એવા બીજે સમજીએ બીજ ધર્મને, સ્વામી સેવક ભાવ;
સેવક બની સદ્‌ગુરુદેવના, જપીએ અજંપાના જાપ.
એવા ત્રીજે ત્રણ ગુણ મિટાવીએ, ત્રિગુણાતીતની માંય;
સુરતા રાખી નિજનામમાં, નિરંતર રૂપ દર્શાય.
એવા ચોથે ચાર વેદના સારને, સમજીએ નિજનામની માંય;
ગુરુગમ સૂક્ષ્મ વેદમાં, સોહંપદ સાર સમજાય.
એવા પાંચમે પાંચ તત્ત્વના દેહમાં, જેનો વસી રહ્યો છે વાસ;
અનુભવ દ્રષ્ટિથી ઓળખીએ, પોતે પોતાની પાસ.
એવા છઠ્ઠે રે સેવીએ સદ્‌ગુરુદેવને, હર દમેદમની માંય;
કરુણા મહેર ગુરુદેવની, સહેજે પાર પહોંચાય.
એવા સાતમે સત્ય સ્વરૂપમાં, સદાય રહેવું સમાય;
ભટકવું ન પડે પછી ભવમાં, એવો ગુરુ સેવ્યાનો મહિમાંય.
એવા આઠમે અષ્ટ સિદ્ધિ સહજમાં, ગુરુકૃપાએ પમાય;
એવી રિદ્ધિ ને સિદ્ધિ ગુરુચરણની, દાસી રે કહેવાય.
એવી નોમે નવ દ્વારની વાસના, ગુરુકૃપાએ બુઝાય;
આવરણ આવે નહિ અવિદ્યાના, બ્રહ્મવિદ્યા સમજાય.
એવા દશમે દીદાર પામિયા, આનંદ થયો છે અપાર;
વાજા વાગે રે નાદ બ્રહ્મના, આનંદ મંગલ વરતાય.
એવા અગિયારસે અભે પદ પામિયા, ભય ભ્રમણા મિટાય;
એવા નિર્ભયપદમાં મહાલતા, આવાગમન મિટાય.
એવા બારસે બહુનામી રૂપમાં, મન ગયું સમાય;
એવું આવરણ ટળી ગયું અજ્ઞાનનું, આતમરૂપ દર્શાય.
એવી તેરસે તૃષા છીપાઈ ગઈ, નીરખી ગુરુજીનું રૂપ;
જોતા હરખી રે સદ્‌ગુરુ શ્યામને, બની સ્વરૂપે તદ્રૂપ.

એવા ચૌદશે ચતુર્ભુજ ધારીને, જોયા રજેરજની માંય;
ઠાલું ઠામ કોઈ દીસે નહીં, વ્યાપકરૂપે દર્શાય.
એવા અમાસે અદ્વૈત સિદ્ધિ પામીયા, દ્વૈતના પડદા ચીરાય;
દાસ દેવારામ ગુરુ સ્વરૂપમાં, જઈને રહ્યા સમાય.

## બારમાસ - ભજન (રાગ–જેસલ રચિયો મહામંડપ આજ)

જીવડા તું તારો કરી લે વિચાર, આ વખત વયો જાય છે રે;
એવા જોત જોતાની માંય, બારમાસ પૂરા થાય છે રે ...ટેક.
જીવડા કારતકે કર્યો નહિ વિચાર, ભજ્યો નહિ ભગવાનને રે;
સમજ્યો નહિ સંતની સાન, જીવન જાય છે અભિમાનમાં રે.
જીવડા માથે છે મરણ કેરો માર, પકડશે પલવારમાં રે;
કરી લે ઉગરવાનો ઉપાય, હજી બાજી છે હાથમાં રે.
જીવડા માગશરે જો મનમાંય, સમજ સંતની સાનમાં રે;
કથા કીર્તન સમરણ સાર, રહેજે હરિના ધ્યાનમાં રે.
જીવડા એ જ છે સાચો ઉપાય, કહું છું તને કાનમાં રે;
સેવી લે સદ્‌ગુરુનું શરણ, ભટકણ મટે આ ભવમાં રે.
જીવડા પોષે પૂરણ બાંધી પ્રીત, સદ્‌ગુરુના નામમાં રે;
એકપલ ખાલી નવ જાય, અખંડ શ્વાસો શ્વાસમાં રે.
જીવડા જપી લે અજંપા જાપ, તપીશ નહિ તું તાપમાં રે;
એવો આ ગુરુ નામનો પ્રતાપ, કર્મ છૂટે એકપલમાં રે.
જીવડા મહા મહીને મહાપદમાંય, સદા રહેવું ગુલતાનમાં રે;
આનંદ પ્રગટે અંગમાંય, વાજા વાગે એકતારમાં રે.
જીવડા ભૂલાય આ દેહનું ભાન, અખંડ નાદબ્રહ્મમાં રે;
એવા આનંદ ઓચ્છવ થાય, ગુરુજીના ધામમાં રે.
જીવડા ફાગણે ખીલે ફૂલ, અનુભવ જ્ઞાનના રે;
સુગંધ બહેકે અપાર, આ જીવન બાગમાં રે.
જીવડા ભમર કરે ગુંજાર, ગુરુના સ્વરૂપમાં રે;
ભૂલી સર્વ જંજાળ, તદ્રૂપ રહે એકરૂપમાં રે.
જીવડા ચૈત્રે સમર્પણ થા, ગુરુના ચરણમાં રે;
ઉગારે જે આવી આ વાર, બૂડતાં ભવસાગરમાં રે.
જીવડા કરુણાસાગર કિરતાર, બેસાડે એના નાવમાં રે;
સહેજે ઉતારે પાર, દયા સાગર દેવતા રે.
જીવડા વૈશાખે પ્રગટે વૈરાગ, ગુરુ ભક્તિ ભાવમાં રે;
સુરતા રાખી અખંડ, મગન રહેવું મનમાં રે.

જીવડા તો જીવપણું જાય, સમાય શિવ સ્વરૂપમાં રે;
શ્વાસ ઉશ્વાસ એકરૂપ, ચંદ્ર સૂર્ય એક ઘરમાં રે.
જીવડા જેઠે જગજીવન જણાય, શૂનમાં દરશે સામા રે;
રહે નહિ જીવપણાનો જંજાળ, આનંદ આઠે પહોરમાં રે.
જીવડા શમી ગયા મન વિકાર, અજવાળા થયા ઉરમાં રે;
ધન્ય ધન્ય મારા સદ્‌ગુરુદેવ, અખંડ પ્રગટ્યા ઉરમાં રે.
જીવડા અષાઢે રહું અખંડ, વૈરાગ્યની વાટમાં રે;
શું કરું મારા વાલાના વખાણ, અરૂપી છે આ ઘાટમાં રે.
જીવડા એવા ત્રિગુણાતીત, અલખ સ્વરૂપ આપમાં રે;
એને વાણીથી વર્ણવી ન શકાય, અનુભવે આવે ધ્યાનમાં રે.
જીવડા શ્રાવણે ચાર વેદનો સાર, સમજો સતનામમાં રે;
શાસ્ત્ર પૂરાણ પણ ગુણ ગાય, અણલિંગી નામના રે.
જીવડા તારણહાર છે એ નામ, ગુરુ સમજાવે સાનમાં રે;
જે ઘટોઘટની માંય, ગાજે શ્વાસો શ્વાસમાં રે.
જીવડા ભાદરવે રહેવું ભરપૂર, અખંડ ગુરુના નામમાં રે;
નામથી નામી ઓળખાય, સદ્‌ગુરુના રૂપમાં રે.
જીવડા ગુરુ ગોવિંદ છે એકરૂપ, જુદા ન જાણજે મનમાં રે;
એવું સમજી અનુભવ જ્ઞાન, રહો ગુરુના ચરણમાં રે.
જીવડા આસોએ અનંતરૂપે, જે બોલે ઘટોઘટમાં રે;
એની કરાવી ગુરુએ ભાન, સોહં શબ્દ બ્રહ્મમાં રે.
જીવડા જપતા અજંપાના જાપ, ઓળખાયો આપોઆપમાં રે;
વરતાયો આનંદ જય જયકાર, ગુરુજીના સ્વરૂપમાં રે.
જીવડા પુરુષોત્તમે ભેટ્યા પરિબ્રહ્મ, ગુરુ હરજીવનરૂપમાં રે;
દેવારામના પ્રાણ આધાર, મારો વાલો અનંતરૂપમાં રે.
જીવડા એમ ગાયા છે બારમાસ, ગુરુ સ્વરૂપના ધ્યાનમાં રે;
જે કોઈ ગાશે ધરીને ભાવ, ગુરુ ઓળખાશે તેને આપમાં રે.

## અપદ્યાગદ્ય

## કળજુગમાં સતજુગ વર્તાવ્યો - અપદ્યાગદ્ય

કળજુગમાં સતજુગ વર્તાવ્યો, કાઢી પ્રપંચ પાખંડ અપાર;
બંધનમાંથી મુક્ત કરાવ્યા, કેમ ભૂલીએ સર્જનહાર?
છો અનામી ગુરુદેવ આપ, નામ રૂપે કરો છો વિલાસ;
દેહથી અગમ વિદેહથી એક, નહિ કદી નાશ.
જુગેજુગમાં આગે હો, કરવા ઉજ્જવળ કામ;
અનેક અવતાર ધરીને, બનાવ્યું બાંદરા ધામ.
અવતારે અવતારમાં અનેક ઓધાર્યા, પાપી કુકર્મી અપાર;
આ અવતારે આંક વાળીયો, પ્રગટ કરી પોકાર.
સદા ચરણમાં રાખી, ભૂલવશો નહિ આપનું ભાન;
એ જ અરજ છે અમારી, આપજો સદા એની એ સાન.
વિનંતી વેળાએ આવજો વાલા, કરવા દાસની સહાય;
પૂર્ણ સ્વરૂપે પ્રગટી, બાકી ન રાખો કાંઈ.
તમથી ક્યાં અજાણ્યું છે, છો અંતરજામી આપ;
પૂરણ પાત્ર બનાવવા, માંગુ છું મા બાપ.
માંગી વસ્તુ મળે નહીં, રાંક થઈ શું રહેવું;
ધાર્યું હોય જે તમે તમારા મનમાં, તે આપી દેવું.
બાળક છું હું તમ તણો, નહિ બીજાનો થનાર;
પૃથ્વી આકાશ ભલે ભેગા થાય, તોય તમ તણો આધાર.
અરજ સુણી અલબેલા, સુરતામાં રાખો સદાય;
એક સ્વરૂપે માન્યા હોય તો, મુકશોમાં અમારી બાંય.

## અપદ્યાગદ્ય

સમજાયો સાનમાં, ગુરુગમ જ્ઞાનમાં;
જણાયો આપમાં, સદા ધ્યાન ગુરુચરણમાં.
સદા ગુરુચરણ સેવવા, પ્રેમને પ્રગટાવવા;
મોહને મટાડવા, તૃષ્ણા છોડાવવા.
હરદમ લેહ લગાડવા, પ્રીતેથી પામવા;
જા દાસ દેવા, મસ્તક નમાવવા.
ભયને ટાળવા, અભયને પામવા;
જા દાસ દેવા, ગુનાથી છૂટવા.
છે સુખ સવાયા, દેવાએ ગુણ ગાયા;
હૃદય પલટાયા, આનંદ ઉર આયા.
મટી આ માયા, પણ ગુરુચરણ મે સીધાયા;
સંશય સમાયા, અનહદ લેહ લાયા.
જો ગુરુગુણ ગાયા, પલ મે માર્ગ પાયા;
દાસ દેવાને સમજાયા, ગુરુ હરીરામે ભેદ બતાયા.
પાછા કેમ મન પલટાયા,જાણું છતાં ગોથા ખાયા;
બૂડતાને બચાયા, સદા સદ્ગુરુ કી છાંયા.
રહુ સદા એક ધ્યાના, ગુરુગમ જ્ઞાન પાયા;
માંગુ છું એ જ લાભને સદા, થાય નહિ ખુવારી સમજણ સમજાયા.
માંગુ માંગુ બેભાના, ગુરુગુણ અવગુણ સમાવી લેજો દયાળા;
દુઃખ ન થાય અપમાના, સદા રહે સ્વરૂપ ધ્યાના.
અતિ દુષ્ટ દુશ્મનો ભરાયા, તેણે ફજેત કરી ફસાયા;
થઈ સહાય ગુરુએ બતાયા, જા સાગર પાર તરંગો સમાયા.
તરંગ પાણી નહિ જુદા, સમજાયા મહા મુદા;
દ્રષ્ટિ ભેદ છે જુદા, ઈશ્વર એ જ ખુદા.
તેને કોણ પાડે જુદા ?, અગ્નિને અંગાર નામ છે જુદા;
લી.દાસ દેવા ગુણ અભેદા, ગુરુ હરીરામની મહેરથી મટી જાય વાદ વિવાદા.

## અપદ્યાગદ્ય

જુઓ સંસારનો રાહ, ઘડીએ ઘડીએ પલટાય છે;
પવન વાયા કરે છે, નોખી નોખી દિશામાં તે જાય છે.
હવે ઠેકાણું મળ્યું ઠીક, જગપતિ જગદીશનું;
કૃપા કરી સદ્‌ગુરુ દેવે, આપી શુભ આશિષ.
વનસ્પતિ ઉઝેરવા, પાયું અમૃત નીર;
સિંચન કરતા ચુકે નહીં, ફળ પાકે ધીર ગંભીર.
તે અમરફળ મોક્ષનું, જેનો સ્વાદ અનેરો હોય છે;
દયાળુની દયા થકી, સંસારમાં તે ફળ ખવાય છે.
કરો ધંધા હજાર, નિશાને ધ્યાન રાખી;
રટો નામ નિશદિન, પળેપળ સુરતા રાખી.
કમાવું ધન લાખ કરોડ, નીતિ ધર્મ આધીનતા રાખી;
ભાવ ભજનમાં ભરપૂર રહો, દયા ધીરજ દિલમાં ધારી.
તો ખોટ આવે નહિ કદીએ, દિન દિન સવાયા હોય;
ગુરુચરણને ચૂકે નહીં, તે દિલમાં દુઃખી ન થાય.
શ્વાસો શ્વાસે મહેનત કરતા, ઘણી ઘણી કમાણી થાય;
સુરતાએ સાધો સાધના, પળપળ દર્શન થાય.
દર્શન પામતા પ્રગટે દીવડા, પ્રકાશ તણો નહિ પાર;
આનંદના ચડે ઉછાળા, હયડું ઘણું હરખાય.
તે હરખમાં હરિગુરુ હાજર, રહે સદા સનમુખ;
વિશ્વમાં વિસંભર દેખાય, તે ગુરુકૃપાનો પ્રતાપ.
ગુરુકૃપા તબ મિલે, જો રહે નામમાં નિશ્ચળ;
દેવારામ તે સ્વરૂપને પામતા, નડે નહિ માયા કી છાંય.

## અપદ્યાગદ્ય

નાથ નિવાજ્યા દયા લાવી, પૂર્વ તણી રીતે;
બાળ તાર્યા આ બિલાડી કેરા, બાળ તે ભક્તિની પ્રીતે.
સર્વ વ્યાપક પ્રભુ હતા, તો કેમ ન કરી વાર;
સાધન વિના સેવતા, ઉપાય ન મળે આ વાર.
ગુરુ મળ્યા ઉપાસના તણાં, રાખ્યા નાવાધોવાની માંય;
બચવાની બારી મળે નહીં, કોણ કરે સહાય?
ધર્મ તણી કરી હાનિ, ટીલા તાણે લાંબા ભારી;
વસમી વેળાએ કોઈ નહીં, મુવા કમોતે ભારી.
સાન બતાવે પ્રભુ પોતે, સમજો વૈષ્ણવજન;
સદ્‌ગુરુ એવા ધારો, જાણે તમારું મન.
મનની જાણે તે સદ્‌ગુરુ, જેમાં નહિ કપટ કાંઈ;
નિરંતર નામ એક બતાવે, પ્રપંચ પરલે થાય.
હડિયા કાઢી હરી લેતા, સેવકતણું ધન;
પાપની મૂડી પાણીમાં ગઈ, સમજો વૈષ્ણવજન.
ધર્મ ત્યાં કર્મ નહીં, નહિ પાપનો લેશ;
નિંદાથી ન્યારા રહો, એવો ધર્મ પાળો હંમેશ.
તો બચવાની મળે બારી, વાસના નાખો બાળી;
દેહાપુરીથી પાછા વળો, મનને નાખો મારી.
આગુની રીતે ધર્મ પાળો, તેંત્રીસ ગયા સિદ્ધિ;
ખાન પાન સર્વે છોડી, નિજ ધર્મની વાત લીધી.
નિજ ધર્મે અનેક સિધ્યા, જેની પ્રગટ નિશાની;
મેઘ તણાં જળને ગગન ચડાવવા, આડી વાડ શેની?
ખરું બાનું સદ્‌ગુરુતણું, આવી ઊભું રહે ટાણે;
કેમ ભૂલીએ સદ્‌ગુરુને, વિંધાણા જે સદ્‌ગુરુ બાણે.
મેરું વડેરા ડુંગરા, ધરતીથી વડેરો હોઈ છે;
આશ નહિ તે દાસને, ભલે વરસે બારે મેહ.
સર્વ ક્રિયા સદ્‌ગુરુ હદમાં, નહિ તેથી બારી;
ઓળખો એ સદ્‌ગુરુદેવને, બતાવે બચવાની બારી.
ઉગારામે ઉગાર્યા, આ દલ મારું જાણે;

કોને કહું કોણ માને?, વાતુ વંચાશે ઈ ટાણે.
જુગ પલટે જાય નહીં, નિજ ધર્મની સાન;
સદ્‌ગુરુની કૃપા વિના, સમજાય નહિ સાન.
અનંત જુગથી કહેતા, આવે જ્ઞાનીજન;
કમાય વિના કેમ સમજે, હરાયું મન.

<u>**અપદ્યાગદ્ય**</u>

પ્રીતમજી પાતાળે પોઢ્યા,સાગરમાંય;
ઉછળે નીર મેઘ તણાં,ગંભીર નીર કીધા ત્યાંય.
આનંદ મારા ઉરમાં ઉમટ્યો આજ, ભેદ્યું હૃદય મારું સુધાર્યા સર્વે કાજ;
કાજ સુધારી કૃપા કરી મટાડી માજમ રાત, એવા પ્રકાશ થયા દિલમાંહે.
ડહાપણ ન રહ્યું કોઈનું એવું કર્યું કામ, વિચારે નર નારી કહાં આપણું ધામ;
જોઈ રહ્યા મુનિવર હરદામે હોઈ જો રામ, કીધી કરુણા કેશવ તમારા કામ.
ઉછળ્યા નીર નવે નાડીના,દબાવવા દશમી સુરતા સૂક્ષ્મણા ધાર;
મલિન વાસના તબ મીટે, દમેદમ ગુરુ પધરાવ વારંવાર.
મન મીટે તો માન મટે, નહિ તાણાવાણ, એક નામમાં લીન રહે;
અહોનિશ આનંદ અપાર, રોમેરોમમાં લાગ્યો રણકો.
આદિ અનાદિ એક હે, પરખે પુરુષ પુરાણ,પલમાં પરચો બતાવ્યો;
વેદ શાસ્ત્ર પ્રમાણ,ઝાડ પાન સર્વેમાં પોતે, જેવા છે તેવા રૂપે.
ચૈતનરૂપે સર્વમાં વ્યાપક, નાખે નહિ ભવ કૂપે;
તેને જાણવા સૌ મથે, મથે સુરીજન મુનિજન સંત
સદ્‌ગુરુની સાન સમજ્યા વિના, નહિ આવે અંત.
મથી મથી થાકી ગયા, કોઈ કોઈ પામ્યા પાર;
સેવ્યા જેણે સદ્‌ગુરુને, જેને અહોનિશ આનંદ અપાર.
આનંદ મારા ઉરમાં, લેર છૂટે વારંવારે, ગદ્‌ગદ કંઠે ગાજી રહ્યો;
સૂક્ષ્મ લખ્યો આ સાર, માન્ય કરજો મોરારિ.
મે શું લખું અજ્ઞાની બાળ, છોટી મતિ બિચારી;
હરિ મળ્યાને હેત વધ્યું, પલમાં થઈ ઓળખાણ.
અજ્ઞાન સર્વે દૂર કર્યા, મટી તાણાવાણ;
ભે મટાડી ભૂધરા, તમે આ ભવમાંહી.
શું વખાણું વિવેક કરી, નહિ કોઈ સ્વરૂપમાંહી;
સર્વે સ્વરૂપ આપના, આપ તો ન્યારા સદાય.
સર્વે માયા આપે રચાવી, આપમાં નહિ માયા કાંઈ;
સમરણથી લિયો છો સૂધ, સેવક તણી સદાય.
હું ને મારું મટાડી, રહે હરદમમાંય;
મમતા મારી કેમ ટળે, મનડું મર્યું મેરામ, શામળા તારા સંગમાં

રંગમાં હું તો ભૂલી રે ભાન, ચિતડું મારું વ્યાકુળ થયું.
ના રહી શુદ્ધિ કે સાન, દિલ મારું ચોરાઈ ગયું;
કુટુંબે રોકી મારી વાટ, શામળા કુળ રે મારું ખોટું થયું.
શામળિયો જુવે વાટ, મોડું કેમ થયું ?
શું દઉં જવાબ, મનડું મારું મુંઝાયું.
રોકી મને પરવરતી નાર, મોઢું મે તેનું જોયું;
નિવૃત્તિએ દીધો સાદ, હિંમતમાં મન આવ્યું.
નિરખ્યા સ્વામી હરીરામ, જાળુ જંપી તો ગયું;
દાસી પર કરી દયા,આજ પ્રીતુ પ્રેમથી થયું.
દીધા પ્રેમના પ્રસાદ, ખાધા ખાંતે કરી;
મટી ભવની ભૂખ, પ્યાલી પ્રેમની ભરી.
જુવે દુરિજન લોક, દિલ એના દાજે;
સહાય કરે શામળો, દાસ તણા કાજે.
ટાળ્યા ટાળ્યા પૂર્વ જન્મના પાપ, સ્વામી આજે;
એવા ભણકારા વાગે દિન-રાત, નગારા નામનાં ગાજે.
શું કરું આપ કાજ, ભોજન તમ કાજે;
દાસી તણા ટાળ્યા દુઃખ, ભ્રમણા મારી ભાંગે.
કરી કરુણા કિરતાર, નિર્ભય બનાવ્યા નાથે;
કરું વિનંતી વારંવાર, દાસી (દિવારામ)ને રાખજો સાથે.

# અપદ્યાગદ્ય - ભેડાપીપળિયા ગામને બચાવ્યું.

હરિ ગુરુદેવને સમરિયે, પ્રથમ લાગુ પાય;
સમરે સુખ ઉપજે, આવી પકડી બાંય.
મુજ બાળને બચાવ્યો, ડૂબતા જળ માંય;
અકળ સ્વરૂપે આવ્યા, આપે કરી સહાય.
સમુદ્ર પાર કરવા, પથ્થરે બાંધી પાજ;
પથ્થર પેંખી જળમાં ફેંકે, જેમ તરે જહાજ.
અંતરિક્ષ આવી બચાવ્યા, આપેલ વચને આ વાર;
ઉછળતા પાણી ઉંચા ચડાવી, બચાવ્યા તારા બાળ.
પાળિયા વચન બાપજી, સેવકની લીધી સંભાળ;
પાણી વાળી ગામ બચાવ્યું, બાંધી વચનની પાળ.
મેઘરાજાએ કોપ કર્યો, ડુબાડવા સૌ જન;
વિનંતી સૂણી ચડ્યા શામળો, ઈ યાદ આવ્યું મન.
ક્રોધ કરી વરસ્યો મેઘ, કરું પ્રલયકાળ;
સદ્‌ગુરુ સામા ચડ્યા, બાંધી નામની પાળ.
રામ સ્વરૂપે રમણ કર્યું, કળી ન શકે કોઈ;
માનવ સૌ કહેવા લાગ્યા, આ સડકે બચાવ્યા સોઈ!
આવી અદ્‌ભુત લીલા તારી, જાણી કેમ જાય?
કર્તા છતાં અકર્તા, બાળ તારા સમજે, ઘણી અટપટે સમજાય.
કર્યું કામ કેશવ, આ જુગમાંય;
પ્રગટ પરચો પૂર્યો, ગામ પીપળિયા માંય.
સંવત સોળની સાલમાં, અષાઢ સુદ આઠમને શનિવાર;
મેઘ સામે યુદ્ધ કર્યું, રામ તમે રખેવાળ.
તારીખ બે સાત સાંઈઠના દિવસે, જળે વાળ્યો ડાટ;
ઉગતા પ્રભાતે કરી તી સહાય, આવી આડા બાંધી આ ઘાટ.
ગામથી પાણી છ ફૂટ ઉંચા, ચોકી કરે સદ્‌ગુરુ શ્યામ;
અરજ સાંભળી દેવારામની, કામ કીધા અમાપ.
જોઈ લ્યો જીવ જગતના, કોણ બચાવનહાર;
કોઈ કહે પ્રભુએ બચાવ્યા, કોઈ કહે સડકનો આધાર.

દાસ દેવારામ કહે ધણી ધાર્યો, તે આવ્યો આ વાર;
જળ પલટાવી કર્યો ઝપાટો, હરિગુરુ સર્જનહાર.
ઉગારામે રમત ચલાવી, ઉલટા ચડાવ્યા નીર;
ભક્તિ તણું બિરદ રાખવા, પ્રગટ પ્રગટ્યા ઉગડા પીર.

## અપદ્યાગદ્ય

જય જય ગુરુદેવ, જેણે મટાડ્યો સર્વ વહેમ;
સદ્‌ગુરુજીએ કરી મુજ પર મહેર, જેણે બતાવી અમરવેલ.
ગુરુજીના ગુણ નવ જાય કહ્યા, વેદ શાસ્ત્રોએ પગ પાછા લહ્યા;
રિજ્યા ગુરુજી કરી દયા, સદા શરણમાં લહ્યા.
એ ગુરુજી કેમ ભૂલાય, ગુરુશરણમાં લાગુ પાય;
જેનાથી પિંડના પ્રાયશ્ચિત જાય, પાપ કર્મ સમૂળા જાય.
ગુરુજીએ કરી કૃપાય, આવાગમનના ફેરા જાય;
બેર બેર માંગુ ગુરુરાય, આપ શરણમા રહું સદાય.
ગુરુજી છે સુખના ધામ, જેણે બતાવ્યું અમરધામ;
ઘટોઘટમાં છે એનો વાસ, એ વિણ નહિ ઠાલું ઠામ.
નામ રૂપે સદ્‌ગુરુ હોવે, સદા રટવું એનું નામ;
મિટે મિથ્યા દેહ અભિમાન, બની રહેવું ગુરુનો દાસ.
ભૂલ ભૂલવણીની ઘણી આટી, સમર્થ ગુરુ બનાવે માટી;
સદ્‌ગુરુ મળતા ન રહે આટી, સમજાણી ગુરુગમ સાચી.
શ્વાસ ઉશ્વાસના જાપ અજંપા, એકવીસ હજાર છસો ચાલે શ્વાસા;
તેમાં મનને સમાવી સદા, કર નિર્મળ તેમાં વાસા.
લાગી લગની નિજનામસે, સુરતા તેમાં પરોય;
હવે તૂટે નહિ તાર તેમાં, હરદમ આનંદ હોય.
સત્ સુરતાના દોરમાં, સદ્‌ગુરુ સામા સધીર;
શૂનમંડળમા સેજ બિછાવે, લાગી રહી શબ્દની ઠોર.
ત્રિકુટી મહેલમેં નિરંજન દેવા, આઠે પહોર નીરખી લેવા;
નાદ નોબતને વાગે નગારા, ભૂંગળના ભણકાર હુવા.
હલમસ્તાના ફરે હંમેશા, પીવે અમૃત, ભોજન મીઠા મેવા;
નહિ જગતમાં ફળ એ સમાના, આહાર કરે સદ્‌ગુરુના દાસા.
શેષ જેને વર્ણવી ન શકે, જેનો સ્વાદ અનેરો હોય;
સમજે સદ્‌ગુરુના બાળકો, આવાગમન ન હોય.
શોભા શું કહું સદ્‌ગુરુ શ્યામની, દેવારામથી કહી ન જાય;
સુરત નૂરતનો અગમ ખેલ, સદ્‌ગુરુથી જણાય.

## અપદ્યાગદ્ય

હે માતા એવો ક્યો ભાવ, પાકું મૂકી કાચું ખાવ;
લોક વચ્ચે નહિ ધામ, ગામ મૂકી સીમાડે જાવ.
માતા તમારું એવું હેત, કાચું ખવડાવી વછૂટે પેટ;
મુંઝાણા સૌ નર નારી, ઓસડ વાટી લપેટે પેટ.
હડિયું કાઢે નર નારી, બચવાની ગોતે બારી;
હિમેજ સંચળની આપે ગોળી, પી જાવ પાણીમાં ઘોળી.
થોડીવારે મટે પીડા, શીતળામાતા ભારે શીળા;
તારાથી બીવે નર નારી, મંગાળા ચૂલા ઠારી.
ટાઢું ખવડાવી તું રાજી, પણ માંદા પડે માનવી તારા;
શીતળા કહે હું ન જાણું, બાજી સબ હરિને હાથ.
વાંક કાઢે માનવી મર્યેથી, માર્યા ત્રિભોવનનાથ;
ભાવના એવી તમારી, મુજ દેવીને તમે બેસાડી.
ડરો છો પાછા તમે પણ, મુજને કોઈએ ભાળી?
ભ્રાંતિથી ભાગતા ફરે, શીતળાદેવી શું કરે?
રોગે ભરેલુ તમારું શરીર, માતાજી કેમ આવે ભેર;
સંભાળો તમારા પાપ પુન્યને, રાખો ભરોસો હરિ સે હેત.
એથી મોટું જગમાં કોણ, પ્રભુ સાથે કરો સ્નેહ;
આપ મતિના ધર્મો પાળે, શીતળાને પૂજે રૂની માળે.
રૂની ચૂંદડી ઓઢાડી માથે, કુલેર ખવડાવે કોરે ગળે;
ઘી નાખે આવતું જાતું, ડબરામાં બાંધે મારું ભાતું.
ધોળ ગાતી શીતળાએ જાય, ફાવે તેવી કરે વાતું;
ઘરે આવી લીપે ઉંબરું છાણે, આવી સાતમ આ ટાણે.

## અપદ્યાગદ્ય

ખોટી મનડાની આશ, ઉદ્યમ ઘણાં આદરે;
માને નહિ કહ્યા મન, અટકળે આથડે.
સત્ શબ્દની સાન અંતરમાંથી કાઢી, ખોળે ઠામોઠામ ડોટ્ટુ કાઢી;
મળે નહિ ક્યાંય શ્યામ, થાક્યો માથા કૂટી.
મળ્યું છે ભવ તરવા નામ, મનથી ગયો છે ભૂલી;
ચડી બેઠો પથ્થરને નાવ, ગયો ભવસાગરમાં ડૂબી.
કીધો ખળજનનો સંગ, ગુરુવચનને છાંડી રે;
અટવાણો જંગલ મોજાર, મળે નહિ મારગ ઊંડી ખાય છે આડી રે.
જે નામે તર્યા ધ્રુવને પ્રહ્લાદ, તે નામ નાખ્યું ખોઈ રે;
નામ વિનાના નુગરા, તેને શરમ ન હોય રે.
મારે ફાંફાં તીરથ ધામે, તે છે અધમમાં અધમ વેદ એમ ગાવે;
ગ્રહી સદ્ગુરુનું ચરણ, દેવારામ  ફેરો તો ફાવે રે.

## અપદ્યાગદ્ય

વિગત કરી લે સાચી વાતથી, મનુષ્ય દેહ ઓળખાશે...
આ અવસર છે ચેતી જાવાનો, નહિતર ઘોર અંધકારમાં જાશે;
મોહ નિદ્રામાં ઘણાં સૂતા, જાગે તે જાણી જાશે.
ઝટપટ જો હૃદયમાં, અવાજ ક્યાંથી આવે છે?;
અવાજ કરનારો શુદ્ધ ચૈતન છે, દેહ જેનાથી ચાલે છે.
તે સ્વરૂપ છે તારું, સદ્ગુરુથી ઓળખાશે;
ગુરુચરણમાં જાને જલ્દી, જીવન વયું જાય છે.
થાક્યા પછી કાંઈ ન બને, બાજી હાથથી જાય છે;
રાખ સુરતા સત નામમાં, જગજીવન ઓળખાશે.
આળસ કરી બેસી રહ્યા તો, જરૂર માર ખાશે;
સદ્ગુરુ શબ્દે લે વિચારી, અખૂટ ખજાનો ખોવાય છે.
સમરણ કરી લે શ્વાસ ઉશ્વાસે, મહાપાપ ધોવાય છે;
મોક્ષ નામની બારી મળી છે, જેથી પલમાં પાર પહોંચાય છે.
સદ્ગુરુ શ્યામ સન્મુખ ઊભા, ભય મુક્ત કરનાર છે;
દાસ દેવારામના પ્રાણ આધાર, મુક્તિ પદ પમાય છે.

## અપદ્યાગદ્ય

બધી ખોટને પોસાય, બાજી હરિ હાથની;
ન મળે સંત સમુદાય, તો કાયા શા કામની?
કીધો બાળક પોતાનો, બાંય ઝાલી હાથમાં;
લિયે સંભાળ પલેપલ, રાખી કાયમ સાથમાં.
ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ્યા, કરવા ઉદ્ધાર આપણા;
બતાવ્યો સત ઉપદેશ, કર્મને કાપવા.
જો જો સંત દયા અપાર, મટાડે ભટકણ ભવમાં;
ઉતારે ભવપાર, દયા લાવી ઉરમાં.
ધન્ય ધન્ય હરીરામ દેવા, કરુણા કરી અપાર દર્શન દેવા;
અદ્રશ્ય થયા ત્રણ દેવા, ભવસાગરની માંય ફરી અવતાર લેવા.
તે મટાડે છે કળજુગ, આગુતણી સાને;
તેને સમજે વિરલા સંત, ધર્મને ધ્યાને.
મેલી મમતા મન થકી, ધરવું એક જ ધણીનું ધ્યાન;
દાસ દેવારામ કહે સદ્દ્ગુરુ ચરણે, પ્રગટે ત્યારે મૂળ જ્ઞાન.

## અપદ્યાગદ્ય

સંત છે તરવાનું નાવ મારા હરિજનો, સંત છે ભવસાગર તરવાનું નાવ;
મન માને તો બેસી જાવ, ધરી હૃદયમાં ભાવ ...............................સંત છે.
ધ્રુવ અમરીશને મોરધ્વજ બેઠા, સીબીરાજા બેઠા રાખી પૂરણ ભાવ રે;
પૂરણ પ્રીતે પ્રહ્લાદ બેઠા, ન આણ્યો કદી કભાવ મારા હરિજનો ........સંત છે.
ગુરુકૃપાથી બેસો નાવમાં, ઉતરો સહેજ વારમાં;
સદ્દ્ગુરુ સુકાની સનમુખ ઊભા, રાખો ભરોસો ઉરમાં મારા હરિજનો ...સંત છે.
હરિચંદ્ર રાજા સતવાદી, સંસારનો છોડ્યો લહાવ;
રાણી સહિત ત્રણેય વેંચાણા, લીધો ભક્તિનો લહાવ મારા હરિજનો ....સંત છે.
ગુરુગમ જ્ઞાની રહે નિજ ધ્યાને, આઠે પહોર રહે આનંદમાં;
દાસ દેવારામ પર દયા કરી, ગુરુ હરજીવનરામે મારા હરિજનો .........સંત છે.

## અપદ્યાગદ્ય

સદ્‌ગુરુ મળ્યા એટલે કર્મ બળ્યા, થયું ઝાકમઝોળ;
અંધકાર સર્વે નાશ પામ્યો, પ્રગટી જળહળ જ્યોત.
સંશય સર્વે નાશ પામ્યા, કુબુધી ન રહે રજભાર;
અવિદ્યા કોઈ નડે નહીં, તે પામે ગુરુપદ અપાર.
સોહં સાનની સીડીએ, ચડતા આનંદ અપાર;
કળા તેની વર્ણવી ન જાય, કોટીક ભાણના પ્રકાશ.
ભક્તિપદની પ્રતીતિ, મન પામ્યું નિરંજનરૂપ;
સદ્‌ગુરુને સેવતા, મળ્યા સદ્‌ગુરુ ભૂપ.
ક્યા ગુણ ગાઉ મેં આપના? જેનો સરસ્વતી ન પામે પાર;
દાસ દેવારામ ગુરુ હરજીવનરામ પ્રતાપે, ગાય ગુરુગુણ અપાર.